
શ્રી લક્ષ્મીનારાયણ મંદિર

હિરક જયંતી મહોત્સવ




સંવત ૧૯૮૬

સંવત ૨૦૬૦

॥ સ્મરણિકા ॥

પ્રકાશક
શ્રી વિરાણી પાટીદાર સમાજ
વિરાણી મોટી, તા. નખત્રાણા, જી. કચ્છ-૩૭૦૬૬૫ ફોન : ૦૨૮૩૫-૨૨૨૫૫૫

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર
હિરક જયંતી મહોત્સવ



સંવત ૧૯૮૬

સંવત ૨૦૬૦

॥ સ્મરણિકા ॥

પ્રકાશક

શ્રી વિરાણી પાટીદાર સમાજ

વિરાણી મોટી, તા. નખત્રાણા, જી. કચ્છ-૩૭૦૬૬૫ ફોન : ૦૨૮૩૫-૨૨૨૫૫૫

રતનશી લધા, જીવરાજ ધનજી, રમેશભાઈ પટેલ,
નરેન્દ્ર પટેલ, ભરત પટેલ

શ્રી ઉમિયા ટ્રેડીંગ કું.

પાટીદાર સમાજ સામે, મુ.પો. વિરાણી (મોટી)
ફો.: (ઓ.)૨૨૩૬૯૮ (ઘ.) ૨૨૨૫૬૮
(મો.) ૯૮૨૫૭૬૯૨૯૨
૯૮૨૫૪૨૨૮૬૮, ૯૮૨૫૮૯૫૧૬૫

અનાજ
ખાદ્ય તેલ
તથા
સીંગદાણાના
હોલસેલ
વિક્રેતા

Kantilal Patel
Vithal Patel

Umiya Timbers

D-6, Phase Iv,
Extn. Ida Jeedimetla,
Hyderabad - 500 055
Ph.: 2397480

Govind Patel
Ratilal Patel

K. R. Patel & Co.

5-74/6b,ganesh Nagar,
Hmt Road, Chntal,
Hyderabad - 500 054
Ph.: 23082145 (M) 56545295

Bharath Patel

Satyam Timbers

Plot No. 141/b & C, Dommara Prochampally,
Gandimaisamma 'x' Road, Hyd. - 500043,
Ph. : 23190574, 98852 90574

N. R. Patel

Pooja
Plywood Centre

5-124, Chintal,opp. Sha Theatre,
Hmt Road, Hyderabad - 54
Ph.:(r.)23080366

Amrit Patel
Manoj Patel

Raj Enterprises

5-122, Opp. Sha Theater,
Hmt Road, Chintal, Hyd.-500 054
Phone : 23082188

હિંમતલાલ જે. સોમજીયાણી

રાસાયણીક ખાતર,
જંતુનાશક દવાઓ,
હાઈબ્રિડ બિયારણ,
સ્પ્રે પંપ વિક્રેતા.

પાયોનિયર ટ્રેડર્સ

સરદાર પટેલ ચોક, નખત્રાણા-૩૭૦૬૬૫
ફો. :(ઓ.) ૨૨૨૨૯૭ (ઘ.) ૨૨૨૭૯૭
(મો.)૯૮૨૫૬૧૨૨૯૭

મનસુખભાઈ જે. સોમજીયાણી
કમલેશ કુમાર પી. સોમજીયાણી

રાસાયણીક ખાતર,
જંતુનાશક દવાઓ,
હાઈબ્રિડ બિયારણ,
સ્પ્રે પંપ વિક્રેતા.

૬, જયરત્ન બિલ્ડીંગ, સ્ટેશન રોડ,
ભુજ(કચ્છ)–૩૭૦ ૦૦૧
ફો. : ૨૫૩૬૯૫, ૨૫૨૮૨૧
(મો.)૯૮૨૫૦૪૩૬૯૫

શ્રી રામ એગ્રો એજન્સી

ચન્દુલાલ એમ. સોમજીયાણી

શ્રી કલ્યાણી એગ્રો

હાઈબ્રીડ તેમજ સર્ટીફાઈડ બિયારણ ના તથા કચ્છી
રંજકા બિયારણ ના હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા.

૬, જયરત્ન બિલ્ડીંગ, સ્ટેશન રોડ, ભુજ(કચ્છ) – ૩૭૦ ૦૦૧
ફો. : ૨૫૩૬૯૫, ૨૫૨૮૨૧ (મો.)૯૮૨૫૭૫૯૪૦૩


જયંત કુમાર સી. સોમજીયાણી

હિરોહોન્ડા
મોટર સાઈકલ
તેમજ સ્પેપાર્ટ
ના વિક્રેતા

પાયોનિયર ઓટો

વથાણ ચોક, નખત્રાણા-કચ્છ
ફો.: ૨૨૨૨૯૭ (મો.)૯૮૨૫૭૫૮૨૯૫


શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન
સંવત ૨૦૪૫ શ્રાવણ વદ-૫ સોમવાર
તા. ૨૧.૦૮.૧૯૮૯




પ્રથમ મંદિર


સ્થાપના
સંવત ૧૯૮૬
શ્રાવણ વદ-૬

દ્વિતિય મંદિર

સ્થાપના
સંવત ૨૦૪૫ શ્રાવણ વદ-૫
સોમવાર
તા.૨૧.૦૮.૧૯૮૯





કૂળદેવી શ્રી ઉમિયા માતાજી



પ.પૂ. બ્રહ્મલીન ગુરૂવર્ય શ્રી ઓધવરામજી મહારાજ ગુરૂ શ્રી લાલરામજી મહારાજ

વચનસિધ્ધ- પરમ સંત અને કચ્છ કડવા પાટીદાર સમાજને
સાચા ધર્મભણી દોરી જનાર લાગણી સભર સાધુ



શ્રી નારાયણજી રામજી લીંબાણી

આદ્ય સુધારક અને કડવા પાટીદાર જ્ઞાતિને જાગૃત કરનાર આધુનિક ભગીરથી

જન્મ : સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭ અસો વદ ૧૪



શ્રી નારાયણ શીવજી નાકરાણી

સમાજ સુધારક, દીર્ઘદ્રષ્ટા અને સમાજની વિકાસશીલતાના પ્રણેતા
જન્મ : સંવત ૧૯૪૩ કારતક પૂર્ણિમા
સ્વર્ગવાસ : સંવત ૨૦૨૦ ભાદરવા પૂર્ણિમા



શ્રી રતનશી ખીમજી ખેતાણી (દિવાણી)

ક. ક. પાટીદાર સમાજના પ્રખર સમાજ સુધારક, સંગઠક, કર્મવીર,
ધર્માત્મા અને લક્ષ્મીનારાયણ મંદિરના પ્રણેતા
જન્મ : સંવત ૧૯૪૪ ◆ સ્વર્ગવાસ : સંવત ૨૦૨૬ તા. ૨૮.૯.૧૯૭૦



શ્રી શીવદાસ કાનજી સોમજીયાણી

અખિલ ભારતિય ક. ક. પાટીદાર સમાજના બંધારણીય પ્રથમ પ્રમુખશ્રી
સમાજ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રના ભેખધારી સેવક




શ્રી કરસન શીવદાસ મુખી (દિવાણી)

વિરાણી સમાજના બંધારણીય પ્રથમ પ્રમુખશ્રી અને
વિરાણી સમાજના એકીકરણના પ્રણેતા

શ્રી લધા અરજણ સોમજીયાણી

સમાજ સેવક અને વિરાણી પાટીદાર સમાજના
ભુતપૂર્વ પ્રમુખશ્રી





શ્રી માવજી વસ્તા રૂડાણી

વિરાણી પાટીદાર સમાજના વર્તમાન પ્રમુખશ્રી
નિરાભિમાની અને સમાજના મુક સેવક

પ્રસ્તાવના

માનવી એક સામાજિક પ્રાણી છે. એક સમાન આચાર વિચાર ભાષા અને સંસ્કૃતિથી બંધાયેલા માનવ સમુદાય એટલેજ એક આદર્શ સમાજ, સમાજમાં પરસ્પર એક બીજાની ભાવનાને આદર આપી, સહકારથી રહી જીવનપથમાં આગળ વધતા રહેવું એજ સમાજનો મુખ્ય હેતુ. આવા ઉમદા હેતુના તાંતણાથી બંધાયેલો આપણો પાટીદાર સમાજ ભૂતકાળમાં અનેક વિધ ચડતી પડતી જોઇ, જાણી અનુભવી પ્રગતિને પંથે અગ્રેસર થતો રહેલ છે. એક આદર્શ સમાજની છાપ ઊભી કરી શકેલ છે. મા ઉમિયાની અનુકંપા તેમજ પરમ દયાળુ પરમાત્મા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપાથી આપણો આ સમાજ દિન દુની રાત ચૌગુની પ્રગતિને પંથે અગ્રેસર થતો રહેલ છે. ભુતકાળમાં આપણે એક દૃષ્ટિ દોડાવીએ તો અપણને સમજાશે કે આપણો આ સમાજ ક્યાં હતો અને આજે ઉમિયામાની કૃપાથી ક્યાં છે. ખૂબજ અલ્પ સમયમાં આપણા સમાજે સામાજિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે જે પ્રગતિ કરેલ છે તે બેનમૂન છે. તેમાં શંકાને સ્થાન નથી. ખરેખર શૂન્યમાંથી નવ સર્જન કરી સમાજને પ્રગતિને પંથે દોડાવનાર આપણા વડીલોનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

આજથી ૭૫ થી ૮૦ વર્ષ કે એથી પહેલાં જરા દૃષ્ટિપાત કરશું તો જણાશે કે આપણો સમાજ મુખ્યતઃ ખેતી પ્રધાન સમાજ હતો. ખેતી એજ એક આજીવિકાનું સાધન હતું. કચ્છમાં વરસાદની અનિયમિતતાને કારણે સીમિત સાધનોથી આપણા વડીલો પોતાનું જીવન માંડ માંડ ચલાવતા હતા. વારંવાર પડતા દુકાળને કારણે આપણા વડીલોને પોતાની આજીવિકા ચલાવવા માટે કચ્છ બહાર નીકળવાની ફરજ પડી. આપણે સૌ જાણીએ છીએ કે આજનું પાકિસ્તાન એ વખતે ભારતનું એક અભિન્ન અંગ હતું.પાકિસ્તાન કચ્છની ખૂબજ નજીક હોવાથી આપણા વડીલો પ્રથમ સિંધમાં (પાકિસ્તાન) ખેતી કરવા અર્થે પગપાળા જવા લાગ્યા.સિંધમાં ખેતીની કાળી મજુરી કરી કરીને અન્ય ક્ષેત્રે પણ વડીલોએ જંપલાવેલ હતું.આમ કાળી મજુરીની પરાકાષ્ટાએ એવું હાથ વેરણના કામમાં પ્રવૃત થયા . શિક્ષણનો અભાવ અને આર્થિક પરિસ્થિતી પણ અનુકૂળ ન હોતા તેઓ શોષણનો ભોગ બન્યા તેથી આ હાથ વેરણનું કાર્ય કરવા શિવાય બીજો કોઇ વિકલ્પ તે વખતે વડીલો સમક્ષ ન હતો. ધીરે ધીરે આ હાથ વેરણમાં સારી એવી નિપુણતા અને નામના વડીલોએ મેળવેલ હતી.

સમય જતાં પોતાનું જીવન સ્તર ઉન્નત બનાવવાના ઉદ્દેશ્યથી ભારતના અન્ય શહેરો તરફ આપણા વડીલો આકર્ષાયા. તે જમાનામાં આવા ગમનના સાધનો નહીંવત્ હતાં છતાં પણ આપણા વડીલો ખૂબજ કષ્ટ સહન કરીને ભારતના ખૂણે ખૂણે વસેલા છે. ત્યાં આજીવિકા રળી કમાવા પ્રયત્નો કરેલછે. જુના સમયમાં ખૂબજ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. ગામડાંથી ભુજ

આવવા બળદગાડાં સિવાય અન્ય કોઈ સાધનો ઉપલબ્ધ નહતાં. ભુજથી કંડલા કચ્છ સ્ટેટની નેરોગેજ રેલ્વે છુક છુક ગાડીમાં અને કંડલાથી નવલખી સમુદ્ર માર્ગે લોંચમાં બેસીને નવલખી પહોચતા. નવલખીથી વિરમગામ રેલ માર્ગે આવી વિરમગામથી રેલ દ્વારા મુંબઈ, નાગપુર, કલકતા વગેરે સ્થળોએ ચાર થી સાત દિવસની ખુબજ કષ્ટ દાયક મુસાફરી કરવી પડતી હતી. પરંતુ જેના જીવનમાં ઉન્નત જીવન તરફ વધવાનો દ્રઢ સંકલ્પ હોય તેમના માટે આવી કષ્ટ દાયક મુસાફરીઓ પણ વિઘ્ન રૂપ બની શકે નહી. આમ મુસીબતોનો સામનો કરી આપણા વડીલો કચ્છ બહાર પહોંચી શક્યા છે.

અહી એક વાત જે અતિ મહત્વની છે. જેનો સીધો સંબંધ માણસની વિકાસશીલતા સાથે જોડાયેલો છે. એ છે માનવીના મગજની સાંપ્રત સમાજ અને જગત આખામાં જુદી જુદી જગ્યાએ ચાલતી માનવ જીવન ઉપયોગી વિચાર ધારા આપણા વડીલોના એ વખતના જીવન દરમ્યાન કાળી મજુરી કરવાની ફરજના લીધે તેમજ અત્યંત ગરીબાઈ વાળું જીવન નિર્ધનતા અને નિરક્ષરતા આ બધા તત્વો તેઓને પોતાના જીવનને સુધારા તરફ લઈ જવા માટે બાધા રૂપ હતા. કદાચ એમના આવા સંજોગોના લીધે તેઓ પોતે શુધ્ધ હિન્દુ હોવા છતાં તે વખતની પર ધર્મિય ધર્માંધ શક્તિઓના ભોગ બન્યા. પરિણામ સ્વરૂપ તેઓ પોતાના ધર્મનો સાચો પંથ મજબુરીથી ભુલી અને વિધર્મીઓની કપટી અને ખતરનાક ચાલનો અજાણતા શિકાર બન્યા! અત્યારે એક વસ્તુ સાબિત થઈ ચુકી છે કે જે ધર્મના લોકો ધર્માંધ બની જાય છે તેઓ પોતાના જીવનનો યોગ્ય વિકાસ ગુમાવી બેસે છે. તેમની વિચારધારા સંકુચીત બની જાય છે અને સાંપ્રત સમાજની વિકાસશીલતાની સાથે તાલમેલ રાખી શકતા નથી અર્થાત પ્રગતિ વિકાસ શીલતા વગેરે ગુમાવી બેસે છે.

હિન્દુ ધર્મ એક એવો ધર્મ છે જે સહિષ્ણું, વિશાળ તેમજ દરેક સારી અને પ્રગતિશીલ વિચારધારાને સ્વિકૃતી આપી અને અપનાવી લે છે. ટુંકમા આ ધર્મ રૂઢીવાદી, સંકુચીત અને કટ્ટરવાદીપણા વાળો નથી. કદાચ આજ કારણને લઈને આજે વિશ્વમાં લઘુમતીમાં હોવા છતાંય ખૂબજ આદરણીય બની શક્યો છે.

અમારા ગામના વડીલોના મનમાં આ વિચારો આજથી લગભગ સો વર્ષ અગાઉ આવ્યા અને માર્ગ ભૂલેલા સમાજને સાચા માર્ગે વાળવા માટે કટીબધ્ધ થયા. કાળક્રમે નાની મોટી અનેક સમસ્યાઓનો સામનો કરી અને સમાજને આજના વિકસીત સ્તરે પહોંચાડવા માટે નિમિત બન્યા.

આવા સર્વે વડિલોના ચરણે કોટિ કોટિ પ્રણામ...

- પ્રકાશન સમિતિ

પ્રમુખ શ્રી નું ઉદ્‌બોધન

શ્રી વિરાણી પાટીદાર સમાજના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પ્રથમ મંદિરના હીરક જયંતિ મહોત્સવ અંગે તૈયાર થયેલ સ્મરણિકા પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આશા છે કે આ પુસ્તીકા એક માહિતી સભર અને યાદગાર નજરાણું બની રહેશે.

- પ્રમુખ શ્રી
માવજી વસ્તા રૂડાણી
મોટી વિરાણી

શ્રી વાલજીભાઈ એસ. વાડિયા

શ્રી કડવા પાટીદાર સમાજ - વિરાણી મોટી (કચ્છ)

શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સમાજે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન મંદિરની હીરક જયંતિ ઉજવવા જઇ રહ્યો છે એમને મારી શુભકામના સાથે લાખ લાખ અભિનંદન.

બીજું વિરાણી ગામના સમાજ આદ્ય સુધારક પૂ. નારાણ રામજી લીંબાણી કે જેને સમાજને નવો રાહ બતાવેલ, જે સમાજ કોઇ દિવસ ભૂલી શકશે નહીં એજ આપની શુભકામના સાથે પ્રણામ.

શ્રી વાલજીભાઈ એસ. વાડિયા
પ્રમુખ અ.ભા.ક. ક.પા. સમાજ
નખત્રાણા - કચ્છ.

આભાર વિધિ

અમો આભારી છીએ.....

૧) સતત પ્રવૃતિમાંથી સમય મેળવી આ પુસ્તિકા તૈયાર કરવા માટે માહિતી આપનાર સર્વ
શ્રી સી. કે. પટેલ - તંત્રી શ્રી પાટીદાર સૌરભ
શ્રી રતીલાલ મનજી પોકાર - તંત્રી શ્રી ઉમાદર્પણ
શ્રી ક. વી. પટેલ - પ્રતિનિધિ - પાટીદાર સંદેશ, ન્યુ દિલ્હી (કાદીયા મોટા)

૨) આ સ્મરણિકામાં જાહેર ખબર રૂપી ભેટ આપનાર સૌ વેપારી અને જ્ઞાતી જનોનો

૩) આ સ્મરણિકા તૈયાર કરાવવા અને પ્રુફ રીડીંગ કરી પ્રીંટીંગ કરાવવામાં મદદ કરનાર
શ્રી મૂળજીભાઈ કાનજીભાઈ ખેતાણી,- પ્રતિનિધિ - પાટીદાર સંદેશ, અમદાવાદ (મોટી વિરાણી)

૪) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર સહાય અને માર્ગદર્શન આપનાર સર્વે જ્ઞાતીજનો, મિત્રો તથા સબંધીઓના.

" ક્ષમા યાચના "

સ્મૃતિ દોષથી કોઇનું નામ શાખ અથવા અન્ય કોઇ વિગતો મુકવામાં કે છાપવાની ભુલો કે ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે માટે અમો ક્ષમા યાચીએ છીએ.

લી. **પ્રકાશન સમિતિ,**
વિરાણી મોટી

આદ્ય સુધારક

સ્વ. નારાયણજી રામજી લીંબાણીનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત...

– સી. કે. પટેલ : તંત્રી શ્રી પાટીદાર સૌરભ

કચ્છ કડવા પાટીદાર સમાજના અત્યાર સુધીના ઈતિહાસમાં જ્ઞાતિ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર જ્ઞાતિરત્ન નરવીર શ્રી નારાયણજી રામજી લીંબાણીનો જોટો જડવો મુશ્કેલ છે.

વૈદિક ધર્મથી વિમુખ થઈ રહેલ જ્ઞાતિને જોઈ તેમનું હૃદય દુઃખથી ભરાઈ ગયું હતું અને સમાજની તે સમયની હાલત જોઈ તેમનો અંતરાત્મા કકળી ઉઠતાં તેમણે ગુમરાહ બનેલ સમાજને સાચો રાહ ચીંધવાનો પ્રયાસ કર્યા કર્યો અને તેમના કાર્યોએ જે ઈતિહાસ સર્જ્યો તે સમાજમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયેલ છે.

પૂજ્ય શ્રી નારણજી રામજી લીંબાણીનો જન્મ સં. ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમાના દિવસે વિરાણીમોટી મધ્યે મુરબ્બી શ્રી રામજીભાઈ ભોજાભાઈ લીંબાણીના ઘરે થયો. શ્રી રામજીબાપા અને તેમનાં ધર્મપત્ની શ્રી રાજબાઈ બંને જણાં અંગત રીતે વૈદિક સનાતન ધર્મના ઉપાસક હતાં. તે વખતના પીરાણા સંપ્રદાયમાં તેમને બિલકુલ શ્રદ્ધા ન હતી. એટલે પૂ. નારણજી બાપાને પિતાની આ આંતરિક વૃત્તિના ઉચ્ચ સંસ્કારોનો વારસો બાલ્યાવસ્થામાં જ મળ્યો અને આજથી એકસો વર્ષ અગાઉ પૂ. નારણજી બાપાએ ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો જે તે સમયે કડવા પાટીદાર જ્ઞાતિ માટે અહોભાગ્ય-ગૌરવ ગણાતું. પિતાશ્રી રામજીભાઈના માર્ગદર્શન હેઠળ શિલ્પકલાનું જ્ઞાન મેળવી તેઓશ્રી મુંબઈ આવ્યા અને બિલ્ડિંગ કોન્ટ્રેક્ટના ધંધામાં ઝંપલાવ્યું. આગવી સૂઝ અને કાર્યકુશળતાના બળે વ્યવસાયમાં સારી એવી પ્રગતિ કરી. પરંતુ પોતાની જ્ઞાતિની અવદશા જોયાં પછી ખિન્ન થયેલું મન કેમેય કરીને ધંધામાં ચોંટતું ન હતું. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની તે સમયની સ્થિતિમાંથી જ્ઞાતિને બહાર લાવવા નારણજી બાપાએ ભેખ લીધો ને જીવનભર ઝઝૂમ્યા એ સ્થિતિ કેવી હશે તેના પર થોડોક પ્રકાશ પાડવો જરુરી છે.

"કડવા પાટીદારોનો ઈતિહાસ" નામના ગોકળદાસ પટેલના પુસ્તકમાં અને અન્ય ઐતિહાસિક પુસ્તકોમાં ઉલ્લેખ છે તેમ ઈસુની પંદરમી સદીમાં ગુજરાતમાં મુસ્લિમગુરુ ઈમામશાહના પ્રભાવમાં આવીને કેટલાક કડવા પાટીદાર કુટુંબોએ પીરનો પંથ કે પીરાણાપંથ સ્વીકાર્યો. જે પાછળથી જ્યોતિષ ધામ અને સતપંથને નામે

ઓળખાયો. આ અલગ પંથને કારણે કુટુંબમાં અને નાતમાં કલ..... ન થાય એ હેતુથી એ પંથમાં માનનારા કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો ક્રમે ક્રમે કચ્છમાં આવ્યાં અને કચ્છનાં જુદા જુદા વિસ્તારનાં ગામડાઓમાં સ્થાયી થયાં. તે સમયના કં.ક.પા. સમાજ પર અને સમાજના ગઢેરાઓ પર પીરાણાનાં ગાદીપતિ જે "કાકા" ના નામે ઓળખાતા તેમનો અને પીરાણાનાં સૈયદોનો ઊંડો પ્રભાવ હતો અને પીરાણા તરફથી કમાણીના ભાગરૂપે દશોંદ-વિશોંદ વગેરે પણ ઉઘરાવવામાં આવતી.

આ પંથમાં શરૂઆતના તબક્કામાં હિન્દુ ધર્મને ઈસ્લામ ધર્મના તત્ત્વોનું મિશ્રણ થયેલું હતું એવું કેટલાક ઈતિહાસકારો માને છે. પાછળથી આ પંથમાં આવનારા લોકો સંપૂર્ણપણે તેમાં જકડાઈ રહે અને ક્રમે ક્રમે હિન્દુ ધર્મનું તત્ત્વ અને કર્મકાંડ ઓછાં થતાં જાય એવાં કીમીયાઓ અને યુક્તિપ્રયુક્તિઓ પણ પિરાણાના ગાદીપતિઓ તરફથી યોજવામાં આવી. તેનું જવલંત ઉદાહરણ છે સં. ૧૮૩૨માં નખત્રાણા ખાતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિએ પસાર કરેલ ઐતિહાસિક ઠરાવ. પીરાણાના તે સમયના ગાદીપતી કાકા પ્રાગજી અને સૈયદ વલીમિયાંએ સાથે મળીને જ્ઞાતિના અજ્ઞાન અને ભોળાભલા આગેવાનોને સમજાવીને તે ઠરાવ પસાર કરાવ્યો એટલું જ નહિ પણ તેનું ચુસ્ત પાલન પણ કરાવ્યું.

આ ઠરાવમાં જ્ઞાતિજનોને ભાટ-બારોટ પાસે વહીવંચો લખાવવાનું અને બ્રાહ્મણ પાસે લગ્ન કે મરણનું સૂતક કર્મ કરાવવાની મનાઈ ફરમાવવામાં આવી અને ભાટ તેમજ બ્રાહ્મણને રજા આપવામાં આવી પરિણામે જ્ઞાતિમાંથી રહ્યું સહ્યું હિંદુ કર્મ પણ બંધ થવા લાગ્યું. આ ઠરાવ પછી બ્રાહ્મણને હાથે ચોરીની વિધિથી લગ્ન કરવાને બદલે પીરાણા દ્વારા નિયુક્ત થયેલ મુખી દુઆ પઢીને સામૂહિક લગ્નો કરાવતા અને મૃત્યુ પછીની અંતિમવિધિ અગ્નિસંસ્કાર કરવાને બદલે દફનવિધિ કરવાનો આરંભ થયો. આ બધી પરિસ્થિતિ પૂ. નારણજી બાપાએ નિહાળી અને તેનો અંતરાત્મા કકળી ઉઠ્યો. વૈદિક ધર્મથી વિમુખ થતી જ્ઞાતિને જોઈ તેનું હૃદય દુઃખથી ભરાઈ આવ્યું. તેમને જ્ઞાતિને આ સ્થિતિમાંથી બહાર લાવવા મનોમન સંકલ્પ કર્યો.

જો કે આ કામ ધારીએ છીએ એટલું સરળ નહોતું. જે આખી જ્ઞાતિ કે સમાજે પોતાનો ધર્મ ગણી જે પંથ સ્વીકાર્યો હોય તેનો એકલા હાથે વિરોધ કરવો તે લોઢાનાં ચણા ચાવવા બરાબર હતું. પૂ. નારણજી બાપાનું મનોબળ દ્રઢ હતું. આત્મવિશ્વાસ અડગ હતો. જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની તમન્ના પણ હતી. તેમણે સમાજ સુધારકોનાં જીવન ચરિત્રોમાંથી પ્રેરણા લીધી અને વૈદિક ધર્મશાસ્ત્રના પુસ્તકોનો યથામતિ અભ્યાસ પણ કર્યો. તેમને આ ભગીરથ કાર્યના આરંભ માટે પૂજ્ય સંત શ્રી રામેશ્વરદાસજી તથા બિલખા નિવાસી મહાત્મા શ્રી નથુરામ શર્મા દ્વારા યોગ્ય માર્ગદર્શન સાંપડ્યું. વૈદિક ધર્મશાસ્ત્રોનો આધાર લઈને તે સંતોએ કોઈ પવિત્ર તીર્થસ્થાનમાં જઈ

દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ કરાવ્યા બાદ યજ્ઞોપ્રવિત (જનોઈ) ધારણ કરી શુદ્ધ વૈદિક ધર્મમાં પાછા ફરી શકાય એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. પરંતુ પ્રવર્તમાન પીરાણા પથનો કે તેમના વિધિવિધાનનો વિરોધ કરવો એ ગુનો ગણાતો હોય અને નાતનાં આગેવાનો તરફથી આવો વિરોધ કરનારને, તેના કુટુંબીજનોને દંડ ને બીજી સજાઓ થતી હોય એવા કાળમાં યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરવા આગળ આવવાની હિંમત કોણ કરે?

એટલે પૂ. નારણજી બાપાને લાગ્યું કે ઘણા લોકો સત્ય સમજતાં હોવા છતાં સમાજના ગેઢેરાઓની બીકે આ અભિયાનમાં એકદમથી મોટી સંખ્યામાં જોડાશે નહી. એટલે આ કાર્યનો શુભ આરંભ તો નાના પાયા પર જ કરવો પડશે. તેમણે સમાજનો વિરોધ ખમી શકે અને જીવી શકે તેવા કાઠી છાતીના સાથીદારો શોધી કાઢ્યા અને સંવત ૧૯૬૪ના જેઠ સુદ-૫ને ગુરુવારના ગોદાવરીના તટે ત્રંબકેશ્વર તીર્થક્ષેત્રમાં કેટલાક પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજ્ય શ્રી રામેશ્વરદાસજી મહારાજની આગેવાની હેઠળ વૈદિક વિધીથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરી વૈદિક ધર્મના અધિકારી થયા હતા. પૂ. નારણજી બાપાના શુભ સંકલ્પના શ્રી ગણેશ કરવામાં તેની સાથે જોડાનાર વિરલાઓ હતા. (૧) પટેલ નારણજી રામજી લીંબાણી (વિરાણી મોટી) (૨) પટેલ રતનશી કરનશ છાભૈયા (રાજપર) (૩) પટેલ રામજીભાઈ જેઠાભાઈ રંગાણી (ગઢશીશા) (૪) પટેલ વિશ્રામ દેવજી નાકરાણી (વિરાણી) (૫) કરશન ભાણજી નાકરાણી (વિરાણી મોટી) (૬) હરજી લધાભાઈ રામાણી (લુડવા) (૭) અરજણ ભીમજી ભગત (અંગીયા) આ સાત ભાઈઓએ પીરાણા પંથને તિલાંજલિ આપી.

વિધિસર રીતે વૈદિક સનાતન ધર્મનો સ્વીકાર કર્યો એ સમાચાર મુંબઈ વસતા જ્ઞાતિજનો દ્વારા કચ્છ સુધી પહોંચ્યા અને જ્ઞાતિના ધર્મચુસ્ત આગેવાનોનો રોષ ભભુકી ઉઠ્યો. તેમણે આ સાતેયના કુટુંબીજનોને જો પંથનો ત્યાગ કરી ગયેલ સાતેય જણા જનોઈ ઉતારી પાછાં ન ફરે તો નાત બહાર મૂકવાની કડક ધમકી આપી પરિણામે આ સાત પૈકી બે જણ હરજી લધ લુડવાવાળા અને અરજણ ભીમજી અંગિયાવાળા આગેવાનોની આ ધમકી આગળ ઝૂકી પડ્યા અને તેમણે જનોઈ ઉતારી દીધી પણ બરાબર તે જ સમયે એક નીડર ભાઈ શ્રી નારાયણ શિવજી વિરાણીમોટી વાળા આગળ આવ્યા અને મુંબઈ જઈ સમાજ સુધારાનાં આ યજ્ઞકાર્યમાં પૂ. શ્રી નારણજીબાપા સાથે જોડાયા.

આમ આ છ ભાઈઓએ સુધારાની ખુલ્લી જેહાદનો પ્રારંભ કર્યો. તેમની આ પ્રવૃત્તિથી અકળાઈને જ્ઞાતિના આગેવાનોએ તે છએ જણાને નાત બહાર કર્યો. હવે તેમને કોઈ ભય રહ્યો ન હતો. તેમણે નિર્ભય બનીને બમણાં વેગથી લોકજાગૃતિની ઝુંબેશ ચલાવી. પીરાણા પંથમાં પ્રવર્તતી કલ્પિત અને ચમત્કારિક ઘટનાઓને ખુલ્લી

પાડતાં અને તે સમયનાં કહેવાતા આગેવાનોનો કર્તૃત્વને ઉઘાડા પાડતા પુસ્તકો છપાવી લોકો સુધી પહોંચતા કરી જનજાગરણનો શંખ ફૂંક્યો. પૂ. નારણજી બાપાએ ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો તેમજ કચ્છ કડવા પાટીદારનાં વહીવંચાની શોધ કરી અને તેની પાસેથી પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસની નક્કર હકીકતો મેળવી પ્રકાશિત કરી. આ માહિતી "સતપંથ પીરાણા પોલ" નામના પુસ્તકમાં સંગ્રહિત કરેલ છે.

કોઈપણ કાર્યને વ્યવસ્થિત વેગ આપવા માટે બંધારણ પૂર્વકનું કોઈ મંડળ હોવું જરૂરી છે. એવું પૂજ્ય નારણજી બાપાને લાગવાથી મુંબઈમાં બંધારણ પૂર્વકનું "શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ" ની સ્થાપના કરી તેના દ્વારા સુધારાનું કાર્ય આગળ ચલાવ્યું. આવી રીતે નીડર યુવકોનું સંગઠન થતું ગયું, પૂ. નારણજી બાપાના કાર્યને વેગ મળતો ગયો. યુવક મંડળના સેક્રેટરી તરીકે રતનશી ખીમજી વિરાણીવાળાએ ઉત્સાહથી આ કાર્યને આગળ ધપાવવામાં શરૂઆતમાં સારો એવો સહયોગ આપ્યો. આ કાર્યને વેગવાન બનાવવા માટે તેની અવારનવાર મિટિંગો ભરાતી ગઈ તે માટે યોગ્ય સાહિત્ય છપાવીને પ્રચાર કાર્ય તેજ કરવામાં આવેલ.

કચ્છમાં વિરાણીમોટી મધ્યે સં. ૧૯૭૬ના ચૈત્ર સુદ-૯ના યુવક મંડળની સ્થાપના કરીને વિરાણી મોટીમાં જાહેર સભા ભરવામાં આવી અને ત્યારબાદ કરાંચીમાં પણ યુવકમંડળની સ્થાપના કરાઈ ત્યાંના યુવાનોનો ઉત્સાહ જોઈને પૂ. નારણજીબાપાએ જ્ઞાતિની પ્રથમ પરિષદ કરાંચી ખાતે બોલાવવાનું ઠરાવ્યું. ખૂબજ ઉત્સાહના વાતાવરણમાં પ્રથમ પરિષદ યોજાઈ પણ ખરી પરંતુ રૂઢિચૂસ્ત આગેવાનોનાં વિરોધને કારણે પૂ. નારણજી બાપાના ધાર્મિક અને સામાજિક રિવાજોના સુધારણાના મનોરથને યોગ્ય પ્રતિસાદ સાંપડ્યો નહિ.

આમ પ્રથમ પરિષદની નોંધપાત્ર ઉપલબ્ધી ન હોવા છતાં બીજી પરિષદ ભૂમિકા તૈયાર કરવામાં તે મહત્વની પૂરવાર થઈ અને બીજી પરિષદ પણ કરાંચીમાં જ યોજાઈ જેમાં ઠરાવો અને નીતિ-નિયમો તૈયાર કરવા ૭૨ જણાની એક સબ્જેક્ટ કમિટીની રચના કરવામાં આવી. આ પરિષદમાં પીરણા પંથને (સતપંથ) જ્ઞાતિમાંથી તિલાંજલિ આપવાની ઘોષણા કરવામાં આવી આ પરિષદના અધ્યક્ષસ્થાને ગામશ્રી નખત્રાણાવાળા જબુઆણી માવજી પુંજા રહ્યા હતા.

આ પરિષદમાં કચ્છના કેટલાક રૂઢિચૂસ્ત અને જૂનવાણી આગેવાનોની કનડગતની ફરિયાદ કરતો ઠરાવ કરીને કચ્છના મહારાવશ્રીને પણ મોકલવામાં આવ્યો. આ સફળ પરિષદના સારા પ્રત્યાઘાતો કચ્છ અને મુંબઈમાં પણ પડ્યા.

આ પરિષદમાં હાજર રહેલા અને પૂ. નારાણજીબાપાના વિચારોથી પ્રભાવિત

થયેલ દયાપરના ભાઈઓએ આ બાબતમાં કચ્છમાં પહેલ કરવાનું શ્રેય મેળવ્યું. પૂ. નારણજી બાપા અને તેના સુધારક સાથીને દયાપર બોલાવી તેમની હાજરીમાં ગઢશીશા નિવાસી પંડિત પારાશર શર્માના શુભ હસ્તે સંવત ૧૯૭૯ જેઠ સુદ-૫ ના દિને ૧૯૩ જેટલા બાઈ - બહેનોએ દેહશુદ્ધિ કર્મ કરી વૈદિક સંનાતન ધર્મનો સ્વીકાર કર્યો તેના પગલે પગલે પડોશના પાનેલી ગામના ૧૬ કુટુંબો પણ પીરાણા પંથને છોડી સનાતન ધર્મમાં પાછા કર્યા એજ વર્ષે કારતક માસમાં રવાપર ગામે પણ દેહશુદ્ધિનો કાર્યક્રમ યોજાયો કચ્છના પશ્ચિમ ખૂણામાં થયેલ ધાર્મિક નવજાગૃતિનો પડઘો મુંબઈમાં પણ પડ્યો અને તે વર્ષે મુંબઈ અને માટુંગામાં દેહશુદ્ધિના કાર્યક્રમો યોજાયા.

મુંબઈમાં જ્ઞાતિની ત્રીજી પરિષદ વીરમગામ વાળા જ્ઞાતિ હિતચિંતક કચ્છી પાટીદારોના ગાઢ પરિચયમાં આવેલા એવા જ્ઞાતિ સુધારક વીરબંધુ દેસાઈ ચંદુલાલ મણીલાલભાઈનું નામ પસંદ કરવામાં આવ્યું. તેની ખૂબજ અસર થઈ સતપંથ પીરાણાને સદંતર તિલાંજલિ આપવા માટે દફનક્રિયાની જગ્યાએ અગ્નિસંસ્કાર કરવા બાબતે બીજી અનેક ધાર્મિક-સામાજિક પરિવર્તન લાવવા બાબતેના ઠરાવો રજૂ થયા. અમુક નિયમો નક્કી કરવામાં આવેલા આ બધું તૈયાર કરવા માટે ૩૫ જણાની સબજેક્ટ કમિટી નિમવામાં આવેલી હતી. ત્રીજી પરિષદમાં દેહ શુદ્ધિના કાર્યક્રમમાં ઓર વેગ આવ્યો. કચ્છમાં અને કચ્છ બહાર તેવા કાર્યક્રમો થવા લાગ્યા. દેહશુદ્ધિ કાર્યક્રમનો એવો ખાસ નિયમ રાખેલો કે દેહશુદ્ધિ પ્રાયશ્ચિક કરી જનોઈ ધારણ કર્યા બાદ સતપંથ પીરાણા સાથેનો સંપૂર્ણ પણે વહેવાર બંધ કરી દેવો.

પૂ. નારણજી બાપાએ સતપંથ - પીરાણાએ લગતું હસ્ત લિખિત સાહિત્ય મહામહેનતને એકત્ર કરી ગાંઠના રૂપિયા ખર્ચી પીરાણાના ગાદીપતિ તેમજ આગેવાનોનાં વિરોધ વચ્ચે "સતપંથ પીરાણાની પોલ" ના નામથી દળદાર પુસ્તકના રૂપે પ્રગટ કર્યું અને તે સમયનાં એ પંથના રહસ્યોને હકીકતોને લોકો સમક્ષ રજૂ કર્યા તેમની નીડરતા અને હિંમતને દાદ દેવી પડે એવું જબરદસ્ત આ પુસ્તક પ્રકાશનનું કાર્ય હતું. તેના પરિણામે લોકોમાં ઘણી ધાર્મિક જાગૃતિ લાવી શકાઈ. આ અભિયાનમાં તેમને ઘણી મુસીબતો ઊઠાવવી પડી અને ઘણા પડકારો ઝીલવા પડ્યા એમાંનો એક પડકાર એ હતો કે તેમની સાથે સતત કાર્ય કરતા સાથીદારોમાં પણ એક સમર્થ સતપંથ - પીરાણાને માનનારા લોકો સાથે ખાણી - પીણીનો વ્યવહાર બંધ કરવાની બાબતે મત - મતાંતરો થયા તેને પરિણામે પાછળથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના કાર્યમાં થોડી ઓટ આવી પણ ત્યાં સુધીમાં જ્ઞાતિજનોમાં જાગૃતિની એક જબ્બર લહેર ફરી વળી હતી. પૂ. નારણજી બાપાનો ધર્મશાસ્ત્રોનો અભ્યાસ ઘણો ઊંડો હતો તેમણે આપણી જ્ઞાતિ માટે જે કંઈ વિચાર્યું હતું તે પણ હિતકર હતું. પરંતુ તે સમયના લોકો તેમને સમજવામાં ઊણા ઊતર્યા. જો કે દેહશુદ્ધિ કર્મમાંના લોકો તેમને સમજવામાં ઊણા ઉતર્યા.જો કે

દેહશુદ્ધિ કર્મમાંના જોડાનાર લોકો પણ આપણો મૂળ ધર્મ શું છે અને સમસ્ત સમાજનું હિત શામાં છે તે સમજી ચૂક્યા હતાં. અને તેઓ ધીરે ધીરે સતપંથ સમાજને ત્યાગી લક્ષ્મીનારાયણ ભગવાનને માનતા થયા હતા.

પૂ. નારણજી બાપા અંત સમયે લકવાગ્રસ્ત બન્યા અને ૧૯૯૭ના આસો વદ-૧૪ને સોમવારના તેમની જીવન જ્યોતિ પરમજ્યોતિમાં વિલીન થઈ ગઈ. જેમ કોઈ પુષ્પ ખરી ગયા પછી પણ પાછળ પોતાની સુગંધ મૂકતું જાય છે તેમ પૂ. નારણજી બાપાએ કરેલા ધર્મસુધારણાના મહાન કાર્યની સૌરભ એમના ગયા પછી પણ આપણને પ્રેરણા આપતી રહી છે.

પૂ. નારણજી બાપાની આપણી સમસ્ત વૈદિક સનાતન ધર્મના એક તાંતણે બાંધવાની તેમના કાર્યકાલ દરમિયાન સંપૂર્ણપણે બર ન આવી. પણ તેમના અવસાન બાદ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં તેમણે આપેલા વિચારોને કારણે એટલા મોટા પ્રમાણમાં જાગૃતિનો જુવાળ આવ્યો કે જેને પરિણામે જ્ઞાતિનો બહોળો સમુદાય જૂનો સતંપંથ છોડી સનાતન ધર્મમાં પાછો ફર્યો એટલું જ નહિ પણ ચે અને ચોરી જેવા હિન્દુ ધર્મના કર્મકાંડો પુનઃ સ્થાપિત થયા. ૧૯૭૭ના અધિવેશન વખતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જન્મથી મરણ સુધીના ક્રિયાકાંડના બાહ્ય આચરણો એક જ પ્રકારના થાય તે માટે ધારાધોરણનો ૧૮મો ઠરાવ પસાર કરવામાં આવેલ અને તે મુજબ જ્ઞાતિજનોને વર્તવા અધિવેશનમાં આદેશ આપવામાં આવેલ. ગામડે ગામડે ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરો નિર્માણ થયા. આજે ધર્મની બાબતે જે કંઈ જાગૃતિ જોવા મળે છે તેનો સંપૂર્ણ યશ પૂ. નારણજી બાપાને તેમજ તેમના અનુગામી રતનશી ખીમજી ખેતાણી (વિરાણી) અને નથુભાઈ નાનજી કેશરાણી (નખત્રાણા) ને ફાળે જાય છે. આ મહાન ભગીરથ કાર્યની પાછળ પં.પૂ. ઓધવરામ મહારાજની પ્રેરણા અને આશીર્વાદ પ્રેરક રહેલા હતા.

કચ્છ કડવા પાટીદાર સમાજમાં કોઈપણ સભ્ય માટે કોઈપણ સંપ્રદાયને માનવા માટે બાધ નથી અને કોઈપણ સંપ્રદાય માટે ભેદભાવ પણ રખાતો નથી પરંતુ એ ઈચ્છનીય છે કે આપણી ભારતીય પરંપરા અને ભારતીય સસ્કૃતિ અનુસાર આપણા સામાજિક અને ધાર્મિક કાર્યો થાય અને સમાજમાં એકસૂત્રતા અને એકવાક્યતા જળવાય. આપણે ગમે તે સંપ્રદાયમાં માનતા હોઈએ પણ આપણે હિન્દુ છીએ અને હિન્દુધર્મની ગરીમાં જળવાય રહે એવું આપણું સૌનું વર્તન હોવું ઘટે. અને એજ આપણી સૌની જ્ઞાતિના આદ્યસુધારક શ્રી પૂ. નારાણજીબાપાને અપાયેલ સાચી ભાવાંજલી ગણાશે.

વિરાણી ગામે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સર્વમાન્ય આદ્ય સુધારક પૂજ્ય

વડિલ સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી વિ. સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૧૫ મંગળવાર તા. ૧૫-૪-૧૯૮૪ના ભવ્યતાથી ઉજવી અને તેમની કાયમી સ્મૃતિ રૂપે સમાજવાડીમાં અર્ધ પ્રતિમા મુકી. તેની અનાવરણ વિધિ પ.પૂ. શ્રી વાલદાસ મહારાજના વરદ હસ્તે કરાવી ભવ્ય સમારંભ યોજેલ.

તા. ૨૮ થી ૩૦ એપ્રિલ ૧૯૯૩ના યોજાયેલ અ.ભા.ક.ક.પા. સમાજના ચતુર્થ અધિવેશનનો મંગલ પ્રારંભ સમાજના આદ્ય સુધારક એવા જ્ઞાતિ રત્ન પરમ પૂજ્ય શ્રી નારણજી રામજી લીંબાણીની પ્રતિમાના અનાવરણ વિધિના શુભ પ્રસંગથી કરાયો એ ખરેખર સમાજનું સ્તુત્ય કાર્ય હતું. એટલું જ નહિં પણ ગુમરાહ બનેલ સમાજને સાચો રાહ ચીંધવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર નરવીર શ્રી નારણજી બાપાને અપાયેલ સાચી શ્રધ્ધાંજલિ પણ હતી.

આજે આપણો પાટીદાર જ્ઞાતીના આદ્ય સુધારક પૂજ્ય વડિલ સ્વ. નારાયણજી બાપાના મોટી વિરાણી ખાતેના રહેઠાણને તેમના વંશવારસોને રાજી કરીને તેમની પાસેથી પાટીદાર સમાજે લઈને તેમની કાયમી સ્મૃતિ રૂપે એક ભવ્ય સ્મૃતિ મંદિર ઉભું કરેલ છે જે સમગ્ર પાટીદાર જ્ઞાતી માટે એક દર્શનિય સ્થળ બની રહેશે.

સ્મૃતિ મંદિરમાં પૂ.નારાયણજી બાપાની પ્રતિમા તેમના વંશજો અને પરિવાર જનો દ્વારા ભેટ આપવામાં આવેલ છે.

ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર : શ્રી રતનશી ખીમજી ખેતાણી

રતિલાલ એમ. પટેલ (તંત્રી ઉમાદર્પણ)

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિમાં બહુમુલ્ય યોગદાન આપનાર બે સપુતો વિરાણી મોટી ગામે સમાજને આપ્યા છે. એક તો જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. પૂ. શ્રી નારાણજી રામજી લીંબાણી અને બીજા ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર સ્વ.શ્રી રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) હતા.

જ્ઞાતિજનો પીરાણા પંથ છોડીને સનાતન ધર્મ તરફ વાળવા નરવીર સ્વ. શ્રી નારાણજી બાપાએ ધર્મ જાગૃતિની જબરદસ્ત જેહાદ જગાવી. કરાંચી અને મુંબઈમાં પરિષદો ભરી પીરાણાની પોલને ખુલ્લી કરી અને જ્ઞાતિજનોને સાચો ધર્મ સમજાવવા પ્રચંડ પુરૂષાર્થ કર્યો. તેમની આ ધર્મ જાગૃતિની મસાલને પ્રજ્વલીત રાખનાર જે હિંમતવાન સાથીદારો હતા. તેમાં વિરાણી મોટીના પનોતા પુત્ર સ્વ. રતનશી ખીમજી ખેતાણી મુખ્ય હતા.

સ્વ. રતનશી ભાઈનો જન્મ નખત્રાણા તાલુકાના વિરાણી મોટી ગામે ખીમજી ભાઈ લખમશી ખેતાણી ને ઘેર વિ.સં. ૧૯૪૪ માં થયો હતો. તેમણે પિતાની છત્રછાયા નાનપણથી ગુમાવી હતી. કુટુંબની આર્થિક સ્થિતી નબળી હોવાને કારણે ગુજરાતી ત્રણનો અભ્યાસ પુરો કરી, સ્વ. રતનશી ભાઈને નાની ઉંમરે જ કામે લાગી જવું પડયું હતું. તેમણે શરૂઆતમાં વિરાણીમાં અને ત્યારબાદ મુંબઈમાં નજીવા પગારથી દુકાનમાં નોકરી પણ કરવી પડી હતી.

આગળ જતાં રતનશી ભાઈએ સ્વબળે બાંધકામનો વ્યવસાય શરૂ કર્યો અને ત્યાર પછી બિલ્ડીંગ મટીરીયલ્સના વેપારમાં ઝંપલાવ્યું અને પ્રબળ પુરૂષાર્થને જોરે વ્યવસાયમાં સારુ એવું ગજું કાઢયું. તેમના દિલમાં પ્રથમથીજ એવી તમન્ના હતી કે મારે મારા સમાજ માટે કંઈક કરી છુટવું છે.

એ અરસામાં તેમનાજ ગામના કમ પુરૂષ સ્વ. નારાણજી રામજી લીંબાણીએ ધર્મ-જાગૃતિની જ્યોતિની જ્યોતને જલતી કરી હતી. રતનશી ભાઈ પૂ. નારાણજી બાપાના સક્રિય સહયોગી તરીકે જોડાઈ ગયા. પોતાનો મુંબઈમાં ધિકતો ધંધો તેમના વિશ્વાસ પાત્ર સંબંધીઓને સોંપી, તેમણે જાણે સમાજ સેવાનો ભેખજ લઈ લીધો અને નારાણજી બાપાને ધર્મ જાગૃતિ કાર્યમાં સહભાગી બન્યા.

પૂ. નારાણજીબાપા અંત સમયે લકવા ગ્રસ્ત થઈ ગયા હતા, પરંતુ તેમના નિકટના સાથીદાર શ્રી રતનશીભાઈ અને તેમની સાથે નખત્રાણાના શ્રી નથુભાઈ નાનજીએ કચ્છ કડવા પાટીદારોમાં ધર્મ જાગૃતિ આણવા કમર કસી. તેમને એ વખતે સંતશ્રી ઓધવરામજી મહારાજનાં પ્રેરણા અને માર્ગદર્શન સાંપડયાં. કારણકે પ.પૂ. સંતશ્રી લાલરામજી કે જેઓનું શરીર પાટીદારનું હતું. તેમને છેલ્લી ઈચ્છા પાટીદારોને ધર્મનો સાચો રાહ બતાવવાની હતી. તે પરિપુર્ણ કરવાનો તેમને સંકલ્પ કર્યો હતો. એટલે તેઓ પણ ધર્મ જાગૃતિ કાર્યમાં લાગી ગયા હતા.

પૂ. નારાયણજી બાપા સ્પષ્ટ પણે માનતા હતા કે પિરાણા પથમાં માનતા કોઈ પણ વ્યક્તિ દેહશુદ્ધિ કરાવી, યજ્ઞોપવીત ધારણ ન કરે ત્યાં સુધી તેમના ઘરનું પાણી પણ પીવાય નહીં. રતનશી ભાઈ અને તેમના સાથીઓએ પણ પ્રારંભમાં તો પૂ. નારાણજીબાપાને પગલે પગલે ચાલીને એવુંજ નક્કર વલણ લીધેલું, પરંતુ પછીથી તેઓ સંત શ્રી ઓધવરામજી મહારાજના સંસર્ગમાં આવ્યા. તેઓ શ્રી પણ એ વાત સાથે સંમત હતા કે પાટીદાર જ્ઞાતિજનોને સાચે રાહે લાવવા માટે પ્રયત્નો કરવાજ જોઈએ, પણ જ્ઞાતિ બાંધવોથી દુર રહીને પરિવર્તન લાવવામાં વેગ નહીં આવે. રતનશીભાઈને સંતની આ વાત ગળે ઉતરી ગઈ અને તેમણે પોતાના વલણમાં ફેરફાર કર્યો. તેઓશ્રીને નખત્રાણાના આવાજ એક યુવાન કે જેમના હૃદયમાં પણ પોતાની જ્ઞાતિ માટે કંઈક કરી છુટવાની ભાવના ઉભરાતી હતી એવા શ્રી સ્વ. નથુભાઈ નાનજી કેશરાણી (છાભૈયા) નો સંપૂર્ણ સહયોગ સાંપડયો અને આ બંને નિષ્ઠાવાન મહાનુભાવોના નેતૃત્વ હેઠળ એ સમયે ધર્મ જાગૃતિની જેહાદને બળવતર બનાવવામાં આવી. ધીરે ધીરે તેમને સમાન વિચારના સાથીઓનો સહકાર મળતો ગયો.

પ્રાપ્ત માહિતી મુજબ આ જાગૃતિ અભિયાન છેડનારાઓને સામે એ પ્રશ્ન હતો કે સતપંથ છોડયા પછી તેનો વિકલ્પ શું? ક્યા દેવનાં મંદિરો બનાવવા જોઈએ. એ માટે પણ તે સમયના આગેવાનો ઘણી બધી જગ્યાએ ફર્યા અને વિદ્વાનો તેમજ સંત-મહંતોના મત લીધા બાદ તેમને સૌને લાગ્યું અને સંત શ્રી ઓધવરામજી મહારાજે પણ એજ માર્ગદર્શન આપ્યું કે હવે આપણે મૂળનેજ પકડવું જોઈએ અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનેજ ઈષ્ટદેવ ગણી તેનાં મંદિરો સ્થાપવાં જોઈએ.

સુવ્યવસ્થિત રીતે ધર્મ જાગૃતિનું કાર્ય આગળ ચલાવવું હોય તો સંગઠનની જરૂર પડે.શ્રી રતનશી ભાઈ ખીમજી અને નથુભાઈ નાનજીના નેતૃત્વ હેઠળ સૌ ભાઈઓ સંગઠીત થયા અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના પણ કરી. આ સંગઠનના પ્રયાસથી કચ્છના ગામોમાં જાગૃતિનું કાર્ય વ્યાપક બન્યું. વિરાણી મોટી ગામે વિ.સં. ૧૯૮૬ માં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. કચ્છના કડવા પાટીદારોના ગામોમાં આ સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિર હતું.વિરાણી મોટી ગામે પાછળથી શીખર બંધ લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. તેમ છતાં એ ઐતિહાસીક ક્ષણની સ્મૃતિ રૂપે વિ.સં. ૧૯૮૬ માં સ્થાપેલ મંદિરને પણ કાયમ રાખવામાં આવ્યું છે અને આવર્ષે વિ.સં. ૨૦૬૦માં આ મંદિરની સ્થાપનાને ૭૫ મું વર્ષ શરૂ થતું હોઈ તેનો હિરક જયંતિ મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના ઉદાર અને સમજાવટ ભર્યા પ્રયાસોથી વિ.સં. ૨૦૦૦ સુધીમાં કચ્છના ૬૦ માંથી ૨૬ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના થઈ શકી હતી.જોકે આ આગેવાનોને આ કાર્યમાં સમાજના રૂઢિચુસ્ત આગેવાનોનો પ્રચંડ વિરોધ ખમવો પડયો હતો.તેમ છતાં તેમની કાર્ય નિષ્ઠા અડગ રહી હતી.

વિ.સં. ૨૦૦૧ના આસો વદ ૧૪ના રોજ વાંઢાય મુકામે મળેલી કચ્છના તમામ ગામોના સનાતની ભાઈઓની સામાન્ય સભામાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા, તેમાં પિરાણા પંથ દ્વારા ચાલતી લગ્નપ્રથાને તિલાંજલી આપીને હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ લગ્ન વિધિ કરાવવી અને મરણ બાદ અગ્નિ સંસ્કાર કરી અંત્યેષ્ટિ કરવી એ મુખ્ય હતા. આ સિવાય પણ બાળલગ્ન નાબૂદી અને બીજા એવા ચૌદ જેટલા સામાજિક ઠરાવો પસાર કરવામાં આવ્યા.જેની નોંધ વિ.સં. ૨૦૦૨માં છપાયેલ સનાતની સમાજના અહેવાલો પરથી મળે છે.એનું સીધું પરિણામ એઆવ્યું કે વિ. સં. ૨૦૦૨ પછી પીરાણા દ્વારા કરાતા બાર વર્ષીય સમુહલગ્નો સદંતર બંધ થઈ ગયા.

એ સમયે જે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અસ્તિત્વમાં આવી હતી તેના પ્રમુખ શ્રી રતનશી ખીમજી હતા ત્યારે મંત્રી પદે નખત્રાણાવાળા નથુભાઈ નાનજી કેશરાણી હતા. ઉપપ્રમુખ પદે શ્રી ગંગદાસભાઈ વિશ્રામ ઉગેડીવાળા અને ખજાનચી શ્રી ભીમજી કેશરા લીંબાણી કોટડા(જ) વાળા હતા.

એ વખતે વાહન વ્યવહારમાં ટાંચા સાધનો હોવા છતાં લખપતથી માંડીને કંઠી પટના ગામડાનો પ્રવાસ ખેડી, ઠેર-ઠેર સભાઓ ભરી જબરદસ્ત ધર્મ ભાવનાનો જુવાળ ઉભો કર્યો હતો. તેમની સાથે ગણા ગામોમાં પ.પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજ અને દયાળદાસજી મહારાજ પણ આ ધર્મ જાગૃતિના કાર્ય માટે જતા હતા. સનાતની સમાજના આગેવાનો જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો સ્થપાયાં નહોતાં ત્યાં તે ગામના ભાઈઓને સમજાવીને સંકલ્પ કરાવતા એટલુંજ નહીં પણ તેનાં તમામ આયોજનોમાં માર્ગદર્શન અને સાથ સહકાર આપતા અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ અચુક હાજરી આપતા.

આજે જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરોની સુવર્ણ જયંતી ઉજવાય છે, એ વખતના સનાતની સમાજના ધર્મનિષ્ઠ આગેવાનોના પ્રચંડ પુરૂષાર્થ અને સંતશ્રી ઓધવરામજીની પ્રેરણાથી સ્થપાયા છે.

જે જ્ઞાતિબંધુઓ હજુ જુના ધર્મને વળગી રહ્યા હતા તેમની સાથે કોઈ દ્વેષ ભાવ કે દૂરી નરાખવી અને જ્ઞાતિની એકતા ન તૂટે એ રીતે સનાતન ધર્મ તરફ વાળવા સમજાવવા એવો સનાતની સમાજના એ

સમયના આગેવાનો તેમજ સંતશ્રી ઓધવરામજીનો સ્પષ્ટ અભિગમ હતો. એટલેજતો સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને એક નેજા હેઠળ લાવવાના ઉદેશ્યથી વિ.સં. ૨૦૦૦માં ઊંઝાથી ઉમિયા માતાજીની જ્યોત લાવીને સંતોની પાવન ભૂમિ વાંઢાયમાં પધરાવવામાં આવી અને ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. વિ.સં. ૨૦૦૩ના રામનવમી ના શુભ દિને આ મંદિરમાં સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી કુળદેવી ઉમિયા માતાજીની પાકી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આમ ૫૭ વર્ષ પહેલાં કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિમાં ધર્મ જાગૃતિ લાવવાની પ્રેરણાભૂમિ અને કેન્દ્ર સ્થાન બનેલું વાંઢાયનું એ ઉમિયા માતાજી મંદિર આજે પણ સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના શ્રધ્ધા નું કેન્દ્ર અને એકતાનું પ્રતિક બની રહ્યું છે.

પૂ. નારાણજી બાપા પછી જો રતનશી બાપા અને તેમના સાથીદારોએ ધર્મ જાગૃતિની આ જ્યોતને જલતી ન રાખી હોતતો આજે ચિત્ર કંઇક જુદુંજ હોત. શ્રી રતનશી બાપાના નેતૃત્વ હેઠળ આપણી સમાજે ગામે ગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો સ્થાપવાનું જે અભિયાન ચલાવ્યું તેના ફળ સ્વરૂપે લોકોમાં જાગૃતિ આવી અને આજે ૧૧૦ ગામોમાં લક્ષ્મીનારાયણના મંદિરોની પ્રતિષ્ઠા થઇ શકી છે.

રતનશી ભાઇનાં શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેઓ રાત દિવસ જોયા વગર આ કાર્યમાં લાગી રહ્યા હતા.એ માટે તેમને સારો એવો આર્થિક ભોગ પણ આપવો પડયો હતો. તેમને મુંબઇની કેટલીક મિલકતો પણ વેંચવી પડેલી. તેની તેમને ચિંતા નહોતી. તેઓતો ઈચ્છતા હતા કે જ્ઞાતિજનો જાગૃત થાય અને ધર્મનો સાચો રાહ સમજે.

સમય જતા તેમને સધિવાની જોરદાર અસર થઇ ગઇ અને તેઓ હરી ફરી શકે તેવી સ્થિતીમાં ન રહ્યા. એટલે તેમણે આ કાર્યને છોડી જીવનના છેલ્લા ૧૫ વર્ષ મુંબઇ રહેવા જવાની ફરજ પડી. જીવનના અંતકાળ સુધી મુંબઈજ રહ્યા. તા.૨૮-૯-૧૯૭૦માં રતનશી બાપાનો દેહવિલય મુંબઇમાં જ થયો. શ્રી રતનશી બાપાએ ધર્મ જાગૃતિ માટે કરેલા સેવા કાર્યને જ્ઞાતિજનો ક્યારે ભૂલી શકે તેમ નથી.
તેમને સત્ સત્ વંદન...

ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણી (દિવાણી)

- કવિ પટેલ - દિલ્હી વાળા
પ્રતિનિધિ પાટીદાર સંદેશ

ભારતની આઝાદીથી પહેલાં અને પછીની કચ્છ કડવા પાટીદારોની પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવી ગયો છે. આઝાદી પહેલાં સમાજ ધાર્મિક અને સામાજિક રીતે સમાજના ધારા ધોરણમાં બંધાયેલો હતો. તે વખતે સમાજમાં પાંચાડા પ્રમુખોનો હુકમ ચાલતો હતો. પીરાણા પંથી ધર્મના લીધે ધાર્મિકરીતે સમાજ બંધાયેલો હતો. આવી પરીસ્થિતી હોવા છતાં સમાજમાં સુધારાવાદી વલણ અને ધામિંક રૂઢીવાદી પરંપરાને ફગાવી દેવા માટે સમાજમાં સાહસવીરોએ એક આંદોલન ઊભું કરી સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસો ચાલુ કર્યા હતા. સર્વ પ્રથમ આપ્રયાસો ગામ નેત્રાના ધાર્મિક ક્રાંતિવીર 'પટેલ કેશરા પરમેશ્વરા' દ્વારા સમાજમાં ધાર્મિક ચેતના લાવવા માટે ચાલુ થયા. પરંતુ તે વખતે સમાજમાં રૂઢિવાદી પરંપરાને વરેલા વડીલોનો જોઇતો સાથ સહકાર ન મળ્યો છતાં પણ કેશરા બાપાએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સ્વીકારી સનાતન ધર્મનું બીજારોપણ કરેલ. અત્યારે આપણા સમાજમાં શ્રી સ્વામિનારાયણને માનવા વાળા દશેક ગામો છે.ત્યારબાદ લીંબાણી પરિવારના સ્વ. નારાણ રામજી લીંબાણી અને તેમના સાથીદારોએ ધાર્મિક પરિવર્તનનું આંદોલન ચાલુ રાખેલ. નારાણ રામજી લીંબાણીએ સમાજમાં વીરતા પુર્વક સાહસ કરી ભારતભરમાં જ્યાં જ્યાં આપણી સમાજો હતી ત્યાં સભાઓ ભરી અને વિદ્વાનોને સાથે રાખી સમાજને સનાતન ધર્મનો સાચો રસ્તો બતાવવા ખૂબ મહેનત કરી. પરંતુ ત્યારે પણ સમાજ પર ધાર્મિક દબાણ હોવાથી નારાણ બાપા તથા તેમના સાત સાથીદારોને જોઇતી સફળતા ન મળી.પણ આ શૂરવીરો સમાજનો

બહિષ્કાર હોવા છતાં પોતાના ધાર્મિક પ્રયાસોમાં અટલ રહ્યા. પરંતુ બાપાના આ ધાર્મિક આંદોલનને લઈ પાટીદાર સમાજમાં જાગૃતી અને નવી ચેતનાના પ્રાણ પુર્યા અને તે વખતે નારાણ બાપાની સાથે શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાયના સ્થાપક શૂરવીર નરવીર અને ધાર્મિક પરિવર્તનના ક્રાંતિવીર ગામ વિરાણી મોટી વાળા (હાલ ઘાટકોપર મુંબઈ) સ્વ. રતનશી ખીમજી ખેતાણી દીવાણી એ બાપા દ્વારા અધૂરા રહેલ પ્રયાસને સફળ બનાવવા માટે બીડું ઝડપ્યું અને તેઓએ શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાય સનાતન ધર્મને ગામોગામ પોતાના સાથીદારોને સાથે રાખી અને સમાજના ધર્મ ગુરુ બ્રહ્મલીન સદ્‌ગુરુ ઓધવરામજી મહારાજની સાથે રહીને સનાતન ધર્મનો ફેલાવો કરી અને ધર્મનો સાચો મર્મ સમજાવી વિક્રમ સંવત ૨૦૦૨ની સાલમાં ગામો ગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને સમાજના ઈષ્ટદેવ ગણી, પાનમૂર્તિ મંદિરો બનાવી સાચો સનાતન ધર્મ અપનાવ્યો.આજે આપણે સનાતન ધર્મના નેજા હેઠળ રહી સનાતન ધર્મના પ્લેટ ફોર્મ પર આપણી સમાજના ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પૂજા અર્ચના કરીએ છીએ. ધન્ય છે આ બંને મહાન સપૂતોને કેજેણે નારાણ બાપાના અધૂરા કામને પૂર્ણ કર્યા. આ બંને ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણી વિરાણી મોટી વાળા અને બ્રહ્મલીન ઓધવરામજી મહારાજને કે જેણે આજે સમાજને સાચો રસ્તો બતાવ્યો અને ધન્ય છે બ્રહ્મલીન વાલદાસજી મહારાજને કે જેણે ક.ક.પાટીદાર સમાજ માટે પોતાની પ્રથમ ફરજ સમજી અધૂરાં કાર્યો પૂરાં કર્યા

સાથે હું ચાલુ પેઢી તથા ભાવિ પેઢીને જાણકારી દેવા માગું છું કે **શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોના પ્રચારક, સ્થાપક વીર પુરુષ સ્વ. રતનશી ખીમજી ખેતાણી ગામ વિરાણી મોટી વાળાને આપણા સમાજે શા માટે ભુલાવી નાખ્યા છે જ્યારે એમના દ્વારા સ્થાપેલ સનાતન ધર્મના પ્લેટ ફોર્મ પર મોટા મોટા ભાષણો કરીએ છીએ અને સમાજને બતાવીએ છીએ કે અમો પણ કંઈક છીએ.** શું આનો જવાબ સમાજના વડીલો, અગ્રેસર તથા રતનશી બાપાની જોડે જેમણે સનાતન ધર્મ માટે પ્રયત્નો કર્યા અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરી તેઓ ક.ક. પાટીદાર સમાજને જવાબ આપસે કે રતનશી બાપાને શામાટે ભુલાવવામાં આવ્યા?જ્યારે સમાજના દરેક સંકુલમાં આપણા સમાજના વડીલોના ફોટાઓ રાખવામાં આવે છે જ્યારે રતનશી બાપાનો ફોટોતો અલગ રહ્યો પરંતુ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા વખતે રતનશી બાપાને શ્રધ્ધાના બે શબ્દો પણ નથી કહી શકતા. ખરેખર વિડંબના છે. આવું શા માટે?

સાથે આપણી જ્ઞાતિના ધાર્મિક વડા બ્રહ્મલીન ઓધવરામજી મહારાજને પણ ભૂલી શકીએ તેમ નથી. જ્યારે આપણે પીરાણા પંથી અને સનાતન ધર્મનો સંઘર્ષ ચલતો હતો ત્યારે ઓધવરામજી મહારાજે આજથી લગભગ સિતેરથી પંચોતેર વર્ષ પહેલાં ઉમિયા માતાજી ઊંઝાથી ઉઘાડા પગે ચાલી સળગતી જ્યોત લાવી વાંઢાય મધ્યે ઉમિયા માતાજીની સ્થાપના કરી અને આપણી કુળદેવી તરીકે સમાજે સ્વીકારી અને મહારાજશ્રીએ તેમનો વહીવટ સમાજને સોંપ્યો અને અત્યારે આપણા પર મા ઉમિયાની એટલી બધી કૃપા થઈ છે કે આજે આપણે સર્વે સાધન સંપન્ન થયા છીએ અને ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાનની કૃપાથી લક્ષ્મી અને નારાયણે આપણા ઉપર મહેર કરી છે.તો કચ્છ કડવા પાટીદાર સમાજને મારી એક વિનંતી છે કે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરશો અને સાથે નારાયણ ભગવાનને રાખજો. નારાયણ ભગવાન વિના લક્ષ્મી રહેવાની નથી.

છેલ્લે સ્વ. નારાણ રામજી લીંબાણીએ સમાજ માટે અને ઓલ ઈન્ડિયા પાટીદારના અધિવેશન વખતે જે પાટીદાર સમાજ માટે કાર્યો કર્યા છે તેની જાણકારી માટે હાલમાં યુ.પી.બિહારના મહાસભાના પ્રમુખ ત્યાં દિલ્હી નિવાસી કવિ પટેલના સહયોગથી એક હિન્દી ભાષામાં પાટીદારોનો ઈતિહાસ પ્રગટ કર્યો છે. આ ઈતિહાસ ખરેખર વાચવા લાયક છે. જે ભાઈઓને આ પુસ્તક જોઈતું હોય તેણે કવિ પટેલને દિલ્હી જાણ કરી મંગાવી લેવું.

◆

સ્વ. નારાયણ શીવજી માનાણી (નાકરાણી)

નારણ બાપાનો જન્મ સા.૧૯૪૭ કારતક પૂર્ણિમાના વિરાણીમાં થયેલ હતો.

સ્વ. નારાયણ શીવજી કચ્છથી મુંબઇ આવ્યા પણ માદરે વતન વિરાણીને ભુલ્યા નહોતા. મુંબઈમાં બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરનું કામ કરતા કરતા પોતાના પરિવારના ભાઈઓને ખૂબજ સાથ સહકાર આપી આગળ લેવામાં તેમનો સિંહ ફાળો હતો. મુંબઈ જેવા ગીચ વિસ્તારમાં નારાયણ નગરનું નિર્માણ કરી ઘણા લોકોને રહેવાની સગવડ પૂરી પાડેલ હતી અને રેલ્વે કોન્ટ્રાક્ટરનું કામ પણ મુંબઈથી શરૂઆત કરેલી હતી અને મુંબઈમાંજ જીવન વિતાવતાં વિરાણી આવતા જતા. વિરાણી ગામમાં અંગ્રેજી શાળા શરૂ કરવા તેમણે વિચાર કરેલ પણ શરૂ થઈ નહોતી શકી પણ શિક્ષણ ક્ષેત્રે પ્રેમ હોવાથી જ્યાં સુધી નવી શાળા ન થાય ત્યાં સુધી પોતાનું રહેણાંકનું મકાન શાળા માટે વાપરવા આપ્યું અને શાળા સારી એવી ચાલતી હતી. પછીથી સરકારી મકાનમાં શાળા જવાથી મકાન ખાલી થયેલ હતું. વિરાણી નખત્રાણા સડક પણ તેમના માર્ગદર્શન અને સાહસથી શરૂ થઈ હતી. તેમજ વિરાણી દેવીસર રોડમાં પણ પોતાની વાડીનો ભાગ કાઢી આપીને સડક કાઢવા દીધી એ પણ એમની મહાનતા હતી.પોતે સાહસિક અને હિમતબાજ હતા. કુશળ વેપારી વિચારના બાપા પોતે સેવાભાવી હતા. વિરાણી ગામની સમાજવાડીની જમીન લેવામાં બાપા પાસેથી લાકડીનો લીટો દોરીને બે એકર જેટલી જમીન મેળવી લીધી હતી. જેનો ઉપયોગ આજે આપણે કચ્છમાં સૌથી વિશાળ સમાજવાડી તરીકે માણી રહ્યાછીએ. ગામના વિકાસ માટે પણ બાપા ચિંતા કરતા અને ગામના લોકોને મદદ કરવા માટે હંમેશાં પોતાની તૈયારી બતાવતા. નખત્રાણામાં અખિલ ભા.ક.ક.પા. સમાજની બોર્ડીંગની વિશાળ જમીન મેળવવામાં પ્રેરણા સ્ત્રોત અને બાંધવામાં તેમનો સિંહ ફાળો હતો. મુંબઈમાં નારણ રામજી લીંબાણી એ સભા ભરી હતી ત્યારે તેમને પણ ઉપયોગી થયા હતા અને સનાતન ધર્મની જેહાદ જગાડી સતપંથમાંથી સનાતનમાં લાવવા ઘણા કુટુંબોને પ્રેરણા સ્ત્રોત બન્યા હતા.ઘાટકોપરની સમાજવાડીની વિચારણા વખતે પ્રથમ ફાળો ૧૦૦૦૦ રૂા. લખાવનાર આજ પાંત્રીસ વર્ષ પહેલાંના વીર પુરૂષ એ હતા જેના શરૂઆત કરવાથી આજે ઘાટકોપર પાટીદાર સમાજવાડી પણ માણી રહ્યા છીએ. વિરાણી ગામમાં એકી કરણ માટે બાપાએ સંકલ્પ કરેલ કે ગામ એક થાયતો હું ખીચડીને ઘી જમાડીશ. તે ગામ સં.૨૦૫૯ માં વિક્રમ સં.૨૦૧૪ એક થયું ને બાપાએ ગામ આખાને ખીચડીને ઘી જમાડેલ.

બાપાનો દેહ વિલય
સંવત ૨૦૨૦ ભાદરવા પુર્ણિમાના દેવ થયેલ છે.

શ્રી શીવદાસ કાનજી સોમજીયાણી (જીવન ઝલક)

કચ્છના કડવા પાટીદારોના લગભગ ૧૧૦ ઉપરાંત ગામોમાં વિરાણીનું મહત્વ કંઈક વિશેષ છે. આ વિરાણીને વીર ભૂમિ કહીએ તો અતિશયોક્તિ કરી છીએ એમ ન કહેવાય. પરગામથી પહેલી વખત વિરાણીમાં આવનારને આવા નાના ગામને આવા મોટા ગઢની કેમ જરૂર પડી હશે એવો વિચાર આવે અને એને એમ લાગે કે આ ગામે ભૂતકાળમાં કેટકટલાં ધિંગાણાં જોયાં હશે.

આપણી કોમના આદ્ય સુધારક પૂજ્ય મુરબ્બીશ્રી નારાયણ રામજી લીંબાણીનો જન્મ આજ વિરાણીમાં થયો હતો. આજે આપણી જ્ઞાતિની જે ધાર્મિક અને સામાજિક પ્રગતી છે તેમાં પાયો શ્રી નારાણ રામજીએ નાખ્યો હતો એમ કહેવું તદન યથાર્થ છે.

વિરાણીનું પાણીજ કંઇક વિશેષતા ધરાવતું હોય તેમ લાગે છે. આપણી જ્ઞાતિના એક માત્ર વિલાયત જઇ પાસ થઇ આવેલા બેરિસ્ટર વિરેન્દ્રભાઇની જન્મભૂમિ વિરાણી. એવીજ રીતે વિલાયત જઇ આંખના નિષ્ણાંતની પદવી લઇ આવેલા ડો. વેલજીભાઇ રામજી માનાણીની જન્મભુમિ પણ વિરાણી. આકાશમાં ઉડતા "ગાડા ખેડુ" એટલેકે વિમાન ઉડાડનાર જ્ઞાતિના પ્રથમ પાયલોટ કૌશિકભાઇ વિરેન્દ્ર સોમજીયાણી પણ વિરાણીના અને આવુંજ કંઇક ગઈ કાલના જ્ઞાતિ રત્નો નારાયણ નગરવાળા, શ્રી નારાયણ શીવજી માનાણી, શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી શીવદાસ કાનજી સોમજીયાણીનું જન્મ સ્થાન પણ આ વિરાણી ગામ.

ખેતી પ્રધાન આપણી જ્ઞાતિમાં બે વ્યક્તિઓમાં એક કાનજી સલાટ અને બીજા ભીમજી સલાટ. એ બંન્નેની જોડી કરાંચીમાં અને કચ્છમાં જ્યાંજ્યાં શિલ્પકામ કરવાનું હોય ત્યાં લગભગ હાજર હોયજ. સલાટના કામ ઉપરાંત કાનજીબાપા જોતપણાનું, દવા દારૂ કરવાનું, ઈમારતી લાકડાં વેચવાનું, કંદોઇનું એવા એવા કામોમાં નિષ્ણાત. આમ કાનજીબાપા આજુબાજુના ગામોમાં જ્ઞાતિ પરજ્ઞાતિમાં ઠીકઠીક જાણીતા. કંઇક નવું કરવાની હિંમત પણ કાનજીબાપામાં ખરી. એ વખતમાં આપણી જ્ઞાતિના પુરૂષોનો પહેરવેશ ચેંણો (ચોરણી), કેડિયું અને માથે અણી વાળી પાઘડી. કાનજીબાપાએ પહેલ વહેલું પહેરણ અને ધોતિયું પહેરવાનું શરૂ કર્યું. જ્ઞાતિના ચિલાચાલુ પહેરવેશમાં આવું ક્રાન્તિકારી પગલું લેવા બદલ જ્ઞાતિએ કાનજી બાપાને પાંચ કોરી દંડ ફટકાર્યો.

આવા બહુવિધ વિશેષ અને કંઇક નવું કરવાની હિંમતવાળા કાનજીબાપાને ત્યાં શીવદાસ ભાઇનો જન્મ થયો જેઓને આપણે સૌએ શીવદાસ બાપા તરીકે જાણ્યા અને સન્માન્યા. વિરાણીની નિશાળમાં ત્રણ ચોપડીના અભ્યાસ બાદ કાનજી બાપા સાથે કરાંચી કમાવા ગયા.

સૌ પ્રથમ શીવદાસબાપા પિતાશ્રી કાનજીબાપા સાથે કરાંચી સલાટનું કામ કરવા ગયા. બે વર્ષની ખેપ કરી વિરાણી આવ્યા. બીજી કેપ કલકતામાં લાકગાં વેરવાના કામ માટે કરી. એકવડીયો શરીરીક બાંધો ધરાવતા શીવદાસ બાપાને આ કામે જતા જોઇ કેટલાય ગામ લોકોને થયુંકે આભાઇ કલકતાથી જલ્દી પાછા ભાગી આવશે. પરંતુ એકવડિયા શરીરવાળા શીવદાસબાપા સાડા ત્રણ વર્ષની ખેપ કરી કલકતાથી પાછા આવ્યા.

કરાંચી ાને કલકતાનો અનુભવ લીધાપછી શીવદાસ બાપા નસીબ અજમાવવા મુંબઇ આવ્યા. મુંબઇમાં પ્રથમ સુતારી કામ શીખ્યા અને નશીબનું પાંદડું ફાયદા કારક રીતે ફરી ગયું. તેઓની કામ પ્રત્યેની

નિષ્ઠા અને પ્રામાણિકતાને લઇને શેઠીયાઓનો પ્રેમ જીતી લીધો અને સુતાર મટીને મુકાદમ બની ગયા અને ત્યારબાદ "કંટ્રાટી" થયા.

આ પ્રવૃતિના લીધે વગદાર વ્યક્તિઓના પરિચયમાં આવ્યા.અને સિવિલ એન્જીનીયરો, વકિલો, સોલી સીટરો, સરકારી અને મ્યુનસીપાલટીના અફિસરો વગેરે લોકોના પરિચયમાં આવ્યા.

કેળવણીના મહત્વનો પૂરેપૂરો ખ્યાલ તેઓને આસમય દરમ્યાન આવ્યો. ભણતરની કિમત સમજાઇ, ભણતર સિવાય પૈસાની કે પ્રામાણિકતાની કોઇ કિંમત નથી આ વાત તેઓના મનમાં બરાબર કસાઈ ગઇ.

મુંબઇના નિવાસ દરમ્યાન શીવદાસ બાપા પૂ. મુ. શ્રી નારાયણજી રા. લીંબાણીના ગાઢ પરિચયમાં આવ્યા અને ઉત્સાહ પૂર્વક તેમની પ્રવૃતિમાં જોડાયા, વિધિ પૂર્વક દેહ શુદ્ધિ કરાવી. જ્ઞાતિ સુધારાનું મૂળતો કચ્છમાંજ તેથી વિરાણીમાં પૂ. નારાયણ બાપાની સમાજ સુધારણાની પ્રવૃતિને ટેકો આપતું યુવાનીઆનું જુથ હતું. શીવદાસ બાપા મુંબઇમાંના પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢીને અવાર નવાર વિરાણી આવતા અને અન્ય સાથીઓ જેવાકે સર્વ શ્રી લધા વિશ્રામ સોમજીયાણી, શીવગણ લાલજી પટેલ, અરજણ પબા ભાણજીયાણી, કાનજી ડાયા વગેરેના કામોમાં સાથ આપતા. વિરાણી ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું કચ્છ ખાતેનું પ્રથમ મંદિર સ્થપાયું ત્યારે મંદિર બનાવવાવાળા યુવાનોના જૂથને શીવદાસબાપાનો પૂરે પુરો સહકાર મળ્યો.

સામાજિક અને ધાર્મિક પ્રવૃતિમાં સાથ આપતાં આપતાં પણ તેઓ ભણતરની કિંમત ભૂલી ગયા ન હોતા અને વખત જતાં જ્ઞાતિ કેળવણી માટે મદદરૂપ થવા કચ્છમાં બોર્ડિંગ કરવાનો વિચાર કર્યો અને આવા ઉમદા વિચારને સાકાર કરવા માટે અગણિત વ્યક્તિઓ સાથે સલાહ મસલત કરી આ બાબત અંગે જોઇતા નાણાં ફાળા દ્વારા એકઠાં કરવાનો નિર્ધાર કરી ભારત ભરનો પૈવાસ ખેડી અનેક મુશ્કેલીઓનો સામનો કરી ફંડ જમા કર્યું. આમ ભારત ભરમાં શીવદાસ બાપા પથરાઇ ગયા.

નખત્રાણા બોર્ડિંગને ઉભી કરવા માટે બાપાએ ઉઠાવેલી જહેમત અને દિલ ચશ્પી માટે જ્ઞાતિ શીવદાસબાપાની કાયમની ઋણી રહેશે.

બોર્ડિંગનું મકાન તૈયાર થયા બાદ ઉદ્‌ગાટનનો સમય આવ્યો ત્યારે જે સભા ભરાઇ તેનું પ્રમુખ સ્થાન શવિદાસબાપાએ શોભાવ્યું અને એપણ તમામ જ્ઞાતિ જનોએ લીધેલા સર્વાનુમતે નિર્ણયથી. ત્યાર બાદ શ્રી ભીમજી કેશરાના શુભ હસ્તે મકાનનું ઉદ્‌ગાટન સંપન્ન થયું અને ત્યારે જ્ઞાતિ પરિષદ બોલાવવાનું નક્કી થયું અને એ પરિષદનું પ્રમુખ સ્થાન પણ શીવદાસબાપા શોભાવે એવું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું અને ત્યારે બનાવેલ બંધારણ પ્રમાણે બાપાને પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. અને પ્રમુખને નાતે સમસ્ત જ્ઞાતિની અને સંસ્થાના પ્રમુખને નાતે સંસ્થા પ્રમુખની જવાબદારી અદા કરવાની આવી અને તે બાપાએ વરસો સુધી નિભાવી.

આવી ભવ્ય બોર્ડિંગ બનાવ્યા બાદ તેના સંચાલન માટે તેઓએ પસંદ કરેલ ગૃહપતિ શ્રી કે જેઓ આપણને શ્રી હિરજી ટોકરથી ઠક્કરના રૂપમાં મળ્યા અને એમના સમયમાં સંસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓ એમને મળેલા સંસ્કાર, શિક્ષણ અને સલાહ સૂચનો માટે ઠક્કર માસ્તરને અને શવિદાસ બાપાને સ્નેહ પૂર્વક યાદ કરે છે.

તે સિવાય બોર્ડિંગમાં વિદ્યાર્થીઓ માટે મળતી સુવિધાઓ કેમ વધે અને વિદ્યાર્થીઓ વધારેમાં

વધારે પ્રવૃતિઓ કેમ કરી શકે તેનું હંમેશાં ચિંતન કરતા અવા શીવદાસ બાપાએ નિભાવ ખર્ચ માટે જોઇતા નાણાં સાધનો વગેરે માટે ભીખ માગવામાં એટલેકે ફાળો ઉઘરાવવામાં ક્યારેય ક્ષોભ કે શરમ અનુભવ્યાં નથી.

જ્યારે બોર્ડિંગનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યું ત્યારે શીવદાસ બાપાએ પોતાનું લક્ષ્ય મુંબઇ ખાતે સમાજની વાડી બનાવવા તરફ કેન્દ્રીત કર્યું.આમહા કાર્ય માટે જોઇતી જમીન લેવાનું, બાંધકામ કરવાનું, ફાળો ઉઘરાવવાનું અને કાર્ય પાર પાડવા માટે જોઇતા સાથીદારોની ટીમ ઊભી કરવાનું કાર્ય પોતાની આગવી કાર્યશૈલીના આધારે યશસ્વી રીતે પાર પાડી ભવનની ઈમારત ઊભી કરી દેખાડી.

પોતાનું કાર્યક્ષેત્ર ફક્ત જ્ઞાતિની ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક હેતુઓ માટે મર્યાદિત ન રાખતાં રાજકારણમાં પણ રસ લઇ અને એ વખતના સ્વતંત્ર પક્ષના જોરવાળા નખત્રાણા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરી પ્રચંદ બહુમતીથી વિજય મેળવી અને કોંગ્રેસે ગુમાવેલી આબરૂ શીવદાસ બાપા દ્વારા નખત્રાણા તાલુકા પૂર્તિ તાછી મેળવી.

યાદ શક્તિ માટે એમ કહી શકાયકે શીવદાસબાપા એક જીવતું જાગતું કોમ્પ્યુટર હતા.એક વખત મળેલ વ્યક્તિ ફરી વખત મળે ત્યારે નામથી બોલાવે, તેના વિષેની જાણકારી પુરે પુરી.તેને ફરીથી સંભળાવે અને મળનાર વ્યક્તિ આશ્ચર્ય ચકિત બની જાય અને જીવન ભર બાપાને બિરદાવતો રહે.

જ્ઞાતિની સેવા માટે શીવદાસ બાપાએ આપેલો સમય, શક્તિ અને નાણાંનો ભોગ જ્ઞાતિ હંમેશા યાદ કરશે. અ.ભા.ક.ક.પાટીદાર સમાજની પ્રથમ પરિષદમાં સર્વ સંમતિથી સામાજિક ધારા ધોરણો બનાવવામાં આવ્યાં. એમાં શીવદાસબાપાની કુનેહ ઓછી જવાબદાર નહોતી.આમ શીવદાસ બાપાની સર્વોતમ સિધ્ધિ એટલે એમણે જ્ઞાતિમાં આણેલું ઐક્ય.

૯૫ વર્ષનું નિરોગી જીવન જીવેલા શીવદાસબાપાએ પોતાની જીંદગીમાં ખૂબ તડકા છાંયા જોયા અને વિપરીત સંજોગોમાં પણ પોતાના સિધ્ધાંતો માંથી ચલિત ન થયા.ટૂંકમાં શીવદાસબાપા જે રીતે જીવનમાં વર્તાયા એ જ શું આપણા સૌ માટે જીવન જીવવાનું શિક્ષણ નથી? અસ્તુ...

કરસન સીવદાસ મુખી (કાનાણી-દિવાણી) એ વિરાણી સમાજ માટે કરેલ વિશિષ્ટ કામગીરી

ભર યુવાનીમાં ધર્મ સંકટમાં સપડાયેલ એવા શ્રી કરશન બાપા કે જેઓના પિતાશ્રી પીરાણા પંથના ગેઢેરાઓમાં એક આગવું સ્થાન ધરાવતા હતા. વિરાણી ખાતેના પીરાણા પંથના મુખી હતા. આ સંજોગોમાં શ્રી કરશન બાપા માટે મોટી વિટંબણા ઊભી થઈ. પોતાના પિતાશ્રી ચુસ્ત પીરાણા પંથી અને પોતે સાચો ધર્મ શું છે તેની સમજણ મેળવી ચૂકેલ અને સાચા માર્ગને અપનાવવા તલખપડ બનેલ પ્રખર બુદ્ધિજીવી વ્યક્તિ. હવે શું કરવું?

હિંમત દાખવી પોતાના પિતાશ્રીને ખૂબજ શાંતિથી અને જરાપણ માઠું ન લાગે તેમજ કોઈપણ પ્રકારનો અનાદર ન થાય તેનું સંપુર્ણ ભાન રાખીને યોગ્ય ચર્ચાઓના અંતે એમ સમજાવવામાં સફળ થયા કે "મને મારી રીતે મારા જીવનના આ મહત્વના નિર્ણયને લેવા આપો" વડીલ શ્રી શીવદાસ પરબતે આ બાબતને મંજૂરી આપી. બે એક વર્ષના સમયમાં પિતાશ્રીએ આ ફાની દુનિયામાંથી વિદાય લીધી.

પિતાની વિદાય બાદ શ્રી કરશન બાપાએ જે કરવું જોઈતું હતું તેજ કર્યું. ગામના તમામ પીરાણા પંથીઓનો વિશ્વસ જીતી તેઓને શ્રી લક્ષ્મીનારાયણ મંદિર તરફ વાળ્યા અને વિરાણી ગામમાં વર્ષો જૂનું ખાનું જડમૂળથી ઉખેડી સમસ્ત ગ્રામવાસીઓને એક સૂત્રે બાંધવામાં જ્વલંત સફળતા મેળવી.

કરસનબાપાએ નલીયાવાળા વિશ્વનાથજી મહારાજની વ્યાસપીઠ હેઠળ જ્યાં જ્યોતિર્ધામમાં પાટ હતો ત્યાંજ ભાગવત સપ્તાહનું આયોજન કર્યું. એ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ બાદ સમસ્ત ગામવાસીઓને વિશ્વાસમાં લઈ પ્રેમજીબાપા મુખીના સહયોગથી વિશ્વનાથજી મહારાજના હસ્તેજ પાટનું ઉત્થાપન (વિસર્જન) કરીને ગામમાં એકતા સ્થાપી. આજે વિરાણી ગામમાં આપણે સૌ ધાર્મિક એકતા જોઈ રહ્યા છીએ તેનો એક માત્ર અને સંપૂર્ણ યશ શ્રી કરસન શીવદાસ મુખી (કાનાણી) ના ફાળે જાય છે.

સમાજના વડીલોની લીધેલી મુલાકાતના અંશો

નાનજી લધાભાઈ સોમજીયાણી નાકરાણી - મોટી વિરાણી (હાલમાં હૈદ્રાબાદ)

વડીલશ્રીના આશીર્વાદ મળ્યા અને તેમણે આપણને ભલામણ કરેલકે જીવનમાં માણસે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સતસંગનો સહારો લઈ લેવો જોઈએ. યુવાનીમાં સત્સંગ મેળવેલો હશે તો પાછલી જીંદગીમાં તે ઉપયોગી થશે માટે હમણાંથી માણસે સત્સંગ માટે પ્રયાસ કરવા જોઈએ અને પરિવારના વડીલોની ભલામણને ધ્યાન રાખી જીવનમાં ઉતારવી જોઈએ અને પોતાના મા બાપને માન આપવા માટે પણ બાળકોને ભલામણ કરવી જોઈએ.સાચી વસ્તુ શું છે તેની શોધ સત્ય અંદર છે. સાચો આનંદ અંદરજ છે. બહાર દોડવાથી આનંદ નહીં મળે.સુખ અંદરજ છે દુ:ખ બહાર લેવા જવું પડે છે.માટે સુખને અંદરથી ઓળખવા માટે માણસ પ્રયત્ન કરે તો જરૂર પામી શકે છે અને હું આજે પણ નિયમિત જાપ રોજ કરું છું.

આપણા ગામમાં લક્ષ્મીનારાયણનું મંદિર થયું તેમાં સૌ રાજી હતા. એટલેજ મંદિરતો નિર્માણ થઈનેરહ્યું જે આજે પણ સાક્ષી પૂરે છે.

શ્રી કરસન શીવદાસ દિવાણી - મોટી વિરાણી (હાલમાં બેંગ્લોર)

વડીલ શ્રી કરસનબાપાએ સમાજના ભાઈઓને આશિર્વાદ આપ્યા કે તમે જે આ પ્રથમ મંદિરને ૭૫ વર્ષ થયાં તેની ઉજવણી કરો છો તે સારૂં કાર્ય છે. અમો રાજી છીએ. પ્રથમ મંદિર અને નવા મંદિરના પૂજા તથા વહીવટ માટે વડીલશ્રીએ સુચન કર્યા.

વડીલશ્રી આજે મોટી ઉંમરે વિરાણીથી બેંગ્લોર પરિવારના સંજોગોને માન આપી આવી ગયેલ છે.પણ તેમના મનમાંથી આજે પણ વિરાણી વિસરાતી નથી.વિરાણી સમાજની પ્રગતિ માટે હંમેશા ચિંતન કરતા રહે છે તેવા આ વડીલને નમસ્કાર છે.

શ્રી વિશ્રામ પચાણ અખીયાણી નાકરાણી - મોટી વિરાણી (હાલમાં બેંગ્લોર)

હાલમાં બેંગ્લોરની મુલાકાત લેતાં જાણવા મળેલ કે વિરાણી સમાજના ભાઈઓએ મંદિર બંધાવેલ ત્યારે અમે નાના હતા પણ ડખા થતા તે જોતા રેતા. પછી મોટા થયા ને કારોબારીમાં જે અમારાથી સેવા થઇ તે કરી.હવે તો અમારી ઉંમર થઇ અને પરિવારના સંજોગે હાલમાં બેંગ્લોર રહીએ છીએ બાકી તમે જે જુના મંદિરના ૭૫ વર્ષની ઉજવણી કરો છો તે સારૂં છે. તેમાં અમારી સહમતી છે અને આશીર્વાદ છે.

શ્રી રતનશી નારણ વાઘડિયા - ગામ ખોંભડી (હાલમાં બેંગ્લોર)

હાલ મુકામ બેંગ્લોરની મુલાકાત લેતાં જાણવા મળેલ છે કે તમે જે વિરાણી વાળા માહિતી લેવા આવ્યા છો તેવા હજી સુધી કોઇ માહિતી લેવા આવ્યા નથી અને તમે આમંત્રણ આપ્યું તેનાથી ઘણોજ રાજી થયો છું અને કહ્યું કે પ્રથમ મંદિરની પ્રતિષ્ઠા વખતે અમે હાજર હતા, નવા મંદિરની પ્રતિષ્ઠામાં હાજર હતા અને આજે તમે પ્રથમ મંદિરના ૭૫ વર્ષ ઉજવો છો તેમાં પણ બની શકશે, શરીર સાથ દેશે તો જરૂર આવીશ.

વિરાણીમાં પ્રથમ મંદિરની સ્થાપનાની માહિતીઓ આપી અને લાલજી પટેલ નગારાં વગાડતાને મેઘજી લખમસી પાંચાણી તથા જમના માએ આ મંદિરની પ્રથમ આરતી ઉતારેલ તે મને આજે પણ યાદ છે. અમારા સામૈયા બાઇઉએ ગોતીડાથી કર્યા ને શીવગણ લાલજીએ લક્ષ્મીનારાયણકી જયનો જય ઘોસ કરેલ અને ખૂબજ મોટો ઉત્સવ ઉજવેલ હતો.

રાજા રામ શામજી ઘોળુ માનકુવા વાળા (હાંઢિયો) ઊંટ કરીને માનકુવાથી વિરાણી પ્રતિષ્ઠામાં હાજરી આપવા આવેલ આવા માણસોને લક્ષ્મીનારાયણના મંદિરો થાય તેમાં ધગસ હતી.

મારા હિસાબે તમારા ગામના વડીલોએ જે પીરાણા સતપંથનો વિરોધ કર્યો તે ખૂબજ સરાહનીય કૃત્ય હતું. તેના માટે તમારા વડીલોને જેટલી શાબાસી આપીએ એટલી ઓછી છે. અપણો સમાજ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવા તરફ પ્રયાણ કરી રહ્યો હતો અને ચાલબાજો, કપટીઓ અને વિધર્મીઓની કપટી ચાલનો શિકાર બની ગયા હતા. આવા વખતે આપણા સમસ્ત સમાજને જાગૃત કરી પોતાના સાચા ધર્મની જાણ કરાવી અને ભરેલાં ડગલાં માંથી પાછા વાળ્યા.

એના જીવન્ત દ્રષ્ટાંત હું છું કે જ્યારે નાનો હતો ત્યારે મારી મા રસોઇ ઘરમાં હાંડલું ઉતારતા ત્યારે "ભીસ્મીલ્લાહ" બોલતાં. મેં ખાનાઓમાં (જ્યોતિષધામોમાં) કલમા પઢાતા દોઆઓ પઢાતી જોઇ સાંભળી છે.તમારા ગામના શ્રી નારાણ રામજીએ વૈદિક ધર્મ અંગિકાર કરી શુદ્ધિ કરાવી અને પોતાના સાથીદારોને પીરાણા વિરૂધ્ધ લડવા માટે પ્રેરણા આપી તૈયાર કર્યા. એનો સંપૂર્ણ યશ એમના ફાળે જાય છે અને એમને અપાયેલું બિરુદ "આદ્ય સુધારક" તે યથા યોગ્ય છે. પરંતુ શુદ્ધિ કરાવ્યા બાદ નારાયણ બાપાનું વલણ એવું હતું કે જેઓએ શુદ્ધિ કરાવી નહોય તેઓની સાથે ભળવું નહી અને ખાવા પીવાનો વ્યવહાર રાખવો નહી. આ વલણથી સમાજમાં વ્યવહારમાં ગુંથાયેલ દરેક વ્યક્તિઓને ખૂબજ અડચણ પડવા લાગી. શુદ્ધિવાદીઓ તકલીફમાં મુકાયા. આવા સંજોગોમાં નારાણ રામજી લીંબાણી સાથીદારોમાંના વિરાણીના સ્વ.રતનશી ખીમજી ખેતાણી કે જેઓ પરમ પૂજ્ય ઓધવરામજી મહારાજના સંપર્કમાં આવ્યા અને એમની સલાહથી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોના નિર્માણ કાર્યમાં પ્રવૃત થયા. કાળ ક્રમે આ પ્રવૃતિને સમાજના દરેક ગામોમાં યોગ્ય પ્રતિસાદ મળવા લાગ્યો અને ગામે ગામ મંદિરો બંધાતા ગયા અને ધર્મ સભાઓ ભરાતી ગઇ. પ્રચાર કાર્ય જાશવંતુ બન્યું અને આમ લક્ષ્મીનારાયણ ભગવાનની કૃપા સમાજ પર થઇ. આ માટે સ્વ.રતનશી ખીમજીની સાથે નખત્રાણાવાળા શ્રી સ્વ. નથુભાઇ નાનજી કેશરાણી અને કચ્છના જુદા જુદા ગામો માંથી ઘણા આગેવાનોનો ખૂબજ સાથ સહકાર મળ્યો.

મુલાકાત લેનાર

- હિમતલાલ રતનશી ખેતાણી(દિવાણી)મુંબઇ
- મણીભાઈ શામજી પાંચાણી - મુંબઈ
- ગંગદાસ નાનજી સોમજીયાણી - હૈદ્રાબાદ
- શંભુભાઈ ચંદુલાલ ગોગારી - મુંબઈ

કડવા પાટીદારોનો ઈતિહાસ

ઐતિહાસીક દષ્ટિએ કડવા પાટીદારોની ઉત્પતિ પંજાબમાં હતી. વસવાટ પણ ત્યાંજ વિભિન્ન વિસ્તારોમાં હતો. પરંતુ રાજકીય કથલ-પથલના કારણોને લઈને ત્યાંથી નીકળી ઉત્તર ભારતમાં મથુરા સુંધી જ્ઞાતિજનો પ્રસર્યા હતા. એક સમુહ ત્યાંથી માલવ પ્રદેશમાં વસ્યો. કેટલાક મથુરાથી કોટા - મંદસૌર રસ્તે થઈ વડનગર - ઊંઝા નજીકના પ્રદેશમાં વસ્યા. મથુરામાં વસેલા પૈકી કેટલાક ગંગા - જમનાના પટમાં ફેલાતા ગયા - ફળદ્રુપ વિસ્તારોમાં ખેતી વ્યવસાય કરતા-કરતા ઉત્તર ભારતના વિસ્તારોમાં ફેલાતા ગયા.

પંજાબથી સ્થળાંતર કરોને જુદી - જુદી ભૂમીઓમાં સ્થિર થયેલ કુર્મીઓ પોતાના મુળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબજ મમત્વ ધરાવતા હતા. પરિણામે પોતાનું મુળ વતન ભૂલાઈ ન જાય. તેમ જ પોતે ક્યા વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને આવેલા છે તે માટે પોતાના સમુહ માટે વિશેષ વિશેષણોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. આ રીતે પંજાબના કરડ વિભાગમાંથી આવેલા કુર્મીઓએ "કરડવા કુર્મી" એને લેવા વિસ્તારમાંથી આવેલા કુર્મીઓ "લેવા કુર્મી" જેવા વિશેષણો ધારણ કર્યા હતા. કાલાન્તરે આ વિશેષણો નું અપભ્રંશ થઈ "કડવા કણબી" અને "લેઉઆ કણબી" તરીકે અત્યારે પ્રચલિત બન્યા છે.

વિવિધ સ્થળોમાં જઈ વસવાટ કરવાથી બધા સમુહનો એક-બીજા સાથેનો પ્રાચીન સમ્બધ ઓછો થતો જાય તે સ્વાભાવિક છે. ઉપરાંત રજપુત શાસનના અંત પછીના લગભગ છ સો વર્ષ સુંધીના અવ્યવસ્થિત સમયમાં જુદા - જુદા વિસ્તારોમાં વસતા કુર્મીઓનો અરસ - પરસનો સંબધ નષ્ટ થઈ ગયો હતો. આવા સંજોગોમાં ભારતમાં જુદા-જુદા વિભાગોમાં વસવાટ કરતા કુર્મીઓના આચાર વિચાર અને રીત - રીવાજોમાં પણ ખાસો તફાવત થઈ ગયો અને તેવા જ બીજા કારણોને લઈને કુર્મી એ સામાન્ય સંજ્ઞા ને બદલે દેશકાળને લીધે જુદો-જુદો પેટા સંજ્ઞાઓ પ્રાપ્ત થતી ગઈ. જેમકે ઉત્તર ભારતમાં વસવાટ કરતા કુર્મીઓ "કુર્મી ક્ષત્રિય" એ સંજ્ઞાથી પ્રચલિત થયા. મહારાષ્ટ્રમાં વસેલા જ્ઞાતિજનો ને "મરાઠા કુર્મી" વગેરે વિશેષણો મળ્યાં. માળવાથી આવી ઉત્તર ગુજરાતમાં વસનારા કુર્મીઓમાં વારંવાર સ્થળાંતર થવા છતાં પોતાની અસલ સંજ્ઞા જાળવી રાખી અને પોતે અસલ ક્યા સ્થાનેથી આવેલા છે તે પરથી અસલ કુર્મીઓ માં કડવા અને લેઉઆ વિશેષણો ઉમેરાયા.

ઊંઝા - વડનગર વિસ્તારમાં વસવાટ કરતા કુર્મીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ગુજરાત પ્રદેશમાં મુસ્લિમ રાજ્ય સત્તાના અમલ દરમ્યાન સમસ્ત કુર્મી જ્ઞાતીઓ છિન્ન ભિન્ન હાલતમાં હશે એવું અનુમાન કરી શકાય છે જેથી ઊંઝા - વડનગર વિસ્તારથી ફળ દ્રુપ જમીનોની શોધમાં કચ્છ તરફ પ્રયાણ કરેલ અને દૂધઈ વિસ્તાર થઈ કચ્છના વિસ્તારોમાં જ્યાં જમીનો મળી ત્યાં વસ્યા હોય એવું અનુમાન થઈ શકે છે. જેનો કોઈ વ્યવસ્થિત ઈતિહાસ મળતો નથી. પણ અનુમાન થઈ શકે છે કે કચ્છમાં લગભગ અઢીસોથી ત્રણસો વર્ષ જ થયાં હશે કડવા પાટીદોરોની વસાહતને.

મોટી વિરાણી ગામનો ઈતિહાસ

રજપુત જાતિનાં વલાંઓએ આ ગામ લગભગ સાડા ચારસો થી પાંચસો વર્ષ પહેલાં વસાવ્યું છે. તેમના મુખીયા વિરોજી હતા જેના નામ પરથી આ ગામનું નામ વિરાણી પડ્યું હોય એમ લાગે છે. કારણ કે શરૂઆતમાં તે "વલાંની વિરાણી" તરીકે આળખાતું હતું.

રજપુત વલાંઓ પર જાડેજા દરબારો ચડી આવ્યા અને વલાંઓને ભગાવ્યા પણ જાડેજાઓને પોતાની સત્તા અને સમૃદ્ધિ ટકાવી રાખવા કોઈકનો સહારો જોઈએ જે લગભગ અઢોસો વર્ષ પહેલાં વિ.સં. ૧૮૦૫ માં પાટીદારોએ ઊંઝા વિસ્તારથી આવીને હાલના ગામની ઊગમણી બાજુ બાડા વાળી નદીના કીનારે લાસા નામની ટેકરી પર આવીને વસવાટ કર્યો હતો. તેમને જાડેજા દરબારોએ પોતાની સત્તા જમાવવા અને વિસ્તાર વધારવા જમીનો આપીને ગામમાં વસાવ્યા. દરબારોએ જે જમીનો આપી તેને પાટીદારોએ ગોખરૂ બુટા કરી પોતાનો જીવન વ્યવહાર ચલાવ્યો.

બારભાયાની રાજરમત પ્રમાણે જાડેજા દરબારોએ લગભગ અઢીસો વર્ષ પહેલાં મુંદ્રા તાલુકાના ગજોડ ગામથી બાહુબળના પ્રભાવથી એક દરવાજો ઉપાડી લાવેલા જે આજે પણ દરબારગઢમાં સારી હાલતમાં મોજુદ છે.

પહેલાના સમયમાં વિરાણી ગામ કંડાવાળો દ્વારા કહેવાતું જે કંડાનું ઝાડ જુનાકાળથી અત્યારે પણ મોજુદ છે. અને વિશાળ કાયા ધરાવે છે. એક વિશાળ તળાવને કિનારે આ કંડાનું ઝાડ હતું પણ સમયના વહેણ સાથે કાળક્રમે ધીમે ધીમે તળાવ પુરાઈ ગયું પણ કંડો હજુ પણ મોજુદ છે, અને કંડાના વૃક્ષની આસપાસ સાટી (મુસ્લીમ) પરીવારો વસે છે.

મોટી વિરાણી ગામ તાલુકા મથક નખત્રાણાથી લગભગ ત્રણ કિલો મિટર મુખ્ય સડક ભૂજ-લખપત ધોરી માર્ગથી અંદર આવેલું ગામ છે. આ ગામ સર્વાંગી વિકાસ પામેલું ગામ છે. તમામ સગવડો ધરાવે છે. રાષ્ટ્રીયકૃત બૅંકોમાં 'બૅંક ઓફ ઈંડીયા' ની શાખા ધરાવે છે. સબ પોસ્ટ ઓફીસ છે. સુસજ્જ ગ્રામ પંચાયત તથા તલાટીની કચેરીઓ છે. બાળ મંદિર, પ્રાથમિક શાળા તથા હાઈસ્કૂલ વ્યવસ્થિત ચાલે છે. આ બાળ મંદિર તથા પ્રથમિક શાળાના બાંધકામનો તમામ ખર્ચ ગ્રામ જનોએ આપેલ છે અને પછી તે ચલાવવા માટે સરકારશ્રી ને સુપ્રત કરેલ છે. હાઈસ્કૂલનું મકાન કચ્છની "ખનિજ વિકાસ નિગમ" ફંડમાં થી બનાવવામાં આવેલ છે અને તેનો વહિવટ ગ્રામ વિકાસ મંડળના ભાઈઓ દ્વારા કરવામાં આવે છે. તાલુકા મથક નખત્રાણા તદ્દન નજીક હોતાં નખત્રાણા ટેલીફોન એક્સચેંજના જ ટેલીફોન નંબરોથી સંકળાયેલ હોતાં સંદેશા વ્યવહારની તમામ સેવાઓ ઉપલબ્ધ છે. બસ વ્યવહારથી પણ બધી દિશાઓથી જોડાએલું છે. ભૂજ - લખપત - ગાંધીધામ નારાયણ સરોવર - જતાવિરા - હાજીપીર - અરલ - નિરોણા વગેરે તરફની સીધી બસો મળી શકે છે. ટેક્ષીઓ અને ઓટો રીક્ષા પણ હર વખતે ઉપલબ્ધ હોય છે.

શિક્ષણનો પ્રસાર

આજથી લગભગ સો એક વર્ષ પહેલાં જ્ઞાતિજનોમાં ગરીબાઈનું પ્રમાણ ઘણું વધારે હતું. જેથી તે વખતે ભણતર નહિંવત હતી. પણ ગામમાં એક ખોજા માસ્તર આવ્યા. ખોજા માસ્તરને કણબી પ્રત્યે કુણી લાગણી હતી. ખોજા માસ્તર આવ્યા પછી કણબી ભણવા લાગ્યા. ત્યાર પછી ટોકરસી માસ્તરને પણ પાટીદારો ઉપર ઘણો સ્નેહ હતો. પાત્રિસ વર્ષ સુંધી તેમણે ગામમાં સેવા આપી. આજ પણ ટોકરસી માસ્તર પાસે ભણી ગયેલા તેમને ખૂબ યાદ કરે છે. મોટી વિરાણી ગામમાં પાટીદારોમાં શિક્ષણનો પ્રભાવ વધ્યો હોય તો તેમાં શ્રી ટોકરસી માસ્તરનો ફાળો મુખ્ય છે.

આપણા ગામમાં અંગ્રેજી શાળા શરૂ કરવાનો વિચાર સર્વ પ્રથમ વડિલ શ્રી નારાયજી શીવજી નાકરાણીને આવેલ. તેમણે આ અંગ્રેજી શાળા શરૂ કરવા માટે સારી એવી રકમનું દાન પણ કરેલ. પણ તે સમયે તે શાળા શરૂ થઈ નહી. પણ શિક્ષણ હોશ વડિલશ્રીને ઘણી હતી. જેથી પહેલ - વહેલાં સ્કુલ વાણીયાવાડે પીપળાવાળા ડેલામાં શરૂ કરી. થોડાક સમય પછી તે સ્કુલ નારાયણજી શીવજી નાકરાણીના મકાનમાં ચલાવવામાં આવી અને ત્યાર બાદ સને ૧૯૫૨ માં લોકફાળા દ્વારા શાળાનું મકાન તૈયાર થયું અને તે સરકારશ્રીને શાળા ચલાવવા માટે અર્પણ કર્યું.

હાઈસ્કુલ માટેની ચળવળ પણ લગભગ ૧૯૮૭-૮૮ થી ચાલુ હતી પણ તે સપનું સને ૨૦૦૩ માં પુરું થયું. કચ્છની ખનીજ વિકાસ નિગમના ફંડની રકમથી બીલ્ડીંગ ઉભું થયું ત્યાર પછી લોક ફાળાથી તે હાઈસ્કુલનું સંચાલન કરવામાં આવે છે.

સમાજવાડીનું નિર્માણ

સમયના વહેણ સાથે સમગ્ર ગામે ધાર્મિક સ્વરૂપે એક રાહ અપનાવ્યો જેથી પરસ્પર પ્રેમ, સંગઠન, એકવાયતા જળવાઈ જેના ફળ સ્વરૂપે સમસ્ત વડિલોની દ્રષ્ટિ સામાજીક પ્રગતિ તરફ વળી અને જરૂરી આવશ્યકતાઓ તરફ લક્ષ કેન્દ્રીત કર્યું. ગામની વસતીને અનુરૂપ તહેવારો તથા સામાજીક પ્રસંગોએ પડતી અગવડતાનો સામનો કરવા સને ૧૯૬૧ માં બસ સ્ટેન્ડ પાસે મુખ્ય સડકને લાગીને એક વિશાળ પ્લોટ સમાજવાડી માટે લેવામાં આવ્યો. આ સમાજવાડી ની જમીન લેવામાં મુખ્ય ભાગ શ્રી નારાયણ શીવજી નાકરાણીનો હતો. તેમના અથાગ પ્રયત્નોથી સમાજવાડીની આ જમીન ફકીરબાવા પાસેથી ખરીદવામાં આવી. અને તે રકમ શ્રી નારયણ શીવજી નાકરાણી, શ્રી કરસન શીવદાસ દિવાણી, શ્રી ખેતા ગોપાળ કાનાણી અને ખેતા કરસન ગોરાણી પાસેથી લોન લઈને ચૂકતે કરવામાં આવેલ હતી. આ વડિલોની દીર્ઘ દષ્ટ્રિ થી જ તે સમયે ઘણો મોટો લાગતો પ્લોટ લેવાયો હતો અને તેમાં આજે લગ્નો, ભોજન સમારંભ, તહેવારોની ઉજવણી ખૂબ સારી રીતે કરવામાં આવે છે.

શ્રી નારાયણ ભુવનનું નિર્માણ

સમાજવાડીનો પ્લોટ ખૂબ વિશાળ છે. હાલમાં ગામનો વિકાસ કોટડા (જ.) રોડ તરફ થઈ રહ્યો છે. જેથી સમાજવાડીનો પ્લોટ ગામની વચ્ચે આવી જતાં મોકાનું સ્થળ પુરવાર થયું છે. સમાજનું મકાન બાંધવું જરૂરી હતું જેથી સમાજના મકાન બાંધકામની શરૂઆત કરવા માટે ગામવાસીઓમાં ઉત્સાહ ઉભો કરવામાં શ્રી પ્રેમજી કરસન છાભૈયાનો મુખ્ય ફાળો હતો. તેમણે મકાન બાંધકામમાં મુખ્ય ફાળો આપી બાંધકામની શરૂઆત કરાવી જેથી ગામવાસીઓના ઉત્સાહમાં વધારો થયો અને કાર્યકર્તાઓની અથાગ મહેનતથી સમાજવાડીમાં દક્ષિણબાજુનું બાંધકામ ઉભુ થઈ ગયું. ત્યારબાદ દાતાઓના સહકારથી ૧૯૮૮માં "શ્રી નારાયણ ભુવન" ઉભું થઈ ગયું પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક - આપણા ગામના જ વડિલ શ્રી નારાયણજી રામજી લમ્બાણીની કાયમી યાદગીરી રૂપે આ સમાજવાડીના મકાનનું નામ શ્રી "નારાયણ ભુવન" રાખવામાં આવ્યું. સમાજવાડીના મકાનમાં વિશાળ સુસજ્જ રૂમો, રસોડું, ભોજનાલય, બાથરૂમ તથા પાર્કિંગ વ્યવસ્થા વગેરેની સગવડો કરવામાં આવેલ છે. સિવાય સમાજ તથા યુવક મંડળની અલાયદાં ઓફીસો આવેલી છે. સ્ટોર રૂમ પણ બનાવવામાં આવેલ છે. જેનો બહોળા પ્રમાણમાં ગ્રામજનો લાભ લઈ રહ્યાં છે.

"સ્વ. વેલજી ખેતાણી ભવન"

ધો. ૧ થી ૬ સુધીમાં અભ્યાસ કરતાં બાળકોનું પાયાનું શિક્ષણ સુદૃઢ બને તે હેતુથી સમાજની મદદથી યુવક મંડળ દ્વારા વર્ષોથી ચલાવવામાં આવે છે. પહેલાં સમાજવાડીમાં ચલાવવામાં આવતું હતું. સમયની માંગ અને બાળકોની સગવડ માટે એક અલાયદા ભવનનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવતાં સમાજના વિકાસ માટે હંમેશાં ચિંતન કરતા રહેલા દાતાઓ તરફથી ભવન માટે જમીન અને બાંધકામ માટે ફાળાઓ સ્વેચ્છાએ મળતાં ભવનનું નિર્માણ શક્ય બન્યું. સમાજવાડીની નજીક દક્ષિણ તરફ સ્વ. કાંતાબેન વિરેન્દ્રભાઈ સીવદાસ સોમજીયાણી (નાકરાણી) તરફથી સમાજને ભેટ આપવામાં આવેલ. ભવનનું નામકરણ સ્વ. રતનસી ખીમજી ખેતાણી પરિવાર દાતાશ્રીની ઈચ્છા મુજબ "સ્વ. વેલજી ખીમજી ખેતાણી ભવન" રાખવામાં આવેલ છે.

ભવનના દાતાશ્રીઓ :

૧. સ્વ. વિશનજી ગોવિંદ દિવાણી

૨. સ્વ. અરજણ દેવશી : પોકાર પરિવાર

૩. શ્રી કરસન ભાણજી બાથાણી : હસ્તે હરિલાલ કરશન (ઈન્દોર - મ.પ્ર.)

૪. સ્વ. કરમશી મનજીભાઈ માનાણીનાં સ્મરણાર્થે : હસ્તે રામજી કરમશી

૫. સ્વ. ભાણજી જેઠાભાઈ ખેતાણી પરિવાર

૬. સ્વ. કરમશી રામજીભાઈ દિવાણીના સ્મરણાર્થે

આ ભવનમાં યુવક મંડળની ઓફિસ તેમજ કમ્પ્યુટર શિક્ષણ માટેની સગવડ ઉભી કરવામાં આવેલ છે. કમ્પ્યુટર શિક્ષણ માટે સ્વ. રતનશી ખીમજી ખેતાણી પરિવાર તરફથી પાંચ કમ્પ્યુટર-પ્રીન્ટર સપ્રેમ ભેટ આપવામાં આવતાં કમ્પ્યુટર શિક્ષણ શક્ય બન્યું.

બાળકોને રમત-ગમત માટે મેદાનની સગવડ માટે ટ્યુશન ક્લાસની બાજુની જમીન ધાનાણી ખીમજી કરસન અને ધાનાણી રવજી કરસન તરફથી અન્ય સ્થળે જમીન આપી સંપાદન કરવામાં આવેલ છે.

આદ્ય સુધારક સ્વ. નારાયણજી રામજી લીંબાણીની જન્મ શતાબ્દી

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સર્વોમાન્ય આદ્ય સુધારક પૂજ્ય વડિલ સ્વ. નારાયજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૧૫ મંગળવાર તા. ૧૫-૪-૧૯૮૪ ના ભવ્યતાથી ઉજવી અને તેમની કાયમી સ્મૃતિ સ્વરૂપે સમાજવાડીમાં અર્ધ કદની પ્રતિમા મૂકી તેની અનાવરણ વિધિ પ.પૂ. શ્રી વાલદાસજી મહારાજના વરદ હસ્તે કરાવી ભવ્ય સમારંભ યોજેલ. આ પ્રતિમા આજે સૌને પાટીદાર સમાજવાડીમાં પ્રેરણા આપી રહેલ છે. નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજના વિદ્યાર્થી ભુવનમાં મૂકવામાં આવેલ શ્રી નારાયણજી બાપાની પ્રતિમા મોટી વિરાણી પાટીદાર સમાજે ભેટ આપેલ છે.

ગામમાં ધાર્મિક સંસ્થાઓ

સર્વાંગી વિકાસ પામેલ ગામ હોવા છતાં ધર્મનો પ્રભાવ પહેલાંથી જ આ ગામ ઉપર ખૂબ રહ્યો છે. જુના વખતથી જ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓ - પ્રચારકો ધર્મ પ્રચાર માટે આવતા રહ્યા છે. ગામમાં એક મોટી ધર્મશાળા આવેલી છે જે સંત શ્રી આભારામજીએ બંધાવેલ છે જે તે સમયે સનાતન ધર્મના પ્રચારનું મુખ્ય સ્ત્રોત હતું. ગામના પ્રમાણમાં આપણા ગામમાં મંદિરોની સંખ્યા ઓગણીસ થવા જાય છે. કચ્છમાં કદાચ એકજ ગામમાં વધુ મંદિરો હોય તેવા ગામોમાં આપણા મોટી વિરાણી ગામનો જ નંબર લાગે એમ છે, તેનું ગૌરવ આપણે લઈ શકીએ છીએ.

સનાતન વૈદિક ધર્મમાં ભગવાન લક્ષ્મીનારાણય, ભગવાન શંકર પાર્વતિ, સીતારામ, રાધાકૃષ્ણ, અંબાજી, ઉમિયાજી, ગાયત્રીમાતા, ગણેશજી વગેરે દેવ દેવીઓની પૂજા અને ઉપાસના છે. સનાતન ધર્મમાં ઈશ્વરના નિર્ગુણ અને સગુણ બન્ને સ્વરૂપો

સ્વિકૃત છે. ભગવાન લક્ષ્મીનારાયણ આપણાં આદિ-અનાદિ દેવ છે - આપણા આરાધ્ય દેવ છે - આપણા ઈષ્ટદેવ છે. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું સ્મરણ કરવાથી જીવનનું કલ્યાણ થાય છે.

શ્રી શંકરાચાર્યજી, શ્રી રામાનુજાચાર્યજી, શ્રી વલ્લભાચાર્યજી, શ્રી સહજાનંદ સ્વામી વિગેરે મહાન આચાર્યો તથા ગોસ્વામી તુલસીદાસજી સંત કબીરજી, કચ્છ પ્રદેશના મહાન સંત શ્રી ઓધવરામજી, નરસીંહ મહેતા, મીરાંબાઈ, ગુરૂ નાનકજી વિગેરે સંતો પણ પ્રાચીન સનાતન ધર્મના જ સંરક્ષકો તથા પ્રચારકો અને મહાન વિભૂતિઓ હતા.

જગતના તમામ ધર્મોના ગ્રંથો કોઈ મહાન પુરૂષે લખેલા ગ્રંથો છે ત્યારે વેદો તો ભગવાનની વાણી છે. માટે તે ઈશ્વરીય છે અને વેદોને સનાતન ધર્મના તમામ સંપ્રદાયો માન્ય કરે છે. ગીતા, મહાભારત, રામાયણ, શ્રીમદ ભાગવત અને અન્ય પુરાણો વેદોના જ અંગો છે. સનાતન ધર્મ ૠષી મુનીઓ, તપસ્વીઓ, સંતો અને આચાર્યો દ્વારા સંરક્ષિત અને પલિત - પ્રચારિત ધર્મ છે. સનાતન ધર્મમાં પંચદેવો તથા પરબ્રમ્હ પરમાત્માની પૂજા અને ઉપાસના છે.

દરરોજ દિનચર્યાની શરૂઆત ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાર્થના કરી, દિવસના અંતે ઉષ્ટદેવના મંદિરમાં જઈ દર્શન કરી, પ્રસાદ લઈ દિનચર્ચા પૂર્ણ કરવાની ભાવના આપણે કેળવી વ્યવહારમાં મૂકવી જોઈએ.

ભગવાન શિવજી અને માતા ઉમિયાના ભક્તો - ૠષીઓના વંશજો કાળક્રમે કુર્મી ૠષી થયા અને તેમના વંશજો કુર્મી તરીકે - ઓળખાવા લાગ્યા. તેમાના બાવન ૠષીઓના વંશજ કાલાંન્તરૈ સ્થાળાંતર કરતા - કરતા ગુજરાત પ્રદેશમાં વિ.સં. ૨૧૨ માં સિદ્ધપુરથી પાંચ ગાઉ દૂર ઉમાપુર (ઊંઝા) ગામ વસાવ્યું અને ત્યાં વસવાટ કરી ખેતી વ્યવસાય કરવા લાગ્યા. વિ.સ. ૨૩૩ માં ત્યાં એક ઉમિયા માતાનું ભવ્ય મંદિર બંધાવ્યું અને ઉમિયા માતાને પોતાની કુળદેવી તરીકે સ્થાપી પૂજા અર્ચના કરવા લાગ્યા. આમ બાવન ૠષીઓના વંશજોની બાવન શાખા પ્રચલિત બની. જે મનુષ્ય બની. જે મનુષ્ય જીવન જીવવા માટે કર્મ કરે છે અને ખેતરમાં પસીનો પાડી બી વાવી કણ ઉત્પન્ન કરે છે તેથી તે કણબી તરીખે ઓળખાવા લાગ્યો, આમ આપણે સૌ કણબી તરીકે પણ જાણીતા બન્યા.

મનુષ્ય મંદિર બનાવે છે, પશુ-પક્ષી-પ્રાણી મંદિર બનાવતાં નથી. પશુ રહેવાનું સ્થાન રચે છે, પક્ષી માળો બનાવે છે, કીડી-મકોડા દર બનાવે છે. પરંતુ મંદિર કોઈ બનાવતું નથી. પરમાત્માના આવાસરૂપ મંદિર એ માનવનું જાગતિક લક્ષણ છે. પરમાત્માના સૂક્ષ્મ અને ગહન બોધ વગર પરમાત્માના આવાસરૂપ મંદિરનું સર્જન શક્ય નથી. પરંતુ ભારતિય સંસ્કૃતિનાં પ્રતિકો, પ્રક્રિયાઓ અને અન્ય કેટલીય

બાબતોમાં જેમ બન્યું છે તેમ જો મંત્ર ખોવાઈ જાય અને તંત્ર રહે કે પછી મંદિરનો અર્થ ખોવાઈ જાય અને આકાર રહે, તો તે આકાર સૌને નિરર્થક અને નિરૂપયોગો લાગવાનો.

મનુષ્યમાં જેમ-જેમ સમજણ વિકસતી ગઈ તેમ તેમ તેની ચેતનામાંથી એક ગુંજતી ધૂન ઉભી થઈ. મનુષ્યને અવિરત અને અપેક્ષા વગર સ્મૃતિદાન, શક્તિદાન અને શાંતિદાન દેનાર પરમાત્મારૂપી શક્તિ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવાના સ્થાનનું સર્જન માનવે અપનાવેલ અનેક વિચારધારાઓએ સ્વીકારેલ છે. કોઈએ આ વિશેષ આવાસને મંદિર, તો કોઈએ મસ્જીદ, કોઈએ ચર્ચ, તો કોઈએ ગુરૂદ્વારા નામો આ સ્થાનને આપેલ છે. પણ બધી જ કલ્પના પાછળ રહસ્યમય વાત એક જ છે - પ્રભુનું નિવાસ સ્થાન.

અહિં એ યાદ રાખીએ કે પરમાત્મા માટે નિવાસની ધારણાએ ક્ષણોમાં ઉદ્‌ભવી જ્યારે પરમાત્મા એ માત્ર કલ્પનાની વાત નહોતી. પરંતુ અનેક લોકોની અનુભૂતિ હતી. અને એ મહાપુરુષોની અનુભૂતિને આધારે જ પરમાત્માના અવતરણ અને તેમના માટે એક વિશેષ આવાસનું સર્જન મંદિર રૂપે થયું હતું.

માનવીની પ્રગતિમાં ધર્મનું એક અનોખું સ્થાન ભારતિય સંસ્કૃતિમાં રહેલું છે. તે અનુસાર મુસ્લીમ રાજસત્તા દરમ્યાન સનાતન હિંદુ ધર્મની સર્વવ્યાપકતાનો ખોટો લાભ લઈ અન્ય ધર્મના આગેવાનોએ બિન હિંદુ ધર્મને અપનાવી કડવા પાટીદાર જ્ઞાતિમાં તેનો પ્રચાર કરી દીધો. જેમાં મોટી વિરાણીગામ પણ બાકાત ન રહ્યું અને વિ.સં. ૧૯૭૦ ના શ્રાવણ સુદ-૧૫ ના રોજ ગામમાં જ્યોતિષધામ (ખાનાં)ની સ્થાપના થઈ ગઈ. પરંતુ ઉંડાણથી દ્રષ્ટિ અને અભ્યાસ કરવાથી એવું તારણ નિકળે છે કે આવા ધર્માંતર માટે જવાબદાર ફક્ત બે વસ્તુઓ હોઈ શકે. એક તો તે વખતે આપણા પૂર્વજોની નિરક્ષરતા અને બીજું નિર્ધનતા કે અત્યંત ગરીબાઈના સંજોગો.

વિ.સં. ૧૮૩૨ પહેલાં બધા શુદ્ધ હિંદુ હતા. લગ્ન સંસ્થા બરાબર હતી. ગોર મહારાજ હિંદુ વિધિથી લગ્ન કરાવવા અમદાવાદથી આવતા. પણ વિ.સં. ૧૮૩૨ પછી કચ્છમાં સૈયદો અને કાકાઓનો પીરાણા ધર્મનો પ્રચાર ખૂબ વધી ગયો. તે કાળમાં નખત્રાણાંના ખાનામાં (જ્યોતિષધામ) બધા ભેગા થયા અને સર્વેને ઈમામશાબાવાને માનવાનો આદેશ કરવામાં આવ્યો. કડવા પાટીદારો ઉપર પીરાણા ધર્મ ઠોકી બેસાડવા કેવા કેવા હથકંડા અપનાવ્યા તેનું વર્ણન શ્રી નારાયણો સમજી લીમ્બાણીના પુસ્તક "પીરાણા સતપંથની પોલ" અને "કર્તવ્યના પંથે" માં વિગતવાર વર્ણવેલ છે.

ધર્મ ખોટે રસ્તે જઈ રહ્યો છે તે કેટલાક પડિલોને લાગ્યું. પણ તેનો સામનો કઈ રીતે કરવો ? જ્ઞાતિ સુધારણાનો ઝંડો પણ મોટી વિરાણી ગામે જ ઉપાડ્યો. ગામના વડિલ શ્રી સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીને મુંબઈમાં ખૂબ કડવા અનુભવો થયા,

પણ જ્ઞાતિ સુધારણાનો ધ્યેય ન છોડ્યો. તેમણે કેટલાક સાથીદારો બનાવ્યા. તે વખતે આપણી વસતી કરાંચીમાં ઘણી હતી. કરાંચીમાં આપણા ભાઈઓને સમજાવ્યા, ચર્ચા સભાઓ ભરી છેવટે પ્રથમ જ્ઞાતિ સંમેલન પણ કરાંચીમાં ભર્યુ. બીજુ સંમેલન મુંબઈમાં ભર્યુ અને જ્ઞાતિજનોને સાચી સમજણ આપવાના પ્રયત્નો જારી રાખ્યા. અંતે ત્રીજું સંમેલન ફરી પાછું કરાંચીમાં ભર્યુ. આમ, જ્ઞાતિજનોમાં ખૂબ-ખૂબ પ્રચાર કરી ધર્મની સાચી સમજણ આપી.

શ્રી સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીનું કાર્ય - જ્ઞાતિ સુધારણાનું કાર્ય મોટી વિરાણી ખાતે શ્રી સ્વ. રતનશી ખેતાણી તથા શ્રી શીવદાસ કાનજી નાકરાણીએ ઉપાડી લીધું હતું. આમની સાથે તે વખતના યુવાનોમાં શ્રી કાનજી ડાયા બાથાણી, શીવગણ લાલજી પટેલ, લઘા વિશ્રામ સોમજીયાણી, અરજણ પબા ભાણજીયાણી, ગંગદાસ જેઠા ભાણજીયાણી, નારાયણ શીવજી માનાણી (નાકરાણી), લઘા વિશ્રામ માનાણી (નાકરાણી) રામજી રાજા માનાણી (નાકરાણી), હીરજી દેવશી માનાણી (નાકરાણી), પચાણ કાનજી માનાણી (નાકરાણી), મુળજીબાપા ખેતાણી (મંદિરની પૂજા કરતા) વિશ્રામ પચાણા અખીયાણી, વાલજી ભીમજી નાકરાણી વગેરેનો સારો સહયોગ મળ્યો હતો. ધર્મ પ્રચારમાં સૌ સાથે જતા અને જ્ઞાતિજનોને પીરાણા ધર્મ ખોટો છે તે સમજાવતા. છેવટે ચોથું સંમેલન મોટી વિરાણી ખાતે લેવામાં આવ્યું જેના પ્રમુખ શ્રી વાલજી ભીમજી નાકરાણી હતા. ત્યાર પછી સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર ખૂબ વધી ગયો પણ છેવટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૬ના શ્રાવણ વદ-૬ ના દિવસે ખાના (જ્યોતિષધામ) માં જ એક તરફના અડધા ભાગમાં કરવામાં આવી. આમ, સમગ્ર કચ્છમાં કડવા પાટીદારોએ સર્વ પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર મોટી વિરાણી ગામમાં બાંધ્યું. આ મંદિરનો ઈતિહાસ ભવ્ય અને તેજસ્વી છે.

વિ. સં. ૨૦૧૪ માં શ્રી કરસન શીવદાસ મુખીની પ્રેરણા અને પ્રયત્નથી "જ્યોતિષધામ" જે અડધા ભાગમાં ચાલતું હતું તેનો પણ અસ્ત થઈ ગયો અને મોટી વિરાણી પાટીદાર સમાજે ધાર્મિક ક્ષેત્રે પણ એક વિરલ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર સમાજના ઈતિહાસમાં મોટી વિરાણી ગામનું નામ સુવર્ણાક્ષરે લખાવ્યું જે સતત આજ સુધી ઝળહળીને અન્યને પ્રેરણા આપતું રહ્યું છે.

આજથી પંચોતેર વર્ષ પહેલાંના વડિલોએ પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતી લાવવા જે મહેનત કરી અને તેના પરિપાક રૂપે મોટી વિરાણી ગામ ખાતે પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની સ્થાપના થઈ ત્યાર પછી તો કચ્છમાં પાટીદાર જ્ઞાતિમાં સમાજ સુધારણાનો જુવાળ ફુટી નીકળ્યો હોય તેમ લાગ્યું અને તેના પરિણામે નખત્રાણા ખાતે શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા "પાટીદાર

વિદ્યાર્થી ભુવન"નું નિર્માણ થયું. કચ્છમાં ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના થવા લાગી. આ માટે આપણા વડિલોએ તન-મન-ધનથી ખૂબજ મહેનત કરી ગામે ગામ ફરી પ્રચાર-પ્રસાર કર્યો હતો. આ કાર્યમાં મુખ્ય ફાળો આપણા ગામના વડિલ શ્રી રતનશી ખીમજી ખેતાણીનો હતો.

મોટી વિરાણી ગામના આ પ્રથમ મંદિરમાં પ્રથમ સેવા આપણા પાટીદાર સમાજના ત્રણ વકિલોએ આપી હતી. ત્યાર પછી મંદિરની સેવાનું કામ શંભુ મહારાજને સોંપવામાં આવ્યું. શંભુ મહારાજ પછી મંદિરની સેવા-પૂજાનું કામ રતીલાલ મહારાજે કર્યું. ત્યાર પછી જુના મંદિરમાં શ્રી રેવાશંકર મહારાજ અને નવા મંદિરમાં વિઠ્ઠલ મહારાજ સેવા-પૂજા કરતા. હાલમાં નવા મંદિરમાં રેવા મહારાજના પુત્રો કમલેશ મહારાજ કરે છે.

નવા મંદિરની આવશ્યકતા....

ધીમે ધીમે મોટી વિરાણી ગામની પ્રગતિએ હરણફાળ ભરી હતી. ગામને ફેલાવા માટે કોટડા રોડની વાડીઓમાં પ્લોટ પાડી મકાનો ઉભા થવા લાગ્યા અને વસવાટ થવા લાગ્યો. જુના ઘરમોમાં ગામની વચ્ચે રહેતાં ગ્રામજનો પણ મોકળાશમાં રહેવા ગામની પશ્ચીમ બાજુ કોટડા રોડ પરના નવા ઘરોમાં રહેલા લાગ્યાં. સમાજવાડી પણ બસ સ્ટેન્ડને લાગીને જ બનાવવામાં આવી. આજથી ૩૫ વર્ષ પહેલાં જ કોટડા રોડ પર વસવાટ શરૂ થઈ ગયો હતો. મોટા ભાગના લોકો સમાજવાડીની આસપાસ જ રહેવા આવી ગયા હતા. મોટી વિરાણી ગામની ખાસીયત છે કે બધાં જ જ્ઞાતીજનો સંપ અને સહકારથી રહે છે. પોતાની ધાર્મિક ક્રિયાઓ પણ નિયમિત કરે છે. દરરોજ સવાર-સાંજ મંદિરની આરતીમાં ભાગ લે છે. પણ જુનું મંદિર ગામને છેવાડે જેવું થઈ ગયું કારણ વસવાટ સમાજવાડી પાસે જ થતો ગયો એટલે લગભગ વિસેક વર્ષ પહેલાં વડિલોના મનમાં ઉદભવ્યું કે સમાજવાડીની આસપાસ ક્યાંક પ્લોટ મળે તો એક નવું શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બનાવીએ, જેથી વૃદ્ધજનો અને બહેનોને જુના મંદિર સુધી જવામાં પડતી મુશ્કેલી દૂર થઈ શકે.

આ વિચારને વાચા મળી, વેગ મળ્યો, કાર્યવાહી શરુ થઈ. સભાઓ મળતી ગઈ. પહેલાં ગામમાં સૌ ભાઈ-બહેનોની સહમતી થઈ. પછી ગામના જ બહારગામ વસતાં ભાઈ-બહેનોની સહમતી લેવામાં આવી. સાચા હૃદયથી કરેલ કાર્યને ભગવાન પણ મંજુર કરે છે. તે મુજબ સમાજમાં ભાઈચારો અને આબાલવૃદ્ધના એકત્રિકરણના પરિપાક રૂપે નવા મંદિરની સ્થાપના થઈ જેનો તા. ૧૯-૨૦-૨૧ ઓગષ્ટ ૧૯૮૯માં ખૂબજ ધામધૂમથી પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

નિજ મંદિર પથ્થરનું છે અને પ્રાર્થના હોલ આર.સી.સી.નો બનાવવામાં

આવેલ છે. મંદિરમાં મૂર્તિઓ આરસપહાણની બનાવવામાં આવેલ છે. આ મંદિરમાં શ્રી લક્ષ્મીનારયણ ભગવાનની પૂરા કદની મૂર્તિઓ સાથે શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા શ્રી ગરૂડજીની મૂર્તિઓ અને ગેટ ઉપર ઉમિયામાતાજી પણ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

(૧) શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં બે મંદિર છે :

શ્રી લક્ષ્મીનારયણ ભગવાનનું પ્રથમ મંદિર વચલા ચોકમાં છે. જેની પાન મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૬ શ્રાવણ વદ-૬ મા કરી હતી. આ મંદિરનો ઈતિહાસ કંઈક જુદો જ છે. કડવા પાટીદારોમાં કચ્છમાં સર્વ પ્રથમ મોટી વિરાણી ગામમાં આ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરની સ્થાપના કરવામાં આવેલ છે જે ગામનું એક અણમોલ નઝરાણું - સ્મારક છે.

મોટી વિરાણી મધ્યે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર સ્વ. રતનશી ખીમજી દિવાણી અને ગામના ભાઈઓના પ્રયત્નોથી નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું અને કાર્યનો આરંભ કર્યો. પણ આપણી સમાજ માટે આ સંક્રાંતિ કાળ હતો અને કપરો કાળ હતો. આજુબાજુના જ્ઞાતિજનો કે જે હજુ સતપંથ ધર્મના પ્રેમી હતા. તેઓનો જબરજસ્ત વિરોધ થતાં મોટી વિરાણી મંદિર નિર્માણનું કાર્ય ખોરંભે પડ્યું. હકીકતમાં બંધ રહ્યું. આ મંદિર માટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ મુંબઈ મધ્યે રતનશી ખીમજી દિવાણી (મોટી વિરાણી), નારાયણ શીવજી નાકરાણી (મોટી વિરાણી)એ બનાવડાવી તૈયાર રાખી હતી. પણ મંદિર નિર્માણ કાર્ય બંધ થતાં પાનમૂર્તિ મુંબઈ જ રહી.

મુંબઈ સ્થિત સ્વ. રતનશી ખીમજી દિવાણી, સ્વ. નારાયણ શીવજી નાકરાણી, સ્વ. શીવદાસ કાનજી નાકરાણી અને સ્વ. રાજાભાઈ શામજી ધોળુ (માનકુવા) બોરડીટીંબાકંપાના રહીશો સાથે સારો મનમેળ ધરાવતા હતા અને સગાવહાલાં પણ થતાં હતાં. આથી તેઓને શુભ વિચાર આવ્યો કે બોરડીટીંબાકંપાના સર્વે રહીશો એક જ વિચાર, વર્તન અને સનાતન ધર્મીઓ છે તો મંદિરનું નિર્માણ બોરડીટીંબાકંપામાં કેમ ન કરવું ? તેઓએ બોરડીટીંબાકંપાના વડિલોનો સંપર્ક સાધ્યો અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરના નિર્માણ માટે પ્રેરણા, હિમ્મત અને માર્ગદર્શન આપ્યાં.

આ શુભ અને પવિત્ર કાર્યમાં પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. બોરડીટીંબા ગામના વડીલો મંદિર નિર્માણ કરવા, ભગવાનનું કાર્ય કરવા તૈયાર થયા. જાતે ઈંટો પાડી, ૩ કિ.મી. દૂર નદીમાંથી પાણી ભરી લાવી ચણવામાં દરેકે પોતપોતાની કુશળતા વાપરી. ૪૦ x ૩૮ ફુટના ઘેરાવાવાળા ભવ્ય મકાનનું ઈશ્વરકૃપાથી નિર્માણ થયું અને

બાંધકામ પૂર્ણ થયું. સંવત ૧૯૮૪ના બીજા શ્રાવણ સુદ-૧૧ ને શનિવાર તા. ૨૬મી ઓગષ્ટ ૧૯૨૮ના શુભ અને પવિત્ર દિવસે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉત્સાહભેર અને મહેમાનોની હાજરીમાં શાસ્ત્રીજીના વેદોક્ત મંત્રોચ્ચાર વિધિ દ્વારા ઉજવવામાં આવ્યો અને પૂર્ણ થયો. પ્રતિષ્ઠાના આગલા દિવસે આ મંદિર માટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ મુંબઈથી ભરચોમાસે રતનશી ખીમજી દિવાણી (મોટી વિરાણી) અને રાજા સામજી ધોળુ (માનકુવાવાળા) લઈને બોરડીટીંબા આવ્યા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ થવામાં પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદ, નાથા શીવજી નાકરાણી (મોટી વીરાણી), શીવદાસ કાનજી નાકરાણી (મોટી વીરાણી) અને અન્ય ઘણા મહાનુભાવોની શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ હતી.

(૨) શ્રી રામ મંદિર :

આ શ્રી રામ મંદિર રવિભાણ સંપ્રદાયના મહંત શ્રી સ્વ. મકનદાસજીના દ્વારામાં આવેલું છે, જેના શ્રી પ્રિયાદાસજી તથા શ્રી લક્ષ્મીદાસજી શિષ્યો થઈ ગયા. હાલમાં શ્રી શાંતિદાસજી આ મંદિરમાં સેવા આપે છે. આ શ્રી રામ મંદિરમાં માં ઉમિયાની તથા શ્રી દત્તાત્રય ભગવાનની મૂર્તિઓ પણ છે.

(3) ભગવાન શીવજીનાં પાંચ પૌરાણિક મંદિરો છે :

૧. કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર દક્ષિણ ઝાંપે આવેલું છે.

૨. રામેશ્વર માહાદેવનું મંદિર વથાણમાં દરિયાસ્થાનમાં આવેલું છે.

૩. બૈજનાથ મહાદેવનું મંદિર દરબારગઢની બાજુમાં આવેલું છે.

૪. નાગનાથ મહાદેવનું મંદિર બસ સ્ટેન્ડ પાસે જયગુરૂના મંદિરની બાજુમાં આવેલું છે.

૫. કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર બઝારમાં આવેલું છે.

(૪) શ્રી હનુમાનજીનાં ત્રણ મંદિરો આવેલાં છે :

એક દક્ષિણ ઝાંપે, બીજુ દરબાર ગઢની બાજુમાં તથા ત્રીજુ બસ સ્ટેન્ટ પાસે આવેલું છે.

(૫) પથ્થરના કોતરકામથી બનાવવામાં આવેલ વર્ષો જુનું એક ઠાકર મંદિર જુના ગરબી ચોકની ઉત્તર બાજુએ આવેલું છે.

(૬) એક રામદેવ મંદિર દક્ષિણ ઝાંપે આવેલું છે. તેનો જીર્ણોધાર હરીજનોએ કર્યો છે અને તેની સેવા-પૂજા પણ તેઓ જ કરે છે.

(૭) એક શીતળા માતાનું મંદિર પણ દક્ષિણ ઝાંપે શીવજીના મંદિરની બાજુમાં આવેલ છે.

(૮) એક દરિયાલાલ દેવનું મંદિર દરિયાસ્થાનમાં આવેલું છે જે લોહાણા મહાજનશ્રીનું દેવસ્થાન છે.

(૯) એક જયગુરૂનું મંદિર છે જે બસ સ્ટેન્ટ પાસે નાગનાથ મહાદેવના મંદિરની સામે જ છે.

(૧૦) એક સત્ય નારાયણ ભગવાનનું મંદિર પણ છે જે ઠાકર મંદિરની પાછળના ભાગમાં આવેલું છે.

(૧૧) એક વાછડાદાદાનું મંદિર પણ છે જે વાઘાણી ફળીયામાં આવેલું છે. ત્યાં નવરાત્રી દરમ્યાન વાછડાદાદા મિત્ર મંડળ દ્વારા રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવે છે.

(૧૨) સિવાય ગામની નજીક દેવીસર રોડ પર પવિત્ર ગંગાજી આવેલ છે. ગૌમુખી ગંગા છે. જમીનના પેટાળમાંથી અવિરત પાણી ગૌમુખ દ્વારા આવ્યા કરે છે. ધાર્મિક વિધિઓ આ ઘાટ ઉપર થાય છે. ગંગાજીની એક ધાર્મિક સ્થળમાં ગણત્રી થાય છે. જેથી શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ, પદયાત્રીઓ થી તથા ભજન-કિર્તન થી ગામનું વાતાવરણ હમેંશા ગુજતું રહે છે.

વિશેષમાં આપણા પૂર્વજોમાં જે શૂરવીરો થઈ ગયા તેમના પાળીયા આપણા ગામની દક્ષિણ - પૂર્વ દિશામાં એક વાડીમાં રાખવામાં આવેલ છે જેમાં દિવાણી, નાકરાણી, દડગા પરિવારના સૂરધન છે. આની સામે જ છેલા (વોંકળા) ને કિનારે એક પ્રાચીન સ્મારક આવેલ છે જેને છતેડી કહેવામાં આવે છે. આ છતેડી લુહાર-સુતાર જ્ઞાતિના વકિલોનાં સ્મારક તરીકે હોય એવી લોકવાયકા છે.

મોટી વિરાણી ગામના સંતો-મહંતો

❖ મોટી વિરાણી ગામ એ સંતો - મહંતોની તપોભૂમી છે.

❖ અગાઉ હિંગરીયામાં હરી સાહેબ સંત થઈ ગયા. તેમના શિષ્ય મકનદાસજી ગુરૂજીના આદેશથી મકનદાસજીએ મોટી વિરાણી આવી તપ કર્યું અને સનાતન ધર્મનો પ્રસાર કર્યો. કાળ ક્રમે મકનદાસજીએ રવિભાણ આશ્રમની સ્થાપના કરી જે આજે પણ મકનદાસજીના દ્વારાના નામથી ચાલે છે. મકનદાસજીને કોઈ શિષ્ય ન હતા પણ ધર્મના પ્રસારમાં ફરતાં - ફરતાં તેમને એક પાંચ વર્ષના બાળકનો સંગાથ થયો. તેને પાળી - પોષી મોટો કર્યો તે પ્રિયાદાસજી. આ પ્રિયાદાસજીને અને પાટીદાર જ્ઞાતિમાં ધર્મ ની ક્રાંતિ લાવનાર શ્રી ઓધવરામજી મહારાજને બન્નેને સગા ભાઈ જેવો સ્નેહ. બન્નેએ મળીને પાટીદાર જ્ઞાતિમાં

ધર્મનો પ્રચાર કરી લોકોને ભક્તિના માર્ગો વાળ્યા હતા. પ્રિયાદાસજીના શિષ્ય લક્ષ્મીદાસજી જેમણે મોટી વિરાણી ગામમાં પ્રથમ શ્રી રામ મંદિરની સ્થાપના કરી છે. હાલમાં લક્ષ્મીદાસજીના શિષ્ય શાંતિદાસજી મોટી વિરાણી ગામમાં મકનદાસજીના દ્વારામાં રહિને ધર્મનો પ્રસાર કરે છે.

- જંડુલાબાવાના નામે એક સન્યાસી થઈ ગયા જે વચલા ચોકમાં જુના મંદિરની બાજુમાં રહેતા અને ધર્મનો પ્રસાર કરતા. આજે પણ તેમની સમાધી (દેરી) બસ સ્ટેન્ટ પાસે આવેલી છે.
- રામદાસ મહારાજ પણ વિરાણીમાં એક સંત થઈ ગયા જે ગામની ઉગમણી ચોકી પાડામાં રહેતા હતા. અને ધર્મનો પ્રસાર કરતા હતા.
- ઝવેર ભગત પણ એક સંત થઈ ગયા જેમણે વિરાણી ગામ પાસે પખડા ડુંગરમાં તપ કરેલ જ્યાં એક ભોયરૂ છે તેમાં રહેતા. તેને આજે પણ ઝવેર ભગતનું ભોયરૂ (ગુફા) કહે છે.
- તીલકદાસ મહારાજ પણ વિરાણીના જ હતા. શરીર હરીજનનું હતું પણ ધર્મનો પ્રસાર ખૂબ કર્યો. તેઓ કબીર સંપ્રદાયના સંત હતા. પાછળથી તેઓ ભારાપર જઈ ત્યા ધર્મનો પ્રસાર કર્યો હતો. આજે પણ તેમનાં ભજનોગવાય છે.
- રાજાબાપા પણ એક સિદ્ધ પુરૂષ થઈ ગયા. તેઓ કાનાણી કુળના હતા અને માવજીબાપાના ગુરૂ હતા.
- રાજાબાપાનાં ફઈ કાનબાઈ સતી થઈ ગયાં તે પણ વિરાણીની દિકરી હતાં.
- સેવાદાસજી - કબીર મંદિર : મહંતથી સેવાદાસજી કબીર આશ્રમ જે કોટડા રોડ ઉપડ આવેલા છે જેઓ શ્રી વિરાણીમાં આજથી ૫૦ વર્ષ પહેલાં આવ્યા ત્યારથી ધર્મનો પ્રચાર સેવા પૂજા કરતા રહ્યાં છે. આજે પણ વિરાણી ગામને સતસંગનો લાભ દરેક નાના મોટા ગરીબ તવંગરને આપતા રહ્યાં છે.
- વિનુ ભગત (ધનાણી) દિવાણી કુટુંબના હતા. નાની ઉમરમાં ધર્મના પુસ્તકોનો ઉંડો અભ્યાસ કર્યો હતો. વિનુભાઈ શરીરે અપંગ હોવા છતાં પોતાના ઘેર સતત રાત-દિવસ ધાર્મિક વિચારોનો પ્રચાર - ગોષ્ટી વગેરે કરી સતસંગની જ્યોતને પ્રજવલિત રાખતા હતા અને તેમની પાછળ પણ ધર્મના પ્રસારનું કામ બરાબર ચાલે છે. વિનુ ભગતે હાલમાં જ પોતાનો નશ્વર દેહ છોડ્યો.
- શ્રી ચંદુલાલ ખીમજી ધનાણી દિવાણી (રાજનાંદગાંવ વાળા) ના સુપુત્ર શ્રી શાંતીલાલભાઈ પણ નાની ઉમરમાં હરીદ્વારા ખાતે ગાયત્રી પરિવારમાં (શાંતીકુંજ - હરિદ્વારમાં) ધર્મનો અભ્યાસ કરી પારંગત થયા છે અને હાલે તેઓ દેશ તથા વિદેશમાં ધર્મના પ્રચાર માટે સતત ફરી રહ્યા છે.

- અરજણભાઈ વાલજીભાઈ નાકરાણી (નરસીંગાણી) એ મોટી વિરાણી ગામમાં સ્વાધ્યાય પ્રવૃતિ ચાલુ કરી હતી અને જીવન પર્યંત તેઓ આ પ્રવૃતિ ચલાવતા રહ્યા. જ્ઞાન-કર્મ અને ભક્તિથી સ્વાધ્યાયની જ્યોતને જલતી રાખી શ્લોકો અને મંત્રોનો પ્રચાર કરી વૈદિક વિચારધારાનો ફેલાવો કરવામાં સક્રિય રહ્યા. પ્રભાત ફેરી અને ભક્તિ ફેરી દ્વારા સમાજમાં સ્વાધ્યાયના વિચારોનો - ગીતાના વિચારોનો પ્રસાર કર્યો. આજે તેમના પ્રયાસોથી સ્વાધ્યાય પ્રવૃતિ સારી રીતે ચાલે છે.
- <u>કળા-કારિગરોનો વારસો :</u> ગામમાં ઘોઘારી પરિવારના વડિલો ઉત્તમ શિલાકાર હતા. લેવા ભીમજી ગોગારી તથા તેમના સુપુત્રો રામજીભાઈ, દેવજીભાઈ તથા મુળજીભાઈએ ગામમાં તથા કચ્છનાં બીજા ગામોમાં મંદિરો તથા સ્મારકો ના પથ્થરમાં નકશીકામ કર્યા છે. જે આજે પણ આપણે આ મંદિરો તથા સ્મારકો માં તે નકશીકામ જોઈ શકીએ છીએ.

પાટીદાર સમાજની પ્રવૃતિઓ

મોટી વિરાણી ગામમાં પાટીદારોની ત્રણ સંસ્થાઓ ચાલે છે :

૧. શ્રી વિરાણી પાટીદાર સમાજ :

શ્રી વિરાણી પાટીદાર સમાજની બંધારણીય સ્થાપના શ્રી કરશન શીવદાસ કાનાણી (દિવાણી)ના પ્રમુખપદે કરવામાં આવેલ.

૨. વિરાણી પાટીદાર યુવક મંડળ :

શ્રી વર્તમાન વિરાણી પાટીદાર યુવક મંડળની સ્થાપના શ્રી અ. ભા. ક. ક. પાટીદાર યુવક સંઘની પ્રેરણાથી સં. ૧૯૭૩માં નારણ પૂંજાભાઈ માનાણી (નાકરાણી) ના પ્રમુખ પદે કરવામાં આવેલ.

૩. વિરાણી પાટીદાર મહિલા મંડળ :

વિરાણી પાટીદાર મહિલા મંડળની સ્થાપના ડાઈબેન ખેતાલાલ પોકારના પ્રમુખપદે કરવામાં આવેલ.

વ્યવસ્થિત આપસી સંપ-સલાહથી આ સંસ્થાઓ ચાલે છે. દરેક પ્રવૃતિમાં સહિયારો સહયોગ હોય છે.

- અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. નારાયણજી રામજી લીમ્બાણીની જન્મ શતાબ્દી વર્ષ નિમિતે તેમની અર્ધ પ્રતિમાનું

સમાજવાડીમાં અનાવરણ કરવામાં આવ્યું. તેમનું જીવન ચરિત્ર આલેખતું પુસ્તક "પંથ પ્રકાશક" શ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા સંપાદિત કરી વિમોચન કરવામાં આવેલ. અને દર વર્ષે તેમનો જન્મ દિવસ સમાજવાડીમાં સમાજ-યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા ઉજવવામાં આવે છે.

❖ વિરાણી મોટી ગામના કચ્છમાં રહેતાં તથા કચ્છ બહાર સ્થાઈ થયેલ પાટીદાર ભાઈ-બહેનોની સંપૂર્ણ માહિતિ દર્શાવતું પુસ્તક યુવક મંડળ દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે.

❖ સમાજના નેજા હેઠળ બાળ મંદિરનું સંચાલન યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. સ્વ. રતનશી ખીમજી ખેતાણી પરિવાર તરફથી બંધાવી અપાયેલી "પટેલ મેઘબાઈ રતનશી ખીમજી ખેતાણી" બાલ મંદિર અને શિવણ વર્ગ ઓગષ્ટ - ૧૯૮૬ થી ચાલે છે. જેમાં ભૂલકાઓ બાળ મંદિરનું શિક્ષણ અને બહેનો શીવણ વર્ગનો લાભ લઈ રહી છે.

❖ શાળામાં અભ્યાસ કરતા ગરીબ વિધાર્થી ભાઈ બહેનોને મફત પાઠ્ય પુસ્તકો તેમજ અન્ય તમામને પડતર કિમતે પાઠ્ય પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. આ કાર્ય શરૂઆતના ૫ થી ૭ વર્ષ રાયપુરના જાગૃત ભાઈઓના આર્થીક સહયોગથી કરવામાં આવેલ હતું.

❖ પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૬ સુધી અભ્યાસ કરતાં બાળકોમાં પાયાનું શિક્ષણ સચોટ અપાય તે હેતુથી સ્વ. વેલજી ખીમજી ખેતાણી ભવનમાં સ્કુલના સમય સિવાય ટ્યુશન આપવામાં આવે છે. જેનું સંચાલન યુવક મંડળ દ્વારા સમાજની બહેનોને માનદ્ વેતન આપી કરવામાં આવે છે. - જે સાચા શિક્ષણનો મજબૂત પાયો બનાવવામાં ઉપયોગી પૂરવાર થયું છે. આ પાયાનું શિક્ષણ ૧૯૭૭માં રાયપુરના જાગૃતભાઈઓના સારાએવા યોગદાનથી શરૂ કરવામાં આવેલ હતું.

❖ રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ દર વર્ષે યોજાય છે. યુવાનો વિવિધ રમતોની હરીફાઈનું આયોજન કરે છે. આનો લાભ આજુબાજુનાં ગામના લોકો પણ લે છે.

❖ સમાજની કેન્દ્રીય કચેરીથી મળતા આદેશો, નિયમોનું પાલન સમયસર કરવામાં આવે છે. તથા શ્રી ઉમિયા માતાજી-વાંઢાયથી આવતા આદેશો અનુસાર ફંડ-ફાળા-દાન વગેરે ભેગું કરી પહોચતું કરવામાં આવે છે.

❖ સમાજમાં નાના-મોટા વિવાદોનું સરળ નિરાકરણ સમાજ દ્વારા કરવામાં આવે છે. જેમાં સૌને સંતોષ છે.

- દુષ્કાળ જેવા પ્રસંગોએ ગાયોના નિરણ કેન્દ્ર શરૂ કરી ચારાની વ્યવસ્થા કરવામાં આવે છે.
- ગામના વિકાસમા સક્રિય ફાળો આપે છે. જેવાં કે બસ સ્ટેન્ડથી સમાજવાડીનાં પ્રવેશ દ્વારા સુધી સીમેંટ રોડ બનાવવામાં આવેલ છે જેમાં સમાજે તન-મન અને ધનથી સહયોગ આપેલ છે.
- રામનવમી નિમિત્તે અનાજ અને રોકડ રકમની ભેટ મેળવી સમાજનાં સાધારણ કુટુંબોને તેમજ અન્ય લોકોને તેની મદદ કરવામાં આવે છે. ભંડોળ વિશેષ પ્રમાણમાં ભેગું કરીને દિવાળી બોણી વિધાર્થી ભુવન-નખત્રાણા, મોકલવામાં આવે છે. સિવાય પંખીઓનો ચણ તથા સાધુઓને પણ તેમાંથી જ અનાજ અપાય છે. આ પ્રમાણે સામાજીક ધોરણે ધાર્મિક કાર્યો થઈ રહ્યાં છે.
- વિશેષમાં હાલમાં અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજના આદેશ મુજબ સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. સમાજના દરેક સ્તરના લોકો આ કાર્ય-ક્રમમાં ભાગ લે છે. સૌના સહિયારા સહયોગથી ઓછા ખર્ચે અને આ ભવ્ય કાર્ય ક્રમમાં મા-બાપ પોતાના બાળકોને પરણાવે છે. સંવત ૨૦૪૭ માં શરૂ કરીને અત્યાર સુધીમાં આ સમુહ-લગ્નમાં પરણ્યાં હતા. અત્યાર સુધીમાં ૧૪ વર્ષમાં ૧૫૪ સમુહ લગ્નો થયાં છે.
- વિરાણીની પૂર્વ દિશામાં દેવીસર રોડ ઉપર આવેલ ગંગાજીમાં પવન ચક્કી દ્વારા પાણી કાઢવામાં પવન ચક્કી ઉભી કરીને બોરમાંથી પાણી ખેંચી ગંગાજીમાં ગૌમુખમાંથી પાણી બહાર આવે છે જે ગંગાજીમાં વિરાણીવાસીઓ સ્નાન કરી પાવન થાય છે.

મોટી વિરાણીના રહેવાસીઓની વિશિષ્ટ સિદ્ધિઓ

- શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. શ્રી નારાયણજી રામજી લીમ્બાણી ક્રાંતિવિરનું વતન.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક મંડળ (સ્થાપના-મુંબઈ)ના પ્રથમ મંત્રી સ્વ. શ્રી રતનશી ખીમજી ખેતાણીનું વતન.
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (મુખ્ય કાર્યાલય - નખત્રાણા)ના પ્રથમ પ્રમુખ શ્રી શીવદાસ કાનજી સોમજીયાણી (નાકરાણી)નું વતન.
- પાટીદાર સમાજના પ્રથમ રેલ્વે કોન્ટ્રેકટર તથા મુંબઈ જેવા ગીચ શહેરમાં નારાયણ નગરનું નિર્માણ કરનાર સ્વ. શ્રી નારાયણ શીવજી નાકરાણીનું વતન.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રથમ બેરીસ્ટર એટ-લો શ્રી વિરેન્દ્રભાઈ શીવદાસભાઈ સોમાજીયાણી (નાકરાણી)નું વતન.
- "પાટીદાર સંદેશ"ના તંત્રી શ્રી શામજી રામજી બાથાણી - હાલે સાણંદ, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં નાની ઉંમરે નાયબ સચિવનો હોદ્દો (સચિવાલય-ગાંધીનગર) હાલમાં શ્રમ અને રોજગાર વિભાગ-સંયુક્ત સચિવ, ગુજરાત સરકારનો હોદ્દો ધરાવતા પ્રથમ યુવાનનું વતન.
- "જાગૃતી" માસિક-કચ્છ કડવા પાટીદાર સમાજનું અગાઉનું મુખપત્રના પ્રથમ તંત્રી શ્રી દેવશી રામજી ગોગારીનું વતન.
- ભારતની સ્વાતંત્ર્યતા અગાઉ "પાટીદાર પત્રિકા" (પ્રસિદ્ધ નાગપુર યુવક મંડળ) નામનું સમાજનું મુખપત્ર પ્રગટ કરનાર પત્રિકાના તંત્રી શ્રી પચાણભાઈ શીવજીભાઈ સોમજીયાણી (નાકરાણી)નું વતન.
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના ભૂતપૂર્વ મહામંત્રી શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી (મેનેજર બેન્ક ઓફ બરોડા)નું વતન.
- કચ્છમાં સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિર સ. ૧૯૮૬ માં વિરાણીમાં બંધાયુ છે તે મોટી વિરાણી.
- "જ્યોતિષ ધામ"ને કચ્છમાં સૌ પ્રથમ સંપૂર્ણ તીલાંજલી આપનાર ક્રાંતિવિરોની ભૂમી.
- ઈન્ડીયન એર લાઈન્સમાં પાયલોટ તરીકે સેવા આપનાર કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રથમ પાયલોટ બનનાર શ્રી કૌશિક વિરેન્દ્રભાઈ સોમજીયાણીનું વતન.

- ઉચ્ચ અભ્યાસ કરી ગામમાં પ્રથમ સીવીલ ઈન્જીનીયર બનનાર શ્રી અમૃતલાલ રામજીભાઈ નાકરાણી-જેમના પ્લાન મુજબ હાલનું ભૂજનું બસ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે તેમનું વતન.
- તબીબ ક્ષેત્રે ગામના પ્રથમ ડોક્ટર (આંખના સર્જન) બની વિદેશમાં સેવા આપનાર ડો. વેલજી રામજી નાકરાણી M.B.B.S., D.O.M.S.D.O. (LONDON) નું વતન.
- તબીબી ક્ષેત્રે ગામના દ્વિતિય ડોક્ટર બની અમદાવાદમાં સેવા આપનાર શ્રી ડો. દલપતભાઈ દેવશીભાઈ ગોગારી M.B.B.S. નું વતન.
- ઉચ્ચ અભ્યાસમાં ગામના પ્રથમ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી રણછોડભાઈ નાનજીભાઈ બાથાણી (હાલે અમદાવાદ)નું વતન.
- ઉચ્ચ અભ્યાસમાં L.L.M. ઈન્ટરનેશનલ લોની કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રથમ ડિગ્રી પ્રાપ્ત કરનાર જયશ્રીબેન વિરેન્દ્રભાઈ સોમજીયાણીનું વતન.
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા તથા ધનસુરામાં પ્રથમ છાત્રાલયના બાંધકામના કોન્ટ્રાક્ટર શ્રી કરમશી મનજી માનાણીનું નાકરાણી વતન.
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણામાં ઉપ પ્રમુખ શ્રી રામજી કરમસી નાકરાણી - હાલે રાયપુરવાળાનું વતન.
- નાખત્રાણા તાલુકા પંચાયત ભુત પૂર્વ પ્રમુખ અને હાલ જીલ્લા પંચાયતના સભ્યશ્રી રવજી મેઘજી બાથાણીનું વતન. - મોટી વિરાણીના ગ્રામજનો.

ભૂકંપ સહાય અંગેની માહિતી

- ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ કચ્છમાં મહાવિનાશક ધરતીકંપ આવેલ જેમાં મકાનોની મહાહાની થતાં વિરાણીવાસીઓએ તત્કાલ સભા ભરી નિર્ણય લીધો કે આપણા ગામમાં જેઓના મકાનમાં નુકશાન થયેલ છે અને તેઓની આર્થિક સ્થિતિ બરાબર નથી તેના માટે ભંડોળ એકત્રીત કરવું અને જરૂરીયાતમંદ કુટુંબોને આર્થિક સહાય આપવી કે જેથી તેઓ પોતાના ઘરને વ્યવસ્થિત રહેવા લાયક બનાવી શકે.
- ભંડોળ એકત્રીત કરવા માટે દાતાઓ પાસેથી દાનની રકમ લેવામાં આવી. જેમાં રૂા. ૮,૩૦,૦૦૦/- જેવી માતબર રકમ એકત્રીત થઈ. આ રકમની યોગ્ય ફાળવણી માટે સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ આખા ગામનું જાત નિરિક્ષણ કરી ૬૨ કુટુંબોને મકાન સહાય આપવાનું નક્કી કર્યું અને રૂા, ૮,૩૦,૦૦૦/- જેટલી રકમની આર્થિક મકાન સહાય આપવામાં આવી.
- મુંબઈ સમાજ તરફથી બે વર્ષ માટે વગર વ્યાજે રૂા. ૧૩,૦૦,૦૦૦ તેર લાખ મળ્યા. જે રકમ મુંબઈમાં રહેતા વિરાણીવાસી ભાઈઓ ના અથાગ પ્રયત્નથી લોન મેળવી વિરાણી મોકલાવેલ તેનું વિતરણ મકાન માટે ધિરાણ-૫૩ કુટુંબોને અને ખેડૂતોને ધિરાણ-૬૧ કુંટબને આપવામાં આવ્યું આમ આ ધિરાણનો લાભ ૧૧૪ કુટુંબોએ લીધો અને આ લોનની રકમ સમયસર મુંબઈ પરત કરી દેવામાં આવી હતી.
- રાહત દરે ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તરફથી મળતો સિમેન્ટ મેળવી અત્રે જરૂરિયાત મંદને રાહત દરે વિતરણની વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી.
- જરૂરિયાત મંદને જરૂરીયાત મુજબ સીમેન્ટનાં પતરાં પડતર કિંમતે વિતરણની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવેલ તેપણ ધન્યવાદને પાત્ર છે.
- વિરાણીવાસી ભાઈઓ પરદેશમાં જ્યાં પણ રહે છે ત્યાંથી પોતાના ગામ માટે સહાય આપી ખરેખર માનવતાનો દાખલો પૂરો પાડ્યો હતો. તે માટે વિરાણી સમાજ બહાર વસતા વિરાણી વાસીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

આદર્શ કુટુંબ ઘડતરની આધારશીલા

કુટુંબમાં ભાવ અને સંપ રહે તેની જવાબદારી કુટુંબનાં પ્રત્યેક સભ્યની છે કોઈ એક - બેની નથી. દરેક પોત પોતાનો ભાગ ભજવવાનો છે. ઘરમાં સ્ત્રીઓની જવાબદારી જુદી અને પુરૂષોની જુદી છે. મોટાઓની જુદી અને નાનાઓની જુદી છે.

સ્ત્રીઓ જો આટલી વાતો ધ્યાન રાખી અમલમાં લાવે તો ઘર સ્વર્ગ થઈ જાય

૧. સ્વચ્છ રાખ : શરીર અને સાડલો સ્વચ્છ રાખ. ઘર અને રસોડું (ખાસ) સ્વચ્છ રાખ. મન, બુદ્ધિ અને હૃદયને સ્વચ્છ રાખવાનો એક માત્ર ઈલાજ આત્મ - નિરિક્ષણ અને સ્વ - અધ્યાય (સ્વાધ્યાય) સ્વચ્છતામાં લક્ષ્મી અને સરસ્વતી વસે છે.

૨. સોય પાક (રસોઈ) સરસ બનાવ : જે સ્ત્રીને રસોઈ બનાવવાની આળસ છે તે સ્ત્રીથી ઘરના સૌ અસંતુષ્ટ રહે છે. વિવિધ વાનગીઓ બનાવીને પતિને અન ઘરનાં સૌને જમાડ, ઘરને પરવડે તેવી વાનગી બનાવ.

૩. સહન કર : પિયરથી સાસરે જતાંવેત મનથી વિરુદ્ધની ઘણી વાતો થવાની ત્યારે અકળાઈને ઉકળી ન પડી ઘરનાં સભ્યોની વિવિધ લાગણીયો સ્ત્રીએ ઓળખીને સમાયોજીત થવાનું છે.

૪. સંયમ રાખ : ખાવા - પીવામાં, પહેરવા - ઓઢવામાં, હરવા-ફરવામાં મનનું ધાર્યુ ન કર. સૌના ગમા અણગમા જાણીને મન પર કાબુ રાખ, વાણીમાંથી ઉછાછળાપણું જાય અને ગાંભીર્ય આવે તે માટે જાણી - જોઈને પ્રયત્ન કરીને સંયમ રાખવો.

૫. શિસ્ત રાખ : વડિલો સમક્ષ શિસ્ત રાખવી.

૬. શ્રૃંગાર કર : પતિની સાથે કદાપિ લઘરવઘર ન જા, પતિની સામે સદા પ્રસન્ન વદન રાખ, હંમેશા સુંદર દેખાવવાનો પ્રયત્ન કર. જે સ્ત્રી પોતાને શણગારવામાં આળસ કરે છે, તેનો પતિ તેના પ્રત્યે બેધ્યાન બને છે. સ્ત્રીઓ મરણ - પર્યંત દેહ - લાલિત્ય ન ગુમાવવું.

૭. સ્વભાવ હસમુખો રાખ : થાકેલો કંટાળેલો પતિ કદાચ ગુસ્સો કરે તો પણ તારૂં હૃદય વિશાળ રાખીને ચહેરો હસમુખો રાખ. કકળાટ કરતી સ્ત્રી કદાપિ કોઈનેય પસંદ નથી.

૮. શોભા બન : શોભા એટલે લક્ષ્મી ઘરની લક્ષ્મી એવી હોય કે જેને જોઈને સૌ રાજી થાય. તેને જોઈને સૌ પ્રસન્ન થાય તેવું વર્તન કર.

૯. સાચી બન : નાની નાની બાબતોમાં ઘડીક ઘડીકમાં જુઠ્ઠુ ન બોલ. સત્ય બોલવામાં નિર્ભયતા છે. પ્રિય બોલવું અને સત્ય બોલવું કઠણ છે, પણ અશક્ય નથી. સાચું જરૂર બોલ પણ સામે વાળાનું મન મરી ન જાય તેવું મર્મવાક્ય ન બોલ.

૧૦. સેવિંગ્સ (બચત) કર : ઘરની આવક જાણીને તેમાં બચત રહે, એટલો જ ખર્ચ કર. દેખા દેખી કે શોખ ખાતર ખર્ચ ન કર, ક્યા સમયે કઈ વિપત્તિ આવશે ને ક્યો ખર્ચ થશે કોઈનેય ખબર નથી, માટે લાંબા ગાળાનો વિચાર કરીને ખર્ચ કર.

૧૧. સમર્પિત બન : જે પતિ મળયો છે, જેવો પતિ મળયો છે તેના ગુણનું ચિંતન કર. અહં ન રાખ, બાંધ છોડ કર.

૧૨. સ્તુતિ કર : વાહ, વાહ કર. ઘરનાં દરેક સભ્યોની સ્તુતિ જુદી જુદી રીતે કર. દોષ ખબર પડે છતાં દોષ વર્ણન કોઈનીયે પાસે ન કર જેને વાહ વાહ બોલતાં આવડે છે, તે જીવન જીતે છે.

૧૩. સેવા કર : તારા પતિને નાનાથી મોટો કરનાર તેના માતા પિતા ને શંકર - પાર્વતિ સમજીને તેમની જીવન જરૂરીયાત પુરી પાડ. તેમની પાછલી ઉંમરે થતા જતા ચીડીયા સ્વભાવને સહન કર.

૧૪. શાંત, સ્થિર અને સાત્વિક મન રાખ : શાંતિથી સૌનું સાંભળ, બડબડન કર તો તારૂ પણ ..... તેવાં પુસ્તકો ન વાંચ.

૧૫. સુખ જો : મને ભલે દુઃખ પડે, તમે સુખી થાવ, તમારા માટે હું ત્યાગ કરીશ, તમને સૌને ખવડાવીશ, પીવડાવીશ, આંનદ કરાવીશ આમ બીજાને માટે દુઃખ સહન કરનારને લાંબા ગાળે સુખ મળે છે.

૧૬. સંતાનને સંસ્કારી બનાવ : પ્રભુ જે સંતાન આપે (પુત્ર કે પુત્રી) તેને પ્રભુનો પ્રસાદ સમજ. તેમની દેખતાં અજુગતું વર્તન ન કર. તેમનાં ગુરૂ બનીને માર્ગદર્શન આપ.

૧૭. સખી બન : પતિની ગુલામડી ન બન. તેમ જ માલીકણ પણ ન બન. પતિની મિત્ર બન. એક મિત્ર બીજા મિત્રનું કદાપિ અપમાન કરતો નથી.

૧૮. સતી બન : સત એટલે ભગવાન, જે સ્ત્રી પોતે ભક્તિથી ભગવાન તરફ વળે છે અને પોતાના કુટુંબીજનોને ભગવાન તરફ વાળે છે તે સ્ત્રી સતી છે. સંસ્કૃતિનું કાર્ય કરવાની તમન્ના રાખ. સત્ અને સંસ્કૃતિ વગરનું જીવન નમક અને ગોળ વગરની કઢી જેવું છે.

જીવનમાં ઉતારે આ અધ્યાય અટાર
તેને સુખ - સંપત્તિ મળે અપરંપાર !

કુટુંબમાં સ્ત્રીઓની જેમ પુરૂષોની પણ જવાબદારીઓ છે :

૧. માણસ એ મશીન નથી કે એક બટન બંધ કરવાથી અમુક વાતો ભૂલાઈ જાય અને બીજું મગજમાં ઉતરી જાય. પત્નિનું પિયરનું મમત્વ છુટતું નથી. પતિ અને તેના પરિવાર ઉપર પ્રેમ થતાં અમુક સમય લાગે છે ત્યાં સુધી પત્નિનું મન વધુ સંભાળવું.

૨. પતિના ઘરનાં શિક્ષણ - સંસ્કાર, રીતરિવાજ, ખાવા - પીવાની આદતો, પહેરવા ઓઢવાની પરંપરા પત્નિને પ્રેમ અને ભાવથી સમજાવવા. કન્યા છે, પરંપરા લાવી છે તેને એક ઝાટકે તોડી ન નાખવી, ધીરે - ધીરે પ્રેમથી સમજાવવી. સાસુ જેઠાણી વિગેરે વડીલોએ ધીરજથી અને દક્ષતાથી આ કાર્ય કરવું.

૩. પતિએ - પરિવાર, પત્નિ અને પૈસાનું મહત્વ ઓછું ન કરતાં પરમેશ્વર ને પામવા પ્રયત્ન કરવો. ભોગ અને ભક્તિનાં સમન્યવથી જીવનમાં સુગંધ આવશે.

૪. મા અને પત્નિ બન્ને ને સાચવવાની અઘરામાં અઘરી કસોટી લગ્ન પછી થાય છે. "છોકરો બદલાઈ ગયો છે" એવી છાપ ઉભી ન થવા દેવી. મા - બાપ તથા વડીલો પાસે પહેલાની જેમ જ લાડ કરવા સમય આપવો. તેવી જ રીતે પત્નિની ઈચ્છા પણ પૂરી કરવી. પત્નિને એમ ન લાગવા દેવું કે મારૂ સ્થાન 'એમના' હૃદયમાં નથી. બન્ને ને વારાફરતી યોગ્ય મહત્વ પુરૂષે આપવું.

૫. પત્નિની પાસે કદાપિ પોતાના મા-બાપ, ભાઈ-બહેન વિ. ની નિંદા ન કરવી. તેમનાં ગુણ - વર્ણન કરવા જેથી પત્નિ ને પણ તે સૌ માટે ભાવ નિર્માણ થાય.

ઘરમાં વડીલોએ યોગ્ય સમયે યોગ્ય રીતે બધાં નાનાને ભલામણ કરવી. પક્ષપાત ન કરવો. મોટાં ને જોઈને નાના વર્તે. ઉપરોક્ત વાતોમાંથી એક પણ એવી નથી જે જીવનમાં ન ઉતારી શકાય આ વધી વાતો કુટુંબનાં સર્વે ઉપર લાગુ પડે છે. આ વાતો કાંઈ ઉપદેશ તરીકે નથી. પરંતુ એક આદર્શ કુટુંબ તથા ભાવ નિર્માણ માટે એક આધાર સ્તંભરૂપી પારિવારિક વિચારધારા તથા સ્થાપિત સિદ્ધાંત છે.

આપણું કુટુંબ-જીવન ઘડવાની જવાબદારી આપણી છે તેમાંથી છટકી શકાય તેમ નથી. આપણે સૌ રજત જયંતી મહોત્સવ નિમિત્તે મા ઉમિયા તેમજ પરમકૃપાળુ પરમાત્માં પાસે પ્રાર્થના કરીયે કે આ વિચારો જીવનમાં ઉતરે તેવી બુદ્ધિ, શક્તિ તથા સદ્ઈચ્છા આપે.

● શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ, ઈન્દોરની સ્મરણિકામાંથી....

હરીલાલ કે. પટેલ
(ઈન્દોર)

સમાજમાં ઉચ્ચ સ્થાન મેળવવાનો રાહ

મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. એક સમાન સંસ્કૃતિ ધરાવતો સમુહ એટલે જ સમાજ, એક સમાજ સમાન વ્યવસાય ધરાવનારાઆનો હોય છે જેને એસોસીએશન કે ચેમ્બર કહે છે. એક સમાજ ફુરસદનો સમય વ્યતીત કરવા માટેનો હોય છે જેને ક્લબ કહે છે. વ્યક્તિ અને સમાજ એક બીજાનાં પુરક છે. સમાજમાં વધારેમાં વધારે ભળવાથી વધારે વ્યક્તિઓને જાણવાનો તેમજ સફળ વ્યક્તિઓથી ઘણું શીખવાનું મળે છે. હંમેશા યાદ રાખવું જોઈએ કે સમાજને આપણાં કરતાં આપણને સમાજની વધારે જરૂરત હોય છે.

શરૂઆતમાં રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની, પારીવારીક સમાજીક કે અન્ય સાર્વજનિક આયોજનોમાં અને ઉત્સવોમાં જેમ બની શકે તેમ વધારે ઉપસ્થિત રહેવાની અને નવા પરિચયો કેળવવાની કોશીશ કરો. જે નાથી પણ મળો તેને મહત્વ આપી ઉમળકાથી મળો પોતાને એકદમ અલગ થલગ કે રીર્જવ બનવા દેશો નહી. આ બાબતમાં યુવાનવયે સભાનપણે પ્રયત્નો કરવાની પાછળથી તે તમારા સ્વભાવમાં વણાઈ જશે.

સમાજનાં મેળાવડા કે મિટીંગ માં હંમેશા હાજરી આપો સમાજના પ્રભાવશાળી આગેવાનો અને વડીલોનાં સંપર્કમાં રહી તેમને આદર આપવાનો તેમની વાતોને ધ્યાનથી સાંભળવાનો સભાનપણે પ્રયત્ન કરો. શરૂઆતના તબક્કામાં વડીલોની કે સીનીયરોની વાતને ઉતાવળે કાપવાની કે ક્રોસીંગ કરવાને બદલે તેમની રાય પ્રત્યે આદર દર્શાવો તેમજ સમયે સમયે જરૂર પડે સમર્થન દર્શાવો. યોગ્ય લાગે ત્યાં પોતાના સુઝાવો નમ્રતાથી આપો. આગ્રહ રાખવો નહી. સમાજનું કોઈ પણ કર્ય કરવામાં તત્પરતા બતાવો અને પ્રાથમિકતા આપીને પુરૂં કરો આટલુ કરતા રહો અને પ્રતીક્ષા કરો. ટુંકા સમયમાં ચમત્કાર થશે તમને અનુભવ મળવાની સાથે સાથે આગેવાનો સાથેનાં સંબંધોમાં નિકટતા આવશે. તેમના તરફથી પ્રોત્સાહન મળવા લાગશે જેથી વહેલી તકે સમાજમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકશો.

સમાજમાં દરેક વ્યક્તિનું પોતાના સ્વભાવ અને વર્તન પ્રમાણે અલગ અલગ સ્થાન અને ઓળખાણ હોય છે. જેને અનુરૂપ ઘણીવાર સમાજમાં તેનાં ઉપનામો પણ પ્રચલિત થાય છે. સમાજમાં આપનું પોતાનું એક વિશિષ્ઠ અને એક અલગ આગવું સ્થાન બનાવવું આપના પોતાના હાથમાં છે કારણ તમારા દરેકે-દરેક કાર્યનું બીજાઓ દ્વારા ઓટોમેટીક પણે મુલ્યાંકન થતું હોય છે. દરેક વ્યક્તિમાં કાર્ય કરવાની અને વિચારવાની શક્તિ અલગ અલગ હોય છે. જેથી સમાજમાં વિચારોમાં મતભેદ સામાન્ય હોય છે. પ્રયાસ કરતા રહો કે વિચારોનાં મતભેદને પૂર્વાગ્રહમાં બદલવાને બદલે આપ જેને પણ મળો તેનાં હાલચાલ પુછવાનું ભુલશો નહી. આમ આપ જેના પણ પરિચયમાં આવો

તેનાથી સારા સંબંધ બનાવવાના પ્રયાસ કરતા રહો.

આજે સમાજને સૌથી વધારે હેરાન કરતો ગ્રહ છે પૂર્વાગ્રહ જેના થકી સમાજમાં એકબીજા પ્રત્યે અભાવ ઉત્પન્ન થાય છે. જેમ પીલીયો થયો હોય તેને બધું પીળું દેખાય તેમ પૂર્વાગ્રહયુક્ત વ્યક્તિને બીજાઓના દરેક કાર્યમાં દોષ અને ત્રુટીઓજ દેખાય છે. જેને લઈને ઘણીવાર પોતે પોતાના હાથે સમાજમાં અપ્રિય બને છે. કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ વિષિય પર ક્યારેય પૂર્વાગ્રહ રાખશો નહીં. હંમેસા ઉપસ્થિત વિષય પર પૂરો વિચાર કરો, પોતાની રાય તુરંત કે પછી જલ્દીબાજીમાં આપશો નહી, અન્યોનાં વિચારોને શાંતિતી સાંભળો હંમેશા સમાજના હિત અને વધારે સદસ્યોનીરાયને અનુલક્ષી એવી સલાહ આપવાની કોશીશ કરો જેનું પાલન થવાની વધારે શક્યતા હોય. હંમેશા યાદ રાખો કે તમે જે ચાહો છો તે થોપવા કરતાં તમારી સલાહ બીજાઓને ગળે ઉતરે છે કે નહી તે વધારે મહત્વનું છે. આમ કરીને આપ આપના મહત્વમાં વધારો કરી શકશો અને ધીરે ધીરે સમાજમાં આપનું એક મહત્વનું સ્થાન બનતું જશે.

આજની જીવન પધ્ધતિમાં પોતાના અહમને પોષાવા કે પોતાનો કક્કો ખરો કરવા કે થોડાસા લાભ કે પછી બીજાઓનાં વિરોધ માટે ખોટું બોલવાનું પ્રમાણ વધી રહ્યું છે. ખોટું ક્યાંય છુપાતું નથી થોડા કે વધારે સમયમાં ખુલ્લું પડી જાય છે. ખોટાબોલા કે ફરી જનાર વ્યક્તિ ચાહે ગમે તેટલી પૈસાપાત્ર ધનવાન કે વડીલ હોય સમાજમાં સન્માન પ્રતિષ્ઠા કે પછી આદર ને પાત્ર લાંબો સમય રહી સકતી નથી. બિનજરૂરી ખોટું બોલવા કરતાં ચુપ રહેવું વધારે ઉચિત છે. હંમેશા યાદ રાખજો કે અન્યોની સાચી કે ખોટી નિંદા કરી પોતાના જ અહમ ને પોષનાર વહેલા મોડા પોતાના હાથે જ સમાજમાંથી ફેંકાઈ જાય છે. સમાજમાં આખાબોલા થઈને કોઈની ટીકા કે નિંદા કરવાથી નાહકની પીડા અને દુઃખદ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. તમારી જાતને કે તમારાં કાર્યને જબરદસ્તીથી વ્યાજબી ઠરાવવાના પ્રયત્નો બંધ કરી ટીકા નિંદા અપમાન આ બધું જ સાંભળવાનું અને બાલવાનું સાહજીક બની ગયું છે. સાંભળવા વિશે કંઈ કરી શકાય નહી પરંતુ બોલવું ન બોલવું આપણાં હાથ માં છે. હંમેશા યાદ રાખો કે બોલાયેલા શબ્દોના ઘા રૂંઝાતા નથી હલકા શબ્દો બોલાય અને ખેદ અનુભવવો પડે તેનાં કરતાં શાંત રહેવું વધારે ઉચિત છે. દરેક વ્યક્તિમાં બે પાંસા હોય છે, કહ્યું છે કે "સંપુર્ણ જગતમાં ઈશ્વર એકજ માનવી માત્ર અધુરાં" તેમ કોઈ પણ વ્યક્તિ સંપુર્ણ નથી. હંમેશા દરેક વ્યક્તિમાં રહેલ સારા પાસાની ચિનગારીને પ્રસંશાનાં શબ્દોથી પ્રજવલિત કરી શકશો. ટીકા અદેખાઈ અને સમાજના અભાવ વડે સારાં પાસાંની ચિનગારીને ઓલવી નાખવાનો પ્રયત્ન કરો. પોતાનો કિંમતી સમય બીજાઓનીનિંદા કરવામાં કે કોઈ ને ઉતારી પાડવાની કોશીષ માં બરબાદ કરશો નહી તેમાંથી તમોને કશોજ ફાયદો થવાનો નથી. બેના ઝગડામાં હંમેશા ત્રીજો ફાવે છે. આપણે બીજાઓનાં દોષ ને બદલે ગુણ જોવાનું શરૂ કરશું ત્યારે શત્રુઓ કરતાં મિત્રોની સંખ્યા વધશે અને જીંદગી જીવવામાં સાચો સંતોષ અને આનંદ મળશે. જે સિંહ શિકાર

પર તુટતી વખતે ત્રાડ પાડતો નથી તેમ અન્યોની ટીકા રૂપી ત્રાડમાં સમય વેડફવાને બદલે મૌન રહીને શિકારરૂપી કાર્ય કરો. તમારાં કાર્યને જ બોલવા દો કાર્ય બોલશે એટલે દુનિયા પોતે ગુણગાન ગાશે. પીઠ પાછળ નિંદા કરનાર વ્યક્તિનો ભરોસો ક્યારેય કરવો નહી. બીજાની નિંદા તમારી પાસે કરનાર વ્યક્તિ બીજાઓ સામે નિંદા કરશે તેટલું ચોક્કસ સમજી લેજો.

હંમેશા તમે જે કરતા હો તે દરેક ક્ષેત્રે સર્વોત્તમની અપેક્ષા રાખો પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ રાખતાં શીખો, જાતને મર્યાદામાં બાંધશો નહી તેમજ હીન ભાવના કે લઘુતાગ્રંથી પાળશો નહીં. બીજાઓ કરી ગયા છે તે પ્રમાણે જ કરવું છે તેવી ગ્રંથી રાખવા કરતાં અનુભવોથી શીખીને નવા પ્રયોગો અપનાવો. તાત્કાલિક સફળતા કે પરિણામ ન મળતાં હતાશ ન થાઓ પરંતુ નિષ્ઠાપુર્વક પોતાના પર વિશ્વાસ રાખી કાર્ય કરતા રહો. ધીરે ધીરે અદભુત પરિણામ દેખાવા લાગશે. કોઈ પણ કાર્ય (ધંધાકીય કે સામાજીક) સરસ રીતે કરવું હોય તો સતત અભ્યાસ કરતાં રહો. ક્યારેય પોતાને સંપુર્ણ માનો નહી પરંતુ જીવનભર વિદ્યાર્થી બની રહો. અનુભવો આપણાંને શિખવાડે છે. પોતે કરેલી ભુલોને ઓળખતાં અને સ્વીકારતાં શીખો તમારી આગળના આગેવાનો અને વડીલોએ કરેલ કાર્યો અને તેમને સાંપડેલ નિષ્ફળતાઓનું પણ મુલ્યાંકન કરતાં શીખો. આંધળું અનુકરણ કરવા કરતાં પોતાનાં અને બીજાઓના અનુભવોમાંથી શિક્ષા લેનાર અને ભુલોનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેનાર ભવિષ્યમાં નિષ્ફળ થતો નથી.

ઘણી વખતે પરિસ્થીતીઓ વિપરીત થવાથી હતાશ થઈ જવાય છે. પરંતુ જ્યારે એક દ્વાર બંધ થાય છે ત્યારે બીજું નવું દ્વાર વધુ મહાન, અદભુતતાઓવાળું ઉઘડશે તેવી અપેક્ષા રાખો જીવનમાં વિકલ્પો ક્યારેય ખુટતા નથી અને જે તક ઝડપી શકાઈ ન હતી એ તક છેલ્લી હોતી નથી જીંદગી ઘણી લાંબી છે અને અવસરો અને ચમત્કારોથી ભરપુર છે. તમારી સામે એક દ્વાર બંધ થાય ત્યારે ક્યારેય નાહિંમત ન થશો કોઈ પણ નિષ્ફળતાને ભવિષ્યની સફળતા માટેની સીડી બાનાવજો.

આજકાલ ધાર્મીક વિવાદો સામાન્ય છે. જેને લઈને ઉગ્રતા આવી જાય છે અને વગર ફોક્ટમાં સંબંધમાં તનાવ ઉત્પન્ન થઈ જાય છે. ક્યારેય પણ ધાર્મિક વિવાદોમાં પડશો નહી. ધર્મ એ શ્રદ્ધાનો વિષય છે જેના આધારે વ્યક્તિની જીંદગીની યાત્રા જન્મથી લઈને મૃત્યુ સુધીની વિવિધ તબક્કાઓમાં એકબીજાને સહારે વ્યવસ્થિતપણે ગુજરે છે. ધાર્મિક એકતાનો વિષય અખિલ ભારતીય સંગઠન ઉપર તેને અનુસરવાની માનસિકતા કેળવો. માનસિક શાંતિ માટે તેમોને જેના ઉપર આસ્થા અને શ્રદ્ધા હોય તેને અનુસરો કદાપિ બીજાઓની શ્રદ્ધા ઉપર ટીકા ટિપ્પણીકે વણમાંગી અનધિકૃત સલાહ આપવાની કોશીષ કરશો નહીં.

કોઈ પણ સમાજમાં નેતૃત્વ મેળવવા માટે અસરકારક વક્તૃત્વ કળા શીખવાનું

જરૂરી છે. આપણો ચહેરો કે શરીરનું બંધારણ ફીલ્મી હીરો કે હીરોઈન જેવું બનાવવાનું આપણાં હાથમાં નથી. પરંતુ થોડા અભ્યાસ અને મહેનત થી અસરકારક બોલવાની કળા શીખી શકાય છે. તેના માટે નીચેનાં મુદ્દાઓ પર ધ્યાન આપો.

૧. દરેક પ્રકારના વક્તાઓને ધ્યાનથી સાંભળો ટી.વી. ઉપર સારા વક્તાોનું અવલોકન કરો. શ્રોતા તરીકે આપને શું પસંદ પડે છે અને શેનાથી બોર થાઓ છો તેનો પોતે અનુભવ કરો. દિવાળીના સ્નેહમિલન જેવા કાર્યક્રમોમાં જેમા ફક્ત અભિનંદનોજ આપવાના હોય છે તેમાં મળતી તક ઝડપી લો આત્મવિશ્વાસ વધશે. સારાં સામયિકો અને લેખોનું હંમેશા વાંચન કરતા રહો જેનાથી જ્ઞાનની સાથે શબ્દભંડોળ વધશે.

૨. વિષય અને શ્રોતાઓનું સ્ટાન્ડર્ડ ધ્યાનમાં રાખીને અગાઉથી પૂર્વ તૈયારી કરો અને ભાષણને પોતાના શબ્દોમાં લખી લો. સમારંભના પ્રમુખશ્રી અને આદરણીય મહેમાનથી શરૂ કરો. નામો બોલવાથી તેમને સાંરૂ લાગશે તમારી પહેલાં ઘણા વક્તા બોલી ગયા હોય તો શેર કે ચોંકાવનારા વિધાનથી શરૂઆત કરો કોઈ વક્તા કુળદેવીના નામથી શરૂઆત કરતા હોય છે. શેર અથવા ચોંકાવનારા વિધાનથી શરૂઆત કરવાથી લોકોમાં સાંભળવાની ઉત્કંઠા જાગૃત કરી શકાય. મધ્યભાગમાં વિષયને અનુરૂપ પોતાના વિચારો પોતાના શબ્દોમાં ઉદારણો સહિત જણાવો. વિચારો એકબીજાનાં પુરક હોવા જોઈએ. પરસ્પર વિરોધી નહી તેનાં ખ્યાલ રાખો. એકજ વિચારને વારંવાર રિપીટ કરશો નહી. અંત ભાગમાં શ્રોતાઓએ શું કરવું જોઈએ તેની પ્રેરણા અને સમજ આપો. અંતે શ્રોતાઓ અને આયોજકોનો આભાર માનીને પુરૂં કરો. ભાષણ કેટલું લાંબુ છે તેનું મહત્વ નથી પરંતુ જેટલું મુદાસરનું હશે તેટલું અસરકારક રહેશે.

૩. તૈયાર કરેલ ભાષણને વાંરવાર વાંચી નાખો અને તેના વિચારોને પચાવી લો. મુખ્ય મુદાઓ એક નાના કાર્ડ ઉપર લખી નાખો જે ભાષણ દરમિયાન હાથમાં કે ડાયસ ઉપર રાખી શકાય શરૂઆતમાં ભાષણો અગાઉ અરીસા સામે રીહર્સલો કરવાથી આત્મવિશ્વાસ વધશે. ભાષણની શરૂઆત અગાઉ દરેક વક્તા તાણમાં હોય છે તેના ઉપર કાબુ મેળવવાની કોશીશ કરો, વારંવાર જાહેરમાં બોલવાથી તાણ ઉપર કાબુ મેળવી શકાય છે.

૪. તમારૂં નામ બોલાય એટલે સામાન્યપણે ઉઠીને શ્રોતાઓ સામે સહેજ હસીને આત્મવિશ્વાસ પૂર્વક સ્ટેજપર જઈને ડાયસની પાછળ ઉભા રહીને ઉંડોશ્વાસ લઈને પછી શરૂઆત કરો માઈકથી ગભરાય વગર સ્વાભાવિક રહેવાની કોશીશ કરો. કોઈ મુદા ન રહે તો કાર્ડ પર નજર ફેરવી લો. હંમેશા ધીરે ધીરે બોલવાનો પ્રયત્ન કરો જેથી શબ્દો ગોતવામાં સરળતા રહેશે. કોઈ શબ્દ ન મળે તો વધારે સમય ન

અટકતા જે યાદ હોય તે બોલી નાખો શ્રોતાઓ આપણામાનાજ છે તેમ સમજી સ્વાભાવિક વર્તન કરો. હંમેશા બોલતી વખતે અલગ અલગ દિશામાં શ્રોતાઓ સાથે આંખ મળાવીને તમારી વાત કરો તેનો પ્રભાવ પડશે ધીરે ધીરે શબ્દોની સાથે હાથનો પ્રયોગ કરતાં શીખો. બની શકે ત્યાં સુધી લખેલું ભાષણ વાંચવુ નહીં. અસરકારક વકતૃત્વ કળા શીખવી નેતૃત્વ માટે અનિવાર્ય છે. આ કળા શીખવાથી સામાન્ય વ્યક્તિ લાયકાત કરતાં પણ વધુ માન સમાજમાં મેળવી શકે છે.

સમાજમાં નેતૃત્વ સંભાળવા માટે કોઈ પણ સમાજની સર્વસાધારણ કાર્યપદ્ધતિની સમજણ હોવી જરૂરી છે. લડાઈમાં જે સેના જનરલથી લઈને સાધારણ સૈનિક સુધી અનુશાસિત અને સંગઠિત હોય છે તેજ સેના હંમેશા વિજયી બને છે તેમ સમાજની પ્રગતિ માટે પ્રમુખથી લઈને સાધારણ સદસ્ય સુધીનું અનુશાસન અને સંગઠન જરૂરી છે.

કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ કર્યા અને સફળતા મેળવ્યા પછી તંદુરસ્તી અને આરોગ્ય વિના જીવનનાં સર્વે સુખો ઉપલબ્ધ હોવા છતાં ભોગવી શકાતાં નથી. જીંદગી ઘણીજ કિંમતી છે ઈશ્વર તરફથી અનમોલ ઉપહાર છે. તેના જતન માટે ઓછામાં ઓછું આટલું કરો.

૧. જીવનમાં બેઠાડું જીવન કે ખુરશીવાળી જીંદગી હોય તો સવારમાં શક્તિમુજબ આસનો કે કસરતો કરવી જોઈયે. નિયમિત સવારના એક લોટો ખાલી પેટ પાણી પી અડધો કલાક સતત ચાલવું જોઈએ.

૨. સવારના ઉઠીને અને સૂતાં પહેલાં નિયમિત બે વખત બ્રસ કરો તેમજ શરીરને નિયમીત સ્વચ્છ રાખો.

૩. ખોરાકમાં નિયમિત પણે, ફળ, શાકભાજી, ફણગાવેલા મગ વગેરે લેવા જોઈએ નિયમિત સાદું ભોજન લો ભરપેટ ક્યારેય જમવું નહી. આલ્કોહોલ, તમાકું અને નશાખોરીથી દૂર રહેવાનો પ્રયત્ન કરો.

૪. ચાલીસ વર્ષની ઉંમર પછી નુકસાનકારક સફેદ ઝેર જેવા સાકર, નમક અને ઘી તેલનો પ્રયોગ જેટલો બની શકે તેટલો ઓછામાં ઓછો કરી નાખો.

૫. મનની શાંતિ માટે સવારના પરવારીને તમોને જે ઈશ્વર પર શ્રદ્ધા હોય તેની પ્રાર્થના કરો અને સાંજે ઈશ્વરનો આભાર માનો પછી રાત્રે નિયમીત પૂરતી ઉંઘ કરી સવારના સમયસર ઉઠી જાવ. દિવસનાં ઉંઘવું નહી, સમય હોય તો બપોર પછી ફક્ત અડધો કલાક ઉંઘ લઈ શકાય.

૬. પોતાના ગમા અણગમા ને લઈને કે પછી નાની મોટી વાતે ગુસ્સો આવી જાય કે મગજની કમાન છટકવા માડે ત્યારે સૌથી વધારે નુકસાન પોતાનેજ થાય છે. ગુસ્સો આવે તો એકાંતમાં ચાલ્યા જાવ ધીરે ધીરે શાંત થઈ જશે. ગુસ્સાપર કાબુ મેળવવાની

કોશીશ કરતા રહો.

૭. જીવનસાથીનાં સારાં કાર્યોની હંમેશા પ્રશંસા કરો, દલીલબાજી કરવા કરતાં જીવનસાથીને વિજયી બનાવશો તો તેમાં તમારૂં કંઈ લુટાઈ જવાનું નથી. વાત સ્ત્રી અને પુરૂષ બંનેને સમાન રૂપે લાગુ પડે છે. ભુતકાળની ભુલોને યાદ ન રાખતા ભુલી, ક્યારેય પણ ઘરમાં કે કુંટુંબમાં વિવાદ સર્જાય તો જુની વાતો કાઢવાને બદલે વિવાદનો વહેલીતકે અંત કરવા કુટુંબ વડીલો કે સગાંવહાલા પર વિશ્વાસ રાખવાનો પ્રયાસ કરો, પોતાના જ સાથે બીજા પક્ષની જગ્યાએ પોતાને મુકીને વિચાર કરશો તો કોઈ પણ સમસ્યાનો રસ્તો મળી શકશે.

૮. સંતાનોને તેમની રૂચી પ્રમાણે ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરીત કરો.

૯. બીજાનાં બગીચાનાં ફુલ સૌને ગમે છે. પારકું બધુંજ સુંદર લાગે છે. પારકાં છોકરાં પણ હોશિયાર જણાય છે. આમ અફસોસ કરતાં રહીને જે આપણી પાસે છે તે માણવાનું ચુકી જઈએ છીએ. બીજાની સાથે તુલના કરવામાં સમય શક્તિ અને મનની શાંતિ બગાડશો નહી તમે જે છો જેવા છો તેનો સ્વીકાર કરશો તો જીવન ઘણુંજ સરળ લાગશે.

જો તમારાથી કોઈના પણ ભલામાં ભાગ ન લઈ શકાય તો પણ વાંધો નહી પરંતુ ક્યારેય કોઈનું પણ બુરૂં કરવામાં ભાગીદાર બનશો નહીં. ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે "કર્મ કરતો જા ફળની ઈચ્છા રાખ નહીં" પોતાના કે પોતાના કુટુંબના સ્વાર્થ માટે દુનિયાં દરેક પશુ પ્રાણી કાર્ય કરે છે પરંતુ માણસ જ પોતાના સ્વાર્થ સિવાય અન્ય માટે પણ કાર્ય કરે છે અને કરી શકે છે. જે માણસ પોતાના સ્વાર્થ સાધવા જીવનમાં અન્ય માટે કશુંજ કાર્ય કરતો નથી તેનામાં અને પશુમાં કશોજ ફર્ક રહેતો નથી. સાચા ખંતથી અને નિર્મળ મનથી કરેલ કોઈ પણ કાર્ય નિષ્ફળ જતું નથી. તમારૂ કાર્ય અને સર્વશ્રેષ્ઠ કાર્ય કરવા માટેની તમારી મહેનત આ દુનિયાની કોઈપણ સમાજમાં તમારૂ પોતાનું આગવું એક વિશિષ્ઠ સ્થાન બનાવી શકે છે.

● શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ, ઈન્દોરની સ્મરણિકામાંથી....

હરીલાલ કે. પટેલ
(ઈન્દોર)

હીરક જયંતી મહોત્સવ

આયોજન સમિતિ

માવજી વસ્તા રૂડાણી - પ્રમુખ શ્રી વિરાણી પાટીદાર સમાજ - વિરાણી મોટી,
આયોજન પ્રમુખશ્રી
